
WORLD BHARUCHI VAHORA FEDERATION
WBVF

We Can Do it...! MISSION EVEREST WBVF

# કારકિર્દીની નવી ક્ષિતિજો :

## પેટ્રોલિયમ, પેટ્રોકેમિકલ , રિફાઇનરી, મેટ્રો, સ્ટેડિયમ, એરપોર્ટ અને અન્ય ઉદ્યોગો

> “ભવિષ્ય તેમનું છે, જે પોતાના સપનાઓની સુંદરતામાં વિશ્વાસ રાખે છે અને તેને પૂર્ણ કરવાની હિંમત રાખે છે.”




આજના ઝડપથી બદલાતા અને કઠોર સ્પર્ધાત્મક વિશ્વમાં, જે લોકો આત્મવિશ્વાસ અને અવિરત મહેનત સાથે નવા ક્ષેત્રોમાં આગળ વધે છે, તેઓ નોંધપાત્ર સફળતા પ્રાપ્ત કરે છે. જ્યારે બીજી તરફ, પરંપરાગત ક્ષેત્રોમાં જ સીમિત રહેનારા લોકો વૈશ્વિક સ્તરે ઉપલબ્ધ અસંખ્ય રોમાંચક તકોમાંથી મોટો હિસ્સો ગુમાવી દે છે.

**નાસીરહુસેન અહમદ લોટીયા**

# કારકિર્દીની નવી ક્ષિતિજો

## પેટ્રોલિયમ, પેટ્રોકેમિકલ, રિફાઇનરી, મેટ્રો, સ્ટેડિયમ, એરપોર્ટ અને અન્ય ઉદ્યોગો

**લેખન અને સંપાદન: નાસીરહુસેન લોટીયા**

**કારકિર્દીની નવી ક્ષિતિજો**

**પેટ્રોલિયમ, પેટ્રોકેમિકલ, રિફાઇનરી, મેટ્રો, સ્ટેડિયમ, એરપોર્ટ અને અન્ય ઉદ્યોગો**

© ૨૦૨૬ નાસીરહુસેન લોટીયા અને વર્લ્ડ ભરૂચી વહોરા ફેડરેશન

પ્રથમ આવૃત્તિ: ૨૦૨૬

પૃષ્ઠ: ૧૭૪

કિંમત: વિનામૂલ્યે

**લેખન અને સંપાદન**

નાસીરહુસેન લોટીયા

**પ્રકાશક**

વર્લ્ડ ભરૂચી વહોરા ફેડરેશન

WBVF મુખ્ય કાર્યાલય

આરજુ સોસાયટી, જંબુસર બાયપાસ બ્રિજ,

સર્વિસ રોડ, ભરૂચ, ગુજરાત – ૩૯૨૦૦૧

**ટાઇપસેટિંગ**

નાસીરહુસેન લોટીયા

# સૂચિ


| ક્રમ | અધ્યાય | પૃષ્ઠ |
| --- | --- | --- |
| **૧. જ્ઞાન, દૃષ્ટિ, તાલીમ અને યોગ્ય માર્ગદર્શન — સફળ વૈશ્વિક કારકિર્દીના ચાર મજબૂત આધારસ્તંભ** | | 6 |
| **૨. “Yes, We Can.” — એક વિશ્વાસ, જે જીવનની દિશા બદલી શકે** | | 16 |
| **૩. શયબાન ઇરફાન બોડા**<br>એક સપનું, જે સમગ્ર સમાજની આશા બન્યું | | 19 |
| **૪. અમીન ગુલામ ઇપલી**<br>સતત શીખવાની તલપથી વિશ્વકક્ષાની કારકિર્દી સુધી | | 41 |
| **૫. સફવાન નસીબુલગની ચટી**<br>અનુભવથી ઘડાયેલી કારકિર્દી, વિશ્વાસથી ઊભી થયેલી ઓળખ | | 53 |
| **૬. અબ્દુલરેહમાન**<br>વિશ્વાસ, નેતૃત્વ અને વિશ્વકક્ષાના સ્ટેડિયમ સુધીની સફર | | 68 |
| **૭. મતીન બશીર મનમન**<br>ચાર વિશ્વકક્ષાના મેગા પ્રોજેક્ટ્સ, ટંકારીઆના એન્જિનિયરની અસાધારણ સફર | | 79 |
| **૮. નાસીરહુસેન અહમદ લોટીયા**<br>કારકિર્દીથી આગળ... જ્ઞાનની એક જવાબદારી | | 92 |
| **૯. આંતરરાષ્ટ્રીય કોર્સ, પ્રમાણપત્રો અને કારકિર્દી વિકાસ** | | 150 |

## WBVF કારકિર્દી માર્ગદર્શન વિભાગના વડાનો સંદેશ

અમારા વિદ્યાર્થી મિત્રો, યુવા ઇજનેરો અને વ્યવસાયિકો માટે **‘કારકિર્દીની નવી ક્ષિતિજો’** પુસ્તક રજૂ કરતાં મને અત્યંત આનંદ અને ગૌરવની લાગણી થાય છે. WBVF દ્વારા પ્રકાશિત કારકિર્દી માર્ગદર્શન શ્રેણીના પુસ્તકોમાં આ પુસ્તક વિશિષ્ટ સ્થાન ધરાવે છે. હું દરેક વિદ્યાર્થી, યુવા એન્જિનિયર અને વ્યવસાયિકને આ પુસ્તક ઓછામાં ઓછું એક વખત ધ્યાનપૂર્વક વાંચવાનો આગ્રહપૂર્વક અનુરોધ કરું છું. મને પૂર્ણ વિશ્વાસ છે કે આ પુસ્તક તેમના મનમાંથી લઘુતાગ્રંથિ દૂર કરશે, આત્મવિશ્વાસમાં વધારો કરશે અને વિશ્વકક્ષાની કારકિર્દી વિશે નવી દૃષ્ટિ આપશે.

આ પુસ્તકમાં સમાવિષ્ટ ઇજનેરોની પ્રેરણાદાયી કારકિર્દી સફર, તેમના કાર્યસ્થળોના જીવંત ફોટોગ્રાફ્સ, વિશ્વપ્રસિદ્ધ મેગા પ્રોજેક્ટ્સની ઝલક, આંતરરાષ્ટ્રીય સ્તરે કર્મચારીઓને મળતી ભવ્ય સુવિધાઓ, સલામતી પ્રત્યેની ઉચ્ચ સ્તરની પ્રતિબદ્ધતા તથા વિવિધ દેશોના વ્યાવસાયિકો વચ્ચેના પરસ્પર સહકાર અને સૌહાર્દના દૃશ્યો વાચકોને માત્ર પ્રેરણા જ નહીં આપે, પરંતુ ગલ્ફ અને આફ્રિકા જેવા દેશોમાં પોતાની કારકિર્દી ઘડવા માટે પણ ઉત્સાહિત કરશે.

આ મૂલ્યવાન પુસ્તકના લેખન માટે અમારા ટીમ સભ્ય શ્રી નાસીરહુસેન લોટીયાએ અત્યંત નિષ્ઠા અને સમર્પણની ભાવના સાથે અવિરત પરિશ્રમ કર્યો છે. તેમના આ પ્રશંસનીય પ્રયાસ માટે હું તેમને હાર્દિક અભિનંદન પાઠવું છું, દિલથી આભાર વ્યક્ત કરું છું અને આ પુસ્તકની ઉજ્જવળ સફળતા માટે હાર્દિક શુભેચ્છાઓ પાઠવું છું.

**ડૉ. મુહમ્મદ જલેબીયા**
**પ્રોજેક્ટ હેડ – કારકિર્દી માર્ગદર્શન વિભાગ**

# અર્પણ

**દુનિયાને તજુર્બાતો હવાદિસ કી શકલ મૈં**
**જો કુછ મુજ્હે દિયા હય વહ લૌટા રહા હું મૈ**

- સાહિર લુધ્યાન્વી

આ પુસ્તક મારા જીવનપ્રવાસ દરમિયાન વિશ્વના વિવિધ દેશો અને વિશ્વકક્ષાના મેગા પ્રોજેક્ટ્સ, ગુરુજનો, સહકર્મચારીઓ અને જીવનમાંથી પ્રાપ્ત થયેલ અમૂલ્ય અનુભવો, જ્ઞાન અને જીવનપાઠો પ્રત્યેની કૃતજ્ઞતાનું નમ્ર અર્પણ છે.

મારો દૃઢ વિશ્વાસ છે કે જીવનની સૌથી મોટી સિદ્ધિ એ નથી કે આપણે કેટલી ઊંચાઈએ પહોંચીએ; સાચી સિદ્ધિ તો એ છે કે આપણા અનુભવ, જ્ઞાન અને પ્રયત્નોથી આપણા પછી કેટલા લોકો નવી દિશા, નવો આત્મવિશ્વાસ અને વધુ ઊંચી મંઝિલ સુધી પહોંચી શકે.

વિશ્વ પાસેથી જે કંઈ શીખવા મળ્યું છે, જે કંઈ સમજવા મળ્યું અને જે કંઈ જીવને શીખવ્યું, તે જ હું આ પુસ્તકના સ્વરૂપે આગામી પેઢીને સવિનય સમર્પિત કરું છું.

જો આ પુસ્તક કોઈ એક યુવાનના મનમાં મોટું સ્વપ્ન જોવાની હિંમત જગાવી શકે, તેના મનમાંથી લઘુતાગ્રંથિની સાંકળો તોડી શકે, પોતાની ક્ષમતાઓમાં અડગ વિશ્વાસ કેળવી શકે અને તેને વિશ્વકક્ષાની કારકિર્દી તરફ પહેલું આત્મવિશ્વાસભર્યું પગલું ભરવા પ્રેરિત કરી શકે, તો મારા માટે એ જ આ પુસ્તકની સૌથી મોટી સિદ્ધિ અને મારા જીવનપ્રવાસનું સૌથી અર્થપૂર્ણ ફળ સાબિત થશે.

# ૧

# જ્ઞાન, દૃષ્ટિ, તાલીમ અને યોગ્ય માર્ગદર્શન: સફળ વૈશ્વિક કારકિર્દીના ચાર મજબૂત આધારસ્તંભ

જો આજે તમને પૂછવામાં આવે કે પાંચ-સાત વર્ષ પછી તમે તમારી જાતને ક્યાં જોવા માંગો છો, તો તમારો જવાબ શું હશે?

શું તમારું સ્વપ્ન માત્ર એક નોકરી મેળવવાનું છે? કે પછી એવું જીવન જીવવાનું છે, જેમાં તમારી પ્રતિભાને વિશ્વ ઓળખે, તમારી મહેનતને યોગ્ય મૂલ્ય મળે અને તમારું કાર્ય વિશ્વના સૌથી અદ્યતન પ્રોજેક્ટ્સનો મહત્વપૂર્ણ હિસ્સો બને?

આ પ્રશ્ન માત્ર કારકિર્દીનો નથી; તે તમારા દૃષ્ટિકોણનો છે.
ઘણા યુવાનો પ્રતિભાશાળી હોય છે, મહેનતી પણ હોય છે અને મોટા સપના પણ જુએ છે. છતાં તેઓ પોતાની ક્ષમતાથી ઘણી નાની કારકિર્દી પસંદ કરે છે. કારણ કે ઘણી વખત મર્યાદા તેમની ક્ષમતામાં નથી હોતી, પરંતુ તેમની જાણકારી, દૃષ્ટિ અને માર્ગદર્શનમાં હોય છે.

આજનો યુગ અસીમ વૈશ્વિક તકોનો યુગ છે. વિશ્વ ઝડપથી બદલાઈ રહ્યું છે અને તેની સાથે કારકિર્દીની વ્યાખ્યા પણ બદલાઈ રહી છે. આજે પેટ્રોલિયમ, ઓઈલ એન્ડ ગેસ, રિફાઇનરી, પેટ્રોકેમિકલ, એરપોર્ટ, મેટ્રો, સ્ટેડિયમ, મેગા મૉલ, બ્રિજ, સ્માર્ટ સિટીઝ અને અન્ય મેગા ઇન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સ વિશ્વના વિકાસની ધરી બની ગયા છે. આ ક્ષેત્રો માત્ર આધુનિક રાષ્ટ્રોનું નિર્માણ જ નથી કરતા, પરંતુ લાખો યુવાનોને વિશ્વકક્ષાની કારકિર્દી ઘડવાની તક પણ આપે છે.

આજે વિશ્વના અગ્રણી પ્રોજેક્ટ્સમાં ભારતીય ઇજનેરો, ટેક્નિશિયન, ઇન્સ્પેક્ટર્સ, સેફ્ટી

પ્રોફેશનલ્સ, પ્રોજેક્ટ મેનેજર્સ અને અન્ય અનેક વ્યાવસાયિકો પોતાની પ્રતિભાનો પરિચય આપી રહ્યા છે. તેમાં ગુજરાતના અને આપણા જેવા સામાન્ય ગામડાઓમાંથી નીકળેલા યુવાનો પણ સામેલ છે.
તો પછી એક સવાલ સ્વાભાવિક બને છે...
***જો તેઓ કરી શકે છે, તો તમે કેમ નહીં?***
આ જ પ્રશ્નનો જવાબ શોધવાની સફર આ પુસ્તક છે.

આ પુસ્તક તમને માત્ર વિવિધ ઉદ્યોગો વિશે માહિતી નહીં આપે; પરંતુ તે તમને એક નવી દૃષ્ટિ આપશે. એવી દૃષ્ટિ, જે તમને પરંપરાગત વિચારસરણીની સીમાઓમાંથી બહાર લાવશે અને વૈશ્વિક કારકિર્દીની અસંખ્ય અને ભવ્ય સંભાવનાઓ સાથે પરિચિત કરાવશે.

અહીં રજૂ થયેલી માહિતી કોઈ કલ્પના કે સાંભળેલી વાતો પર આધારિત નથી. આ પુસ્તકનો દરેક વિચાર વાસ્તવિક અનુભવો, આંતરરાષ્ટ્રીય પ્રોજેક્ટ્સમાં વર્ષો સુધી દરરોજના ૧૨-૧૩ કલાક, હા, નિયમિત ૧૨-૧૩ કલાક કરેલા કાર્ય, પ્રમાણભૂત માહિતી અને વ્યવહારુ જ્ઞાન પર આધારિત છે. તેમાં સમાવાયેલા વાસ્તવિક ફોટોગ્રાફ્સ અને અનુભવો આ પુસ્તકની વિશ્વસનીયતાને વધુ મજબૂત બનાવે છે.

***આ પુસ્તકમાં ઇજનેરો અને મેનેજરોના ફોટા સામાન્ય પરિધાનમાં કેમ છે? સૂટ-બૂટ-ટાઈમાં કેમ નથી?***
આ પુસ્તકનો મુખ્ય હેતુ માત્ર વિવિધ કારકિર્દીઓની માહિતી આપવાનો નથી. તેનો મૂળ હેતુ ગામડાં અને નાના શહેરોના યુવાનોના મનમાં વર્ષોથી ઘર કરી ગયેલી એક ખોટી માન્યતા દૂર કરવાનો છે—કે આંતરરાષ્ટ્રીય પ્રોજેક્ટ્સમાં કામ કરવું કે મોટા હોદ્દા સુધી પહોંચવું માત્ર મોટા શહેરોમાં ભણેલા અથવા ***વિશેષ પૃષ્ઠભૂમિ ધરાવતા વિકસિત દેશોના*** લોકો માટે જ શક્ય છે. વાસ્તવિકતા તેનાથી બિલકુલ અલગ છે. આ પુસ્તકમાં

સમાવાયેલા મોટાભાગના ઇજનેરો, મેનેજરો સામાન્ય પરિવારોમાંથી આવ્યા છે. તેઓ પણ ક્યારેક આપણા જેવા જ ગામડાંની શાળાઓમાં ભણ્યા હતા, સામાન્ય જીવન જીવ્યા હતા અને પોતાના સપનાઓને સાકાર કરવા માટે સતત મહેનત, યોગ્ય માર્ગદર્શન અને પોતાના પર અડગ વિશ્વાસના બળે વિશ્વના અગ્રણી પ્રોજેક્ટ્સમાં મહત્વના હોદ્દા સુધી પહોંચ્યા છે.

આ જ સંદેશને વધુ અસરકારક રીતે રજૂ કરવા માટે આ પુસ્તકમાં ઇરાદાપૂર્વક એવા ફોટોગ્રાફ્સ પસંદ કરવામાં આવ્યા છે, જેમાં તેઓ પોતાના રોજિંદા, સામાન્ય પરિધાનમાં જોવા મળે છે. અહીં સૂટ-બૂટ-ટાઈમાં સજ્જ ઔપચારિક ફોટોગ્રાફ્સને પ્રાધાન્ય આપવામાં આવ્યું નથી. તેનું કારણ ખૂબ સરળ છે. વિશ્વના સૌથી મોટા એરપોર્ટ, રિફાઇનરી, પેટ્રોકેમિકલ, મેટ્રો, સ્ટેડિયમ અથવા અન્ય મેગા પ્રોજેક્ટ્સમાં કાર્યરત ઇજનેરો અને મેનેજરો પણ રોજિંદા કાર્ય દરમિયાન આપણા જેવા જ સામાન્ય કાર્યપરિધાનમાં રહેતા હોય છે. તેમની ઓળખ તેમના દેશ કે પહેરવેશથી નહીં, પરંતુ તેમના જ્ઞાન, કુશળતા, શિસ્ત, નિર્ણયક્ષમતા અને પ્રામાણિક કાર્યથી બને છે. હા, કંપનીના વાર્ષિક સમારંભો, આંતરરાષ્ટ્રીય પરિષદો, વિશેષ બેઠકો અથવા ઔપચારિક કાર્યક્રમોમાં પ્રોટોકોલ અનુસાર સૂટ-બૂટ-ટાઈ પહેરવાની અપેક્ષા રાખવામાં આવે છે. પરંતુ તે કર્મચારીઓની દૈનિક કાર્યશૈલીનું પ્રતિનિધિત્વ કરતું નથી.

આ પુસ્તકમાં સમાવાયેલા સામાન્ય પરિધાનના આ ફોટોગ્રાફ્સ એક મૌન સંદેશ આપે છે—

*આંતરરાષ્ટ્રીય પ્રોજેક્ટ્સમાં કામ કરતા લોકો કોઈ અલગ દુનિયાના નથી. તેઓ ભલે યુએસએ, રશિયા, ચીન, જાપાન, જર્મની, યુકે, ફ્રાંસ, ઇટલી કે દુનિયાના કોઈપણ વિકસિત ગણાતા દેશોનું નાગરિકત્વ ધરાવતા હોય પણ તેઓ પણ આપણા જેવા જ સામાન્ય માણસો છે. તેમને અસામાન્ય બનાવે છે તે તેમનો દેશ કે પહેરવેશ નહીં,*

*પરંતુ તેમના સપનાઓ, તેમની મહેનત, તેમનું જ્ઞાન અને પોતાની ક્ષમતાઓ પરનો અડગ વિશ્વાસ.*

*જો આ ફોટોગ્રાફ્સ જોઈને કોઈ ગામડાનો યુવાન એક ક્ષણ માટે પણ એમ વિચારે કે* ***"જો તેઓ કરી શકે છે, તો હું પણ કરી શકું," તો આ પુસ્તકમાં સામાન્ય પરિધાનના ફોટોગ્રાફ્સને સ્થાન આપવાનો હેતુ સફળ થયો માનવો.***

મારા અનુભવથી મેં એક વાત શીખી છે—***સફળતા અને સામાન્ય જીવન વચ્ચેનું સૌથી મોટું અંતર ઘણી વખત પ્રતિભાનું નથી હોતું; તે યોગ્ય માહિતી, યોગ્ય માર્ગદર્શન અને યોગ્ય સમયે લેવાયેલા એક નિર્ણયનું હોય છે.***
આ પુસ્તક એ જ અંતર ઘટાડવાનો એક નમ્ર પ્રયાસ છે.

**આ પુસ્તક શા માટે?**
દરેક સફળ કારકિર્દીની શરૂઆત યોગ્ય માહિતીથી થાય છે. આજે વિશ્વ ઝડપથી બદલાઈ રહ્યું છે. નવી ટેક્નોલોજી, નવા ઉદ્યોગો અને નવા વ્યવસાયોએ રોજગારની દુનિયાનું સ્વરૂપ સંપૂર્ણપણે બદલી નાખ્યું છે. અનેક એવા ક્ષેત્રો વિકસ્યા છે, જ્યાં પ્રતિભાશાળી અને મહેનતી યુવાનો માટે અસાધારણ તકો ઉપલબ્ધ છે. છતાં, દુઃખની વાત એ છે કે આપણા ઘણા વિદ્યાર્થીઓ અને નવયુવાનો હજુ પણ આ તકો વિશે પૂરતી જાણકારી ધરાવતા નથી. ઘણી વખત તેમની મર્યાદા પ્રતિભાની નથી હોતી; પરંતુ સચોટ માહિતી, અસરકારક માર્ગદર્શન અને વૈશ્વિક કારકિર્દી પ્રત્યેની જાગૃતિના અભાવની હોય છે. પરિણામે, તેઓ પોતાની ક્ષમતા કરતાં ઘણાં નાના સપનાઓ સુધી જ સીમિત રહી જાય છે, જ્યારે વિશ્વમાં તેમની રાહ જોઈ રહેલી અસંખ્ય સંભાવનાઓથી તેઓ અજાણ રહે છે. આ પુસ્તક એ જ અંતર દૂર કરવાનો એક નમ્ર પ્રયાસ છે.

આ પુસ્તકમાં તમને માત્ર વિવિધ ઉદ્યોગોની ઓળખ જ નહીં મળે, પરંતુ વૈશ્વિક કારકિર્દીનું સ્પષ્ટ દિશાદર્શન પણ મળશે. આ પુસ્તકમાં પેટ્રોલિયમ, ઓઈલ એન્ડ ગેસ,

રિફાઇનરી, પેટ્રોકેમિકલ, એરપોર્ટ, સ્ટેડિયમ, મેગા કન્સ્ટ્રક્શન, ઓપરેશન, મેન્ટેનન્સ, ક્વોલિટી કંટ્રોલ, ઇન્સ્પેક્શન, સેફ્ટી, પ્રોજેક્ટ મેનેજમેન્ટ અને અન્ય અનેક ક્ષેત્રોમાં રહેલી કારકિર્દીની સંભાવનાઓને સરળ અને વ્યવહારુ રીતે સમજાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

આ પુસ્તકમાં તમને મળશે—

- વિવિધ વૈશ્વિક ઉદ્યોગો અને તેમની કાર્યપદ્ધતિનો પ્રાથમિક પરિચય.
- વિવિધ શૈક્ષણિક લાયકાતો, ટૂંકા ગાળાના અભ્યાસક્રમો (Short-Term Courses), આંતરરાષ્ટ્રીય સર્ટિફિકેશન્સ અને તેમની ઉપયોગિતા.
- ગલ્ફ અને આફ્રિકાના દેશો સહિત વિશ્વના વિવિધ પ્રદેશોમાં ઉપલબ્ધ રોજગારની એવી તકો જે ખૂબ જ ઓછા ખર્ચે પ્રાપ્ત કરી શકાય. તે ઉપરાંત ગલ્ફ અને આફ્રિકાના દેશોમાં કાર્યસંસ્કૃતિ, કામના સ્થળે મુક્ત વાતાવરણ, સુરક્ષા ધોરણો અને વિશ્વકક્ષાની અત્યાધુનિક સુવિધાઓ વિશે સચોટ અને ઉપયોગી માહિતી.
- આંતરરાષ્ટ્રીય પ્રોજેક્ટ્સના વાસ્તવિક અનુભવો, પ્રેરણાદાયી પ્રસંગો અને સફળતાની વાર્તાઓ.
- વિદ્યાર્થીઓ, નવયુવાનો અને તેમના વાલીઓને વધુ માહિતીસભર અને આત્મવિશ્વાસપૂર્ણ કારકિર્દીનો નિર્ણય લેવામાં મદદરૂપ થાય તેવી વ્યવહારુ સમજ.

આ પુસ્તકની સૌથી મોટી વિશેષતા તેની વિશ્વસનીયતા છે. અહીં રજૂ થયેલી માહિતી કોઈ કલ્પના, અફવા કે સાંભળેલી વાતો પર આધારિત નથી. આ પુસ્તકનો દરેક મુદ્દો વર્ષો સુધી વિવિધ આંતરરાષ્ટ્રીય પ્રોજેક્ટ્સમાં કાર્ય કરીને પ્રાપ્ત થયેલા વ્યવહારુ અનુભવ, પ્રમાણભૂત માહિતી અને વાસ્તવિક હકીકતો પર આધારિત છે.

પુસ્તકમાં સમાવાયેલા વિવિધ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય પ્રોજેક્ટ્સના વાસ્તવિક ફોટોગ્રાફ્સ માત્ર દૃશ્યસૌંદર્ય માટે નથી. તેઓ એ વાતના જીવંત પુરાવા છે કે અહીં રજૂ થયેલી માહિતી જીવનના વાસ્તવિક અનુભવોમાંથી જન્મી છે. મારો વિશ્વાસ છે કે

સાચી માહિતી માત્ર જ્ઞાન નથી આપતી; તે જીવનની દિશા બદલી શકે છે. યોગ્ય સમયે મળેલું યોગ્ય માર્ગદર્શન ઘણી વખત વર્ષોની ભટકણ બચાવી શકે છે અને સામાન્ય યુવાનને અસાધારણ સફળતા સુધી પહોંચાડી શકે છે.
આ પુસ્તકનો હેતુ માત્ર માહિતી આપવાનો નથી; પરંતુ યુવાનોમાં નવી દૃષ્ટિ, નવો આત્મવિશ્વાસ અને વૈશ્વિક વિચારસરણી વિકસાવવાનો છે.

જો આ પુસ્તક વાંચ્યા પછી કોઈ વિદ્યાર્થી પોતાના માટે વધુ મોટું લક્ષ્ય નક્કી કરે, કોઈ નવયુવાન વિશ્વસ્તરીય કારકિર્દી ઘડવાનો સંકલ્પ કરે અથવા કોઈ વાલી પોતાના સંતાનને નવી દિશામાં વિચારવાની પ્રેરણા આપે, તો આ પુસ્તકનો હેતુ સફળ થયો માનવામાં આવશે. કારણ કે સાચું માર્ગદર્શન માત્ર કારકિર્દી બનાવતું નથી; તે આખું ભવિષ્ય બદલી શકે છે.

**એક સામાન્ય ગામથી વૈશ્વિક કારકિર્દી સુધીની સફર**

દરેક સફળ સફરની શરૂઆત એક નાનકડા સપનાથી થાય છે. આ પુસ્તકમાં જેમનો ઉલ્લેખ છે એ બધા વ્યવસાયિકોની સફર પણ કોઈ મોટા શહેર, અસાધારણ સંજોગોમાંથી શરૂ થઈ નહોતી. એ બધા પણ તમારા જેવા જ સામાન્ય પરિવારમાં જન્મેલા, ગામડાની ગુજરાતી માધ્યમની સરકારી શાળાઓમાં ભણેલા અને જીવનમાં કંઈક સારું કરવાની પ્રબળ ઇચ્છા ધરાવતા યુવાનો હતા. પરંતુ એક વાતે તેઓને હંમેશાં આગળ વધવા પ્રેર્યા—***સપનાઓને પોતાની પરિસ્થિતિ કરતાં મોટા રાખવાની હિંમત.***

સમય જતાં જરૂરી અભ્યાસ, સતત શીખવાની તલપ, અવિરત મહેનત અને યોગ્ય દિશામાં આગળ વધવાની સમજે તેઓને વિશ્વના અનેક પ્રતિષ્ઠિત પ્રોજેક્ટ્સમાં કાર્ય કરવાની તક મળી. રિફાઇનરી, ઓઈલ એન્ડ ગેસ, પેટ્રોલિયમ ઉદ્યોગ, એરપોર્ટ, સ્ટેડિયમ, બ્રિજ, મેગા મૉલ અને અન્ય વિશ્વકક્ષાના મેગા પ્રોજેક્ટ્સમાં કામ કરતી વખતે માત્ર તકનીકી (technical) અનુભવ જ મળ્યો નહીં, પરંતુ જીવનને નવી દૃષ્ટિ

પણ મળી. વિશ્વના વિવિધ દેશોમાં કામ કરતાં એક વાત ખૂબ સ્પષ્ટ રીતે સમજાઈ—સફળતા કોઈ દેશ, શહેર કે કુટુંબની મિલકત નથી. ***સફળતા હંમેશાં તેમની બને છે, જેઓ શીખવાનું બંધ કરતા નથી, મહેનતથી પાછળ હટતા નથી અને દરેક નવા પડકારને વિકાસની તક તરીકે સ્વીકારે છે.***

આ સફર દરમિયાન અમને વિશ્વના વિવિધ દેશોના પ્રતિભાશાળી વ્યાવસાયિકો સાથે કામ કરવાનો અવસર મળ્યો. ત્યારે સમજાયું કે ભારતીય યુવાનો, અને ખાસ કરીને ગુજરાતી યુવાનોમાં પ્રતિભાનો કોઈ અભાવ નથી. ગુજરાતી યુવાનોમાં પૂર્વ અને પશ્ચિમના દેશોના અનેક વ્યાવસાયિકોને નેતૃત્વ આપવાની ક્ષમતા છે.

આપણા યુવાનો ઘણી વખત માત્ર એટલા માટે પાછળ રહી જાય છે કે તેમને યોગ્ય સમયે યોગ્ય માહિતી અને યોગ્ય માર્ગદર્શન મળતું નથી.
આ અનુભવે મારા મનમાં એક પ્રશ્ન વારંવાર ઊભો કર્યો—
***જો વિશ્વના અગ્રણી પ્રોજેક્ટ્સમાં આપણા જેવા સામાન્ય ગામડાઓમાંથી નીકળેલા યુવાનો સફળતાપૂર્વક કામ કરી શકે છે, તો બીજા યુવાનો કેમ નહીં?***
આ જ પ્રશ્નનો જવાબ શોધવાની પ્રક્રિયામાં આ પુસ્તકનો જન્મ થયો.

આ પુસ્તક લખવાનો મારો હેતુ અમારી સિદ્ધિઓનું વર્ણન કરવાનો જરાય નથી. જીવનમાં જે કંઈ શીખવાનો અવસર મળ્યો, જે અનુભવો મળ્યા અને જે અનુભવોથી અમારી કારકિર્દી ઘડાઈ, તે જ અનુભવ આગામી પેઢી સુધી પહોંચે, ***અમને જે તક મળી, તે આગામી પેઢીને થોડી વહેલી મળે—એ જ આ પ્રયાસનો મૂળ હેતુ છે.***
***હું દૃઢપણે માનું છું કે તમારા જ્ઞાનનું સાચું મૂલ્ય ત્યારે જ છે, જ્યારે તે બીજાના જીવનમાં નવી દિશા અને નવી આશા જગાવે.*** જો અમારા અનુભવો કોઈ યુવાનનો સમય બચાવી શકે, તેની વિચારસરણી બદલી શકે અથવા તેને પોતાની ક્ષમતામાં વિશ્વાસ અપાવી શકે, તો એ જ આ પુસ્તકનું સૌથી મોટું સફળતા-પત્રક બનશે.

આ પુસ્તકમાં સમાવાયેલા અનુભવો, ફોટોગ્રાફ્સ અને માહિતી માત્ર કારકિર્દી વિશે નથી. તે વર્ષો સુધી કરેલા પરિશ્રમ, સતત શીખવાની પ્રક્રિયા, પડકારો સામે અડગ રહેવાની માનસિકતા અને દરેક સફળતાની પાછળ રહેલી શિસ્તનું પ્રતિબિંબ છે.

હું ઇચ્છું છું કે આ પુસ્તકનો દરેક વાચક એક વાત પોતાના જીવનમાં જરૂર અપનાવે—

***મોટું સ્વપ્ન જોવું એ સાહસ છે, પરંતુ તે સ્વપ્નને સાકાર કરવા માટે પોતાની જાતને સતત તૈયાર કરવી એ જ સાચી સફળતા છે.***

જો અમારી સફરની વાતોને વાંચીને એક પણ યુવાન પોતાના વિશેની મર્યાદિત માન્યતાઓ તોડી શકે, પોતાના ગામ કે **પરિસ્થિતિને બહાનું બનાવવાને બદલે** તેને પ્રેરણા બનાવી શકે અને વિશ્વકક્ષાની કારકિર્દી ઘડવાનો સંકલ્પ કરી શકે, તો હું માનું છું કે આ પુસ્તક લખવાનો મારો હેતુ સફળ થયો.

કારણ કે હું મારા જીવનમાંથી એક જ સત્ય શીખ્યો છું—

***જન્મ આપણું સરનામું નક્કી કરે છે, પરંતુ જ્ઞાન, મહેનત અને દૃઢ સંકલ્પ આપણું ભવિષ્ય નક્કી કરે છે.***

***હવે તમારો વારો...***

જીવનમાં કેટલીક ક્ષણો એવી હોય છે, જે આખું ભવિષ્ય બદલી નાખે છે.

ક્યારેક તે ક્ષણ કોઈ નિર્ણયની હોય છે, ક્યારેક કોઈ માર્ગદર્શકની, તો ક્યારેક કોઈ પુસ્તકની.

કદાચ આ પુસ્તક પણ તમારા જીવનમાં એવી જ એક ક્ષણ બની શકે.

**સપનાઓને માત્ર જોતા નહીં, તેમને જીવતા શીખો.**

જ્ઞાન મેળવો. કૌશલ્ય વિકસાવો. યોગ્ય માર્ગદર્શન મેળવો. દરરોજ પોતાને ગઈકાલ કરતાં થોડા વધુ સક્ષમ બનાવો. અને પછી દુનિયાને બતાવો કે પ્રતિભાને કોઈ સરનામું હોતું નથી.

***આ પુસ્તકની સૌથી મોટી તાકાત હું નથી... અમારા વિદેશી પ્રોજેક્ટ્સ પણ નથી... આ પુસ્તકની સૌથી મોટી તાકાત તેની વિશ્વસનીયતા (Credibility) છે.***

આજે ગુજરાતીમાં કારકિર્દી અંગે ઘણાં પુસ્તકો મળે છે. પરંતુ મોટા ભાગના પુસ્તકોમાં લેખકે પોતે તે ક્ષેત્રમાં કામ કરેલું હોતું નથી. માહિતી હોવી અને જાત અનુભવ હોવાનો ફરક આ પુસ્તકમાં વાચકોને જોવા મળશે.

આ પુસ્તકમાં એક અનોખી બાબત છે—

મેં જે લખ્યું છે, તે હું જીવ્યો છું.

જે સમજાવું છું, તે જાતે અનુભવ્યું છે.

જે પ્રેરણા આપું છું, તે મારા પોતાના જીવનમાંથી જન્મી છે.

આ જ વાત આ પુસ્તકને અન્ય પુસ્તકો કરતાં અલગ બનાવશે એવો મને દૃઢ વિશ્વાસ છે.

મારી સૌથી મોટી ઇચ્છા એ નથી કે આ પુસ્તક હજારો વિદ્યાર્થીઓ સુધી પહોંચે.

મારી સાચી ઇચ્છા એ છે કે આ પુસ્તક હજારો યુવાનોના જીવનમાં નવા સપનાઓ અને નવી સંભાવનાઓના દીપ પ્રગટાવે. જો આ પુસ્તક વાંચ્યા પછી કોઈ વિદ્યાર્થી પોતાના જીવનનું લક્ષ્ય થોડું ઊંચું નક્કી કરે... જો કોઈ યુવાન પ્રથમ વખત પોતાના ગામની બહાર નહીં, પરંતુ વિશ્વ તરફ જોવાનું શરૂ કરે... જો કોઈ માતા-પિતા પોતાના સંતાનને પરંપરાગત મર્યાદાઓથી આગળ વધવા પ્રોત્સાહિત કરે...

જો કોઈ પરિવારનો દીકરો કે દીકરી એક દિવસ વિશ્વના અગ્રણી પ્રોજેક્ટમાં ઊભા રહીને ગર્વથી કહે—

***"મારી સફરની શરૂઆત આ પુસ્તકથી થઈ હતી."***

તો એ ક્ષણે મારી વર્ષોની મહેનતનું સાચું મૂલ્ય પ્રાપ્ત થશે.

હું તમને માત્ર સફળ કારકિર્દીની શુભેચ્છા આપતો નથી.

હું તમને એવી કારકિર્દીની શુભેચ્છા આપું છું કે જેના કારણે એક દિવસ તમારો પરિવાર તમારા પર ગર્વ અનુભવે... તમારું ગામ તમારા નામથી ઓળખાય...

તમારો સમાજ તમારી સફળતાને પોતાની સફળતા માને...

અને તમારી સફર બીજા અનેક યુવાનો માટે આશાનું નવું કિરણ બની જાય.

જો તમે અહીં સુધી વાંચ્યું છે, તો હવે હું તમને માત્ર એક જ પ્રશ્ન પૂછવા માંગું છું...

**શું તમે તમારા સપનાઓને સાચે જ એક તક આપવા તૈયાર છો?**

જો તમારો જવાબ **"હા"** હોય, તો આજથી જ એક નિર્ણય લો કે ***તમે તમારી જાતને ક્યારેય નાની નહીં ગણો.*** તમે ક્યાં જન્મ્યા છો, કઈ શાળામાં ભણ્યા છો, ગુજરાતી માધ્યમમાં અભ્યાસ કર્યો છે કે અંગ્રેજી માધ્યમમાં, તમારી આર્થિક પરિસ્થિતિ કેવી છે અથવા આજે તમે જીવનના કયા પડાવ પર ઊભા છો—આમાંથી કોઈપણ બાબત તમારા ભવિષ્યનો અંતિમ નિર્ણય કરતી નથી.

***તમારું ભવિષ્ય તમારા દૃષ્ટિકોણ, તમારા જ્ઞાન, તમારી તૈયારી અને તમારા સપનાઓને સાકાર કરવા માટેના અડગ સંકલ્પ પર નિર્ભર છે.***

હું કોઈ અસાધારણ પ્રતિભા ધરાવતો વ્યક્તિ નથી. કોઈપણ બોર્ડની પરીક્ષામાં બોર્ડમાં પ્રથમ ક્રમે કે ૧૦૦૦માં ક્રમે મેરિટ યાદીમાં મારું નામ ક્યારેય આવ્યું નહોતું.

પરંતુ હું એક જીવંત ઉદાહરણ જરૂર છું કે દ્રઢ સંકલ્પ, સતત પરિશ્રમ, યોગ્ય માર્ગદર્શન અને પોતાના સપનાઓ પર અવિચળ વિશ્વાસ હોય, તો એક સામાન્ય ગામમાંથી ઊભેલો મધ્યમ વર્ગનો યુવાન પણ વિશ્વના અગ્રણી પ્રોજેક્ટ્સમાં મહત્વપૂર્ણ અને ઉચ્ચ જવાબદારીના હોદ્દા સુધી પોતાની ઓળખ બનાવી શકે છે.

***જો અમે આ સફર સફળતાપૂર્વક પાર કરી શક્યા છીએ, તો વિશ્વાસ રાખો—તમે પણ જરૂર કરી શકો છો. કારણ કે સફળતા અસાધારણ લોકો માટે નહીં, પરંતુ અસાધારણ સંકલ્પ ધરાવતા લોકો માટે હોય છે.***

ચાલો, આજથી એક નવો સંકલ્પ કરીએ. આપણી ક્ષમતાને ઓળખવાનો. આપણી મર્યાદાઓ તોડવાનો. અને વિશ્વને આત્મવિશ્વાસથી કહેવાનો—

**"Yes, We Can."**

**નાસીરહુસેન અહમદ લોટીયા**

**વતન: ટંકારીઆ, તાલુકો ભરૂચ, જિલ્લો ભરૂચ, ગુજરાત, ભારત**

# ૨

# "Yes, We Can."
# એક વિશ્વાસ, જે જીવનની દિશા બદલી શકે

*જીવનમાં કેટલીક દિવાલો ખરેખર અસ્તિત્વમાં હોતી નથી.*
*આપણે જ તેને આપણા મનમાં ઊભી કરી દઈએ છીએ.*

ઘણી વખત કોઈ વિશાળ એરપોર્ટ, રિફાઇનરી, પેટ્રોકેમિકલ પ્લાન્ટ કે મેગા ઇન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટને દૂરથી જોતા જ આપણા મનમાં એક અજાણ્યો ભાવ જન્મે છે. તેની ભવ્યતા આપણને આકર્ષે છે, પરંતુ તેની વિશાળતા આપણને ડરાવે પણ છે.

રિફાઇનરી, પેટ્રોકેમિકલ પ્લાન્ટના આકાશને આંબતા સ્ટીલના ટાવરો...
સેંકડો મીટર સુધી પથરાયેલું પાઇપલાઇનોનું જાળું...
વિશાળ વેસલ્સ, ટાંકા, અત્યાધુનિક મશીનો અને હજારો લોકોનું સંકલિત કાર્ય...
આ બધું જોઈને મનમાં સહજ રીતે એક પ્રશ્ન જન્મે છે—
***"શું આ દુનિયા મારા જેવા સામાન્ય યુવાન માટે હોઈ શકે?"***
અને એ જ ક્ષણે આપણા મનમાં બીજી એક દિવાલ ઊભી થાય છે—
***"ના... આ ક્ષેત્રો કદાચ આપણા માટે નથી."***
હકીકતમાં, આ જ જીવનની સૌથી મોટી ગેરસમજ છે.
***વિશ્વના મોટાભાગના લોકો પોતાની ક્ષમતાથી નહીં, પરંતુ પોતાની કલ્પિત મર્યાદાઓથી હારી જાય છે.***
આજે હું તમને કોઈ સિદ્ધાંત સમજાવવા માંગતો નથી.
હું માત્ર મારા જીવનનો એક અનુભવ તમારી સાથે વહેંચવા માંગું છું. વર્ષો પહેલાં, જ્યારે હું ટંકારીઆ હાઈસ્કૂલમાં અભ્યાસ કરતો હતો, ત્યારે અંકલેશ્વર જી.આઈ.ડી.સી.

અથવા વડોદરા સ્થિત IPCL પાસેથી પસાર થવાનો પ્રસંગ આવતો. રસ્તાની બાજુએ દેખાતા વિશાળ કેમિકલ પ્લાન્ટો મને મંત્રમુગ્ધ કરી દેતા.

હું લાંબા સમય સુધી તેમને જોતો રહેતો.

મારા મનમાં અસંખ્ય પ્રશ્નો ઊભા થતા.

આટલી બધી પાઇપો ક્યાં જાય છે?

કઈ પાઇપ કયા સાધન સાથે જોડાય છે?

આટલું વિશાળ પ્લાન્ટ કોણ ડિઝાઇન કરે છે?

તેનું નિર્માણ કોણ કરે છે?

તેની ગુણવત્તાની જવાબદારી કોણ લે છે?

અહીં કામ કરવા માટે કેટલી લાયકાત જોઈએ?

શું મારા જેવા સામાન્ય ગામડાના વિદ્યાર્થી માટે આ દુનિયામાં પ્રવેશવાની કોઈ શક્યતા હશે?

તે સમયે મારા કોઈ પ્રશ્નનો જવાબ મારી પાસે નહોતો.

પરંતુ આજે પાછળ વળીને જોઉં છું ત્યારે સમજાય છે કે...

***જીવન ક્યારેક આપણા પ્રશ્નોના જવાબ તરત આપતું નથી.***

***તે આપણને પહેલાં તૈયાર કરે છે... પછી જવાબ આપે છે.***

અભ્યાસ આગળ વધ્યો.

જ્ઞાન વધતું ગયું.

નવા નવા કોર્સમાં જોડાઈને નવી બાબતો શીખવાની તલપ વધુ મજબૂત બનતી ગઈ.

અને એક દિવસ...

જે દુનિયાને હું ક્યારેક રસ્તા પરથી આશ્ચર્યથી જોતો રહેતો હતો...

એ જ દુનિયામાં પ્રવેશવાનો અવસર મને મળ્યો.

**Petro Rabigh (Saudi Aramco** અને **Sumitomo Chemical, Japan**નું સંયુક્ત સાહસ) સાથે કામ કરવાની તક મળતાં મારા જીવનનો એક નવો અધ્યાય શરૂ થયો.

તે દિવસે મને સમજાયું કે દૂરથી અશક્ય લાગતી ઘણી બાબતો વાસ્તવમાં અશક્ય હોતી જ નથી.

તે માત્ર અજાણી હોય છે.

અને જે વસ્તુ અજાણી હોય છે, તે જ્ઞાન, તાલીમ અને અનુભવથી જાણીતી બની જાય છે.

મને સમજાયું કે આકાશને સ્પર્શતા ટાવરોમાં પણ એ જ વિજ્ઞાન કામ કરે છે, જે આપણે પુસ્તકોમાં શીખીએ છીએ.

વિશાળ પ્લાન્ટોમાં પણ એ જ લોકો કામ કરે છે, જેમણે એક દિવસ સામાન્ય વિદ્યાર્થી તરીકે પોતાની સફર શરૂ કરી હતી.

અને આંતરરાષ્ટ્રીય પ્રોજેક્ટ્સમાં પણ સફળતા કોઈ ચમત્કારથી મળતી નથી.

તે જ્ઞાન, શિસ્ત, સતત શીખવાની તૈયારી અને યોગ્ય માર્ગદર્શનનું પરિણામ હોય છે.

એ દિવસે મારા મનમાં એક વિશ્વાસ જન્મ્યો—

***દુનિયામાં સૌથી ઊંચી દિવાલો કોંક્રીટની નથી હોતી...***

***તે આપણા મનમાં ઊભી થયેલી શંકાઓની હોય છે.***

અને જે દિવસે આ શંકાઓ તૂટી જાય છે...

તે દિવસે સફળતાની સફર શરૂ થાય છે.

# 3

# શયબાન ઇરફાન બોડા

## એક સપનું, જે સમગ્ર સમાજની આશા બન્યું

*"કદમ અસ્થિર હો એને કદી રસ્તો નથી જડતો,*
*અડગ મનના મુસાફિરને હિમાલય પણ નથી નડતો."*

દરેક સમાજમાં કેટલીક એવી સફળતાઓ જન્મે છે, જે માત્ર એક વ્યક્તિની સિદ્ધિ બનીને રહેતી નથી. સમય જતાં તે સમગ્ર સમાજના આત્મવિશ્વાસનો આધાર બની જાય છે. આવી સફળતાઓ લોકોને માત્ર પ્રેરણા જ આપતી નથી, પરંતુ એક નવી માન્યતા પણ જન્માવે છે—

***આપણામાંથી પણ કોઈ વિશ્વના શ્રેષ્ઠ મંચ સુધી પહોંચી શકે છે.***

ટંકારીઆ ગામના પ્રથમ પેટ્રોલિયમ એન્જિનિયર શયબાન હાફેઝ ઈરફાન બોડાની સફર એવી જ એક પ્રેરણાદાયી ગાથા છે.

આ માત્ર એક વિદ્યાર્થીની સફળતાની વાર્તા નથી.

આ એક સામાન્ય પરિવારના મોટા સપનાઓની વાર્તા છે.

આ એક પિતાના વિશ્વાસની વાર્તા છે.

આ યોગ્ય સમયે મળેલા યોગ્ય માર્ગદર્શનની વાર્તા છે.

અને સૌથી મહત્વની વાત—

***આ એક એવા યુવાનની વાર્તા છે, જેણે પરિસ્થિતિઓને પોતાની મર્યાદા બનવા દીધી નહીં.***

આજે જ્યારે કોઈ વિદ્યાર્થી વિશ્વપ્રસિદ્ધ યુનિવર્સિટીમાં અભ્યાસ કરવાનું કે વિશ્વના ઊર્જા ઉદ્યોગમાં પોતાની કારકિર્દી બનાવવાનું સપનું જુએ છે, ત્યારે કદાચ તેને આ વાત સામાન્ય લાગે. પરંતુ થોડાં વર્ષો પહેલાં ગામડાના સામાન્ય પરિવાર માટે આવી કલ્પના પણ ઘણી મોટી લાગતી હતી.

વિશ્વકક્ષાની યુનિવર્સિટીમાં પ્રવેશ...
વિદેશમાં ઉચ્ચ અભ્યાસ...
આંતરરાષ્ટ્રીય શિષ્યવૃત્તિ...
અને પછી વિશ્વની અગ્રણી ઊર્જા કંપનીમાં અત્યંત મહત્વપૂર્ણ જવાબદારી...
આ બધું ઘણા લોકો માટે સપના જેવું લાગતું હતું.
***પરંતુ દરેક મોટા પરિવર્તનની શરૂઆત કોઈ એક વ્યક્તિના સાહસથી જ થાય છે.***
શયબાન બોડાએ માત્ર પોતાના માટે રસ્તો બનાવ્યો નથી; તેમણે પોતાના પછી આવનારા અનેક યુવાનો માટે એક નવી દિશા પણ બનાવી છે.
તેમની સફળતાએ એક મૌન, પરંતુ શક્તિશાળી સંદેશ આપ્યો—
***"પ્રતિભાને સરનામાની જરૂર નથી; તક મળે અને યોગ્ય દિશા મળે, તો ગામડાનો યુવાન પણ વિશ્વના નકશા પર પોતાની આગવી ઓળખ ઊભી કરી શકે છે."***

### *એક સામાન્ય ઘરમાં જન્મેલું અસામાન્ય સ્વપ્ન*

શયબાનનો જન્મ એક સામાન્ય અને આર્થિક રીતે મર્યાદિત પરિવારમાં થયો હતો.
પરિવાર પાસે અપરંપાર સંપત્તિ નહોતી, પરંતુ સંસ્કાર, શિક્ષણ પ્રત્યેની પ્રતિબદ્ધતા અને મહેનત પ્રત્યેનો અતૂટ વિશ્વાસ હતો.
તેમના પિતા **હાફેઝ ઈરફાન બોડા** હંમેશાં માનતા હતા કે સંતાનને આપી શકાય તેવી સૌથી મોટી સંપત્તિ શિક્ષણ છે.
શયબાને પણ બાળપણથી જ આ વિશ્વાસને પોતાના જીવનનો આધાર બનાવી લીધો.
તેઓ માત્ર હોશિયાર વિદ્યાર્થી જ નહોતા; તેઓ અત્યંત શિસ્તબદ્ધ, જિજ્ઞાસુ અને સતત શીખવાની તીવ્ર ઇચ્છા ધરાવતા વિદ્યાર્થી હતા.
તેમના ચહેરા પરની શાંતિ, સ્વભાવની નમ્રતા અને આંખોમાં ઝળહળતી કંઈક મોટું કરવાની ઝંખના તેમને અન્ય વિદ્યાર્થીઓથી અલગ ઓળખ આપતી હતી.
તેમનું લક્ષ્ય માત્ર પરીક્ષામાં સારા ગુણ મેળવવાનું નહોતું.
તેઓ પોતાના પરિવારના વિશ્વાસને સાકાર કરવા માંગતા હતા.

તેઓ પોતાના ગામ માટે કંઈક નવું અને પ્રેરણાદાયી કરી બતાવવા માંગતા હતા.
અને કદાચ સૌથી અગત્યનું—
તેઓ પોતાના જીવનને માત્ર એક નોકરી સુધી મર્યાદિત રાખવા માંગતા નહોતા; તેઓ પોતાની ક્ષમતાને સંપૂર્ણપણે ઓળખવા માંગતા હતા.
આ જ વિચારસરણી તેમની સૌથી મોટી મૂડી બની.
સમય આવ્યો.
SSC પરીક્ષાનું પરિણામ જાહેર થયું.
શયબાને ૯૧ ટકા ગુણ સાથે ઉત્કૃષ્ટ સફળતા પ્રાપ્ત કરી.
ત્યારબાદ HSC (વિજ્ઞાન પ્રવાહ – PCM)માં પણ તેમણે ૯૦ ટકા ગુણ મેળવી પોતાની પ્રતિભાને વધુ મજબૂત રીતે સાબિત કરી.
આ પરિણામ માત્ર ગુણપત્રકમાં લખાયેલા આંકડા નહોતા.
તે તેમની વર્ષોની મહેનત, સમયના શિસ્તબદ્ધ આયોજન, આત્મવિશ્વાસ અને મોટા સપનાઓનું પ્રથમ જાહેર સ્વરૂપ હતું.
પરિવારમાં આનંદનો માહોલ હતો.
પિતાની આંખોમાં ગર્વ સ્પષ્ટ દેખાતો હતો.
પરંતુ આ આનંદ સાથે એક નવો પ્રશ્ન પણ જન્મ્યો.
કદાચ એવો પ્રશ્ન, જે દર વર્ષે હજારો તેજસ્વી વિદ્યાર્થીઓ અને તેમના માતા-પિતાના મનમાં જન્મે છે—
***"હવે આગળ શું?"***
કયો અભ્યાસક્રમ?
કઈ કોલેજ?
કયું ક્ષેત્ર?
અને સૌથી અગત્યનો પ્રશ્ન—
***આજે લેવાયેલો નિર્ણય આવતીકાલે જીવનની સાચી દિશા બનશે કે નહીં?***

આ જ પ્રશ્નનો જવાબ શોધવાની પ્રક્રિયામાં શયબાનના જીવનનો સૌથી મહત્વપૂર્ણ અધ્યાય શરૂ થવાનો હતો.

***એક નિર્ણય, જેણે આખું ભવિષ્ય બદલી નાખ્યું***

જીવનમાં કેટલાક નિર્ણયો એવા હોય છે, જે તે ક્ષણે સામાન્ય લાગે છે; પરંતુ વર્ષો પછી પાછળ વળીને જોઈએ ત્યારે સમજાય છે કે એ જ નિર્ણયો સમગ્ર જીવનની દિશા બદલી નાખનારા હતા.

શયબાનના જીવનમાં પણ એવો જ એક નિર્ણાયક સમય આવ્યો.

SSC અને HSCમાં ઉત્કૃષ્ટ પરિણામ મેળવ્યા પછી પરિવાર ખુશ હતો, પરંતુ સાથે જ એક નવી જવાબદારી પણ સામે ઊભી હતી.

હવે માત્ર સારો વિદ્યાર્થી બનવું પૂરતું નહોતું.

હવે જીવનનો માર્ગ પસંદ કરવાનો હતો.

કયો અભ્યાસક્રમ?

કઈ કોલેજ?

કયું ક્ષેત્ર?

અને સૌથી અગત્યનો પ્રશ્ન—

***આજે લેવાયેલો નિર્ણય આવનારા ત્રીસ -પાંત્રીસ વર્ષના જીવનને ક્યાં લઈ જશે?***

આવા સમયે મોટા ભાગના પરિવારો માત્ર આસપાસના લોકો શું કહે છે અથવા કયો કોર્સ વધુ લોકપ્રિય છે, તેના આધારે નિર્ણય લઈ લેતા હોય છે.

પરંતુ શયબાનના પરિવારે ઉતાવળ કરી નહીં.

***તેઓ જાણતા હતા કે કારકિર્દીનો નિર્ણય માત્ર ચાર-છ વર્ષના અભ્યાસ માટે લેવાતો નથી; તે આખા જીવન માટે લેવાય છે.***

એવા સમયે ટંકારીઆ ગામની Higher Education Support સંસ્થાના સક્રિય કાર્યકર અને શિક્ષણપ્રેમી જનાબ મજીદભાઈ અંભેરવાલા (ગોદર) માર્ગદર્શક તરીકે આગળ આવ્યા.

શયબાન, તેમના પિતા અને મજીદભાઈ વચ્ચે અનેક બેઠકો યોજાઈ.

માત્ર કોલેજોની યાદી જોવામાં આવી નહોતી.

પરંતુ દરેક અભ્યાસક્રમનું ભવિષ્ય, વૈશ્વિક રોજગારની સંભાવનાઓ, ઉદ્યોગોની માંગ અને લાંબા ગાળાની કારકિર્દીના માર્ગો વિશે ગંભીરતાપૂર્વક વિચારણા કરવામાં આવી.

મને આજે પણ એ દિવસ સ્પષ્ટપણે યાદ છે.

એડમિશનની પ્રક્રિયા દરમિયાન મજીદભાઈ અને શયબાને સીધા એડમિશન સેન્ટરમાંથી મને ફોન કર્યો.

તે સમયે હું ગલ્ફના દેશોમાં કાર્યરત હતો.

વાત માત્ર એક કોર્સ પસંદ કરવાની નહોતી.

વાત એક યુવાનના સમગ્ર ભવિષ્યની હતી.

લાંબી ચર્ચા થઈ.

પેટ્રોલિયમ ઉદ્યોગનું ભવિષ્ય...

ઓઈલ એન્ડ ગેસ ક્ષેત્રની વૈશ્વિક માંગ...

આંતરરાષ્ટ્રીય કારકિર્દીની સંભાવનાઓ...

અને આ ક્ષેત્રમાં જરૂરી ક્ષમતાઓ વિશે વિગતવાર ચર્ચા થઈ.

અંતે સર્વસંમતિથી એક નિર્ણય લેવાયો—

***શયબાન પેટ્રોલિયમ એન્જિનિયરિંગનો માર્ગ પસંદ કરશે.***

તે દિવસે કદાચ કોઈને ખબર નહોતી કે આ નિર્ણય માત્ર એક અભ્યાસક્રમની પસંદગી નહોતો.

તે એક એવા ભવિષ્યની શરૂઆત હતી, જે થોડાં વર્ષો પછી સમાજના અનેક યુવાનો માટે પ્રેરણાસ્રોત બનવાનું હતું.

શયબાને ગાંધીનગર સ્થિત પંડિત દીનદયાલ પેટ્રોલિયમ યુનિવર્સિટી (PDPU)માં પ્રવેશ મેળવ્યો.

આ યુનિવર્સિટી માત્ર એક શૈક્ષણિક સંસ્થા નહોતી.

તે ભારતના ઊર્જા ક્ષેત્ર માટે પ્રતિભાશાળી ઇજનેરો તૈયાર કરતું એક પ્રતિષ્ઠિત કેન્દ્ર હતું.

નવું શહેર...

નવું વાતાવરણ...

નવી સ્પર્ધા...

અને નવી જવાબદારીઓ...

પરંતુ શયબાને એક વાત ક્યારેય બદલી નહીં—

શીખવાની તેમની ભૂખ.

***તેમણે સમજ્યું હતું કે વિશ્વસ્તરીય કારકિર્દી માત્ર ડિગ્રીથી બનતી નથી.***

***તે સતત શીખવાથી ઘડાય છે.***

દરેક વિષયને ઊંડાણથી સમજવાની તેમની ટેવ, નિયમિત અભ્યાસ અને તકનીકી (technical) જ્ઞાન પ્રત્યેનો રસ તેમને સતત આગળ લઈ જતો રહ્યો.

વર્ષો પહેલાં જે યુવાન પોતાના ભવિષ્ય વિશે વિચારતો હતો...

હવે તે પોતાના સપનાઓ તરફ વિશ્વાસપૂર્વક આગળ વધી રહ્યો હતો.

સમય જતાં તેમણે સફળતાપૂર્વક પેટ્રોલિયમ એન્જિનિયરિંગની ડિગ્રી પૂર્ણ કરી.

અને તે દિવસ માત્ર શયબાન માટે જ નહીં...

પરંતુ સમગ્ર ટંકારીઆ માટે ગૌરવની ક્ષણ બની.

કારણ કે...

ટંકારીઆ ગામને તેનો પ્રથમ પેટ્રોલિયમ એન્જિનિયર મળ્યો હતો.

ક્યારેક એક વ્યક્તિની સિદ્ધિ આખા સમાજની વિચારસરણી બદલી નાખે છે.

શયબાનની આ સિદ્ધિ એવી જ હતી.

હવે ગામના વિદ્યાર્થીઓ પ્રથમ વખત વિશ્વાસ સાથે કહી શકતા હતા—

***"જો શયબાન કરી શકે છે... તો આપણે પણ જરૂર કરી શકીએ."***

### *સંઘર્ષની કસોટી — જ્યારે હિંમતની સાચી પરીક્ષા શરૂ થઈ*

જીવનમાં સફળતાની પ્રથમ સીડી ચઢવી મુશ્કેલ હોય છે, પરંતુ તેનાથી પણ વધુ મુશ્કેલ હોય છે—અણધારી પરિસ્થિતિઓ વચ્ચે પોતાના સપનાઓને જીવંત રાખવા.

શયબાનના જીવનમાં પણ એવો જ એક સમય આવ્યો.
પેટ્રોલિયમ એન્જિનિયરિંગની ડિગ્રી સફળતાપૂર્વક પૂર્ણ કર્યા પછી તેઓ PMET સાથે જોડાયા. તેમણે ગુજરાત જાહેર સેવા આયોગ (GPSC)ની પરીક્ષાની તૈયારી પણ શરૂ કરી. પ્રથમ જ પ્રયાસમાં તેમણે પ્રિલિમિનરી પરીક્ષા સફળતાપૂર્વક પાસ કરીને પોતાની ક્ષમતાનો વધુ એક પરિચય આપ્યો.

પરંતુ જીવન હંમેશાં આપણી યોજનાઓ પ્રમાણે આગળ વધતું નથી.
કેટલીક પરિસ્થિતિઓ એવી ઊભી થાય છે, જ્યાં માણસને પોતાની ઇચ્છા કરતાં સંજોગો અનુસાર નિર્ણય લેવો પડે છે.
કેટલાક કારણોસર શયબાનને GPSCની આગળની તૈયારી અટકાવવી પડી.
ઘણા યુવાનો માટે આવી ક્ષણ નિરાશા, હતાશા અને સપનાઓના અંત સમાન બની શકે.
પરંતુ અહીંથી જ એક સામાન્ય વિદ્યાર્થી અને અસાધારણ મનોબળ ધરાવતા યુવાન વચ્ચેનો તફાવત સ્પષ્ટ દેખાય છે.
શયબાને પરિસ્થિતિને અંતિમ સત્ય માન્યું નહીં.
તેમણે એક દરવાજો બંધ થયો છે એમ માનીને બેસી રહેવાને બદલે નવા દરવાજા શોધવાનું શરૂ કર્યું.
તેમના પિતા હાફેઝ ઈરફાન બોડાએ પણ પુત્રને એક જ વાત કહી હતી—
***"માર્ગ બદલાય તો ચાલે, પરંતુ મંઝિલ ન બદલાય."***
આ શબ્દો માત્ર પ્રોત્સાહન નહોતા; તેઓ આખા પરિવારના વિશ્વાસનું પ્રતિબિંબ હતા.
ત્યારથી ફરી એક નવી સફરની શરૂઆત થઈ.
ચર્ચાઓ શરૂ થઈ.
વિશ્વની અગ્રણી યુનિવર્સિટીઓ વિશે માહિતી એકત્રિત કરવામાં આવી.
ઉચ્ચ અભ્યાસ માટેના વિવિધ વિકલ્પોનું મૂલ્યાંકન કરવામાં આવ્યું.

તે દરમિયાન વિશ્વવિખ્યાત **King Fahd University of Petroleum and Minerals**માં માસ્ટર ડિગ્રી માટે અરજી કરવાનો નિર્ણય લેવામાં આવ્યો.
આ યુનિવર્સિટી માત્ર સાઉદી અરેબિયાની જ નહીં, પરંતુ વિશ્વની અગ્રણી પેટ્રોલિયમ અને ઊર્જા ક્ષેત્રની યુનિવર્સિટીઓમાં સ્થાન ધરાવે છે.
અરજી કરવામાં આવી.
જરૂરી પ્રક્રિયાઓ પૂર્ણ થઈ.
અને થોડા સમય પછી ખુશખબર આવી—
શયબાનને પ્રવેશ મળી ગયો હતો.
પરિવારમાં આનંદની લાગણી છવાઈ ગઈ.
વર્ષોની મહેનતનું ફળ મળ્યું હતું.
એવું લાગતું હતું કે હવે તેમના સપનાઓને પાંખો મળી ગઈ હતી.

***પરંતુ કદાચ જીવન હજુ તેમની અને તેમના પરિવારજનોની ધીરજની એક વધુ કસોટી લેવા માગતું હતું.***
એ જ સમય દરમિયાન સમગ્ર વિશ્વ કોરોના મહામારીની ઝપેટમાં આવી ગયું.
આંતરરાષ્ટ્રીય મુસાફરી પર પ્રતિબંધો લાગ્યા.
વિઝાની પ્રક્રિયાઓ અટકી ગઈ.
વિશ્વભરની યુનિવર્સિટીઓ અને વિદ્યાર્થીઓ અનિશ્ચિતતાના સમયમાંથી પસાર થઈ રહ્યા હતા.
શયબાન પણ આ વૈશ્વિક પરિસ્થિતિથી અછૂતા રહ્યા નહીં.
બધી તૈયારીઓ પૂર્ણ હોવા છતાં તેઓ સમયસર યુનિવર્સિટીમાં પ્રવેશ લઈ શક્યા નહીં.
એક આખું વર્ષ જાણે તેમના હાથમાંથી સરકી ગયું.
એક વર્ષ...
કાગળ પર જોઈએ તો કદાચ માત્ર બાર મહિના.

પરંતુ એક સપનું સાકાર કરવાની રાહ જોતા યુવાન અને તેના કુટુંબ માટે તે અસંખ્ય પ્રશ્નો, અનિશ્ચિતતા અને ધીરજની કસોટીથી ભરેલો સમય હતો.
ઘણા લોકો આવી પરિસ્થિતિમાં પોતાનું લક્ષ્ય બદલી નાખે.
કેટલાક પોતાના સપનાઓ સાથે સમાધાન કરી લે.
પરંતુ શયબાને એવું કર્યું નહીં.
તેમણે સમયને માન આપી ધીરજથી કામ લેવાનો નિર્ણય કર્યો.
તેમણે પોતાની જાતને વધુ મજબૂત બનાવવાનો નિર્ણય કર્યો.

આ સમય દરમિયાન શયબાન તેમના પિતા અને ભાઈ સાથે મારા ઘરે પણ આવ્યા.
અમે લાંબી ચર્ચા કરી.
માત્ર એક યુનિવર્સિટી વિશે નહીં...
પરંતુ આખા ભવિષ્ય વિશે.
વિવિધ દેશોની યુનિવર્સિટીઓ, અભ્યાસક્રમો, શિષ્યવૃત્તિની તકો અને વૈશ્વિક કારકિર્દીના માર્ગો અંગે વિગતવાર વિચારવિમર્શ થયો.
ચર્ચાનો અંત એક જ નિર્ણય સાથે આવ્યો—
***"પ્રયત્ન અટકાવવાનો નથી."***
ફરીથી અરજીઓ કરવામાં આવી.
ફરીથી દસ્તાવેજો તૈયાર કરવામાં આવ્યા.
ફરીથી રાહ જોવામાં આવી.
અને અંતે...
ધીરજ જીતી.
શયબાનને ફરી એકવાર **King Fahd University of Petroleum and Minerals**માં માસ્ટર ડિગ્રી માટે પ્રવેશ મળ્યો.
આ વખતે આ માત્ર એક પ્રવેશપત્ર (Admission Letter) નહોતો.

તે સતત સંઘર્ષ, અડગ વિશ્વાસ, માતા-પિતાની દુઆ, યોગ્ય માર્ગદર્શન અને ક્યારેય હાર ન માનવાની ભાવનાનું જીવંત પ્રમાણપત્ર હતું.
કેટલીક સફળતાઓ ડિગ્રી મળવાથી પણ મોટી હોય છે.
કારણ કે આવી સફળતા પ્રાપ્ત કરતાં પહેલાં માણસ પોતાને જીતે છે.
***શયબાને પણ સૌથી પહેલાં પોતાની અંદરની નિરાશાને હરાવી હતી.***
***અને કદાચ એટલા માટે જ તેમની આગળની સફળતા વધુ અર્થપૂર્ણ બની.***

**વિશ્વ સુધીની ઉડાન — જ્યારે સપનાઓને પાંખો મળી**

જીવનમાં કેટલીક ક્ષણો એવી હોય છે, જે વર્ષો સુધી કરેલા પરિશ્રમ, ધીરજ અને અડગ વિશ્વાસનું સૌથી સુંદર ફળ બનીને આવે છે.
શયબાનના જીવનમાં પણ એવી જ એક ક્ષણ આવી.
વિશ્વવિખ્યાત **King Fahd University of Petroleum and Minerals (KFUPM)**માં માસ્ટર ડિગ્રી માટે તેમનો પ્રવેશ નિશ્ચિત થયો.
આ સમાચાર માત્ર એક વિદ્યાર્થી માટે જ નહીં, પરંતુ સમગ્ર પરિવાર માટે ગૌરવની ક્ષણ હતા.
એક સામાન્ય અને આર્થિક રીતે મર્યાદિત પરિવારમાંથી નીકળેલો યુવાન આજે વિશ્વની અગ્રણી પેટ્રોલિયમ યુનિવર્સિટીમાં ઉચ્ચ અભ્યાસ કરવા જઈ રહ્યો હતો.
આ સિદ્ધિ પાછળ માત્ર શૈક્ષણિક પ્રતિભા નહોતી.
તેની પાછળ વર્ષોની મહેનત હતી.
યોગ્ય સમયે લેવાયેલા નિર્ણયો હતા.
માતા-પિતાનો અતૂટ વિશ્વાસ હતો.
માર્ગદર્શન આપનાર લોકોની નિઃસ્વાર્થ ભાવના હતી.
અને સૌથી મહત્વનું—
***હાર સ્વીકારવાનો ઇનકાર હતો.***

વિશ્વવિદ્યાલયમાં અભ્યાસ દરમિયાન શયબાનને દર મહિને અંદાજે રૂ. ૭૦,૦૦૦થી રૂ. ૮૦,૦૦૦ જેટલી શિષ્યવૃત્તિ (Scholarship) પ્રાપ્ત થતી હતી.

આ ઉપરાંત રહેવા માટે આધુનિક હોસ્ટેલ, ગુણવત્તાસભર ભોજન, આરોગ્યસેવાઓ, વિશ્વસ્તરીય લાઇબ્રેરી, અદ્યતન પ્રયોગશાળાઓ, સંશોધન માટેનું ઉત્તમ વાતાવરણ તથા હવાઈ મુસાફરી જેવી અનેક સુવિધાઓ પણ યુનિવર્સિટી દ્વારા પૂરી પાડવામાં આવતી હતી.

એક સમય એવો હતો, જ્યારે આ જ પરિવાર પોતાના પુત્રના ઉચ્ચ શિક્ષણના ખર્ચ વિશે વિચારતો હતો.

અને આજે...

વિશ્વસ્તરની યુનિવર્સિટી જ એ વિદ્યાર્થીના જ્ઞાનમાં રોકાણ કરી રહી હતી.

આ દૃશ્ય આપણને એક અમૂલ્ય પાઠ શીખવે છે.

***પ્રતિભા જ્યારે યોગ્ય દિશા અને યોગ્ય તક સાથે જોડાય છે, ત્યારે વિશ્વની શ્રેષ્ઠ સંસ્થાઓ પણ તેના માટે પોતાના દરવાજા ખોલી દે છે.***

શયબાને માત્ર અભ્યાસ જ કર્યો નહોતો.

તેમણે વિશ્વસ્તરીય શિક્ષણવ્યવસ્થાને નજીકથી જાણી.

આંતરરાષ્ટ્રીય પ્રોફેસરો પાસેથી શીખ્યા.

વિવિધ દેશોના વિદ્યાર્થીઓ સાથે કાર્ય કર્યું.

આધુનિક સંશોધન પદ્ધતિઓનો અનુભવ મેળવ્યો.

***અને સૌથી અગત્યનું—***

***તેમણે પોતાની વિચારસરણીને સ્થાનિક સીમાઓમાંથી બહાર કાઢીને વૈશ્વિક દૃષ્ટિકોણ આપ્યો.***

કારણ કે સાચું શિક્ષણ માત્ર ડિગ્રી આપતું નથી.

તે માણસને દુનિયાને નવી દૃષ્ટિથી જોવાનું શીખવે છે.

માસ્ટર ડિગ્રી પૂર્ણ કર્યા પછી શયબાનની વ્યાવસાયિક સફરમાં વધુ એક ગૌરવપૂર્ણ અધ્યાય ઉમેરાયો.

તેમની પસંદગી નાઇજીરિયામાં કાર્યરત આંતરરાષ્ટ્રીય પ્રતિષ્ઠા ધરાવતી Sterling Oil Exploration & Energy Production Company Limited (SEEPCO)માં '**Petroleum Reservoir Engineer'** તરીકે થઈ.

આ જવાબદારી માત્ર એક નોકરી નહોતી.

તે વિશ્વના ઊર્જા ઉદ્યોગના અત્યંત મહત્વપૂર્ણ અને વિશિષ્ટ તકનીકી ક્ષેત્રમાં કાર્ય કરવાની તક હતી.

આ પદ પર તેઓ જમીનની અંદર આવેલા તેલ અને કુદરતી ગેસના ભંડારોનું વૈજ્ઞાનિક વિશ્લેષણ કરે છે, રિઝર્વોયરના વર્તનનો અભ્યાસ કરે છે, ઉત્પાદન ક્ષમતા વધારવા માટે વ્યૂહરચનાઓ તૈયાર કરે છે, ઓઈલ વેલ્સના પ્રદર્શનનું મૂલ્યાંકન કરે છે અને ઊર્જા સંસાધનોનો મહત્તમ તથા કાર્યક્ષમ ઉપયોગ સુનિશ્ચિત કરવામાં મહત્વપૂર્ણ યોગદાન આપે છે.

ક્યારેક અંકપત્રકમાં લખાયેલા ગુણ વિદ્યાર્થીની પ્રતિભા દર્શાવે છે.

પરંતુ વર્ષો પછી તેના કાર્યની ગુણવત્તા તેની સાચી ઓળખ બનાવે છે.

આજે શયબાન બોડાની ઓળખ માત્ર ટંકારીઆના પ્રથમ પેટ્રોલિયમ એન્જિનિયર તરીકે નથી.

તેમની ઓળખ એવા ભારતીય યુવા એન્જિનિયર તરીકે છે, જે વિશ્વના ઊર્જા ક્ષેત્રમાં પોતાની તકનીકી કુશળતા અને સમર્પણ દ્વારા આગવી છાપ છોડી રહ્યા છે.

અહીં પહોંચીને તેમની જીવનયાત્રા પૂર્ણ થતી નથી.

વાસ્તવમાં, અહીંથી જ તેમની સફળતાનો સાચો અર્થ શરૂ થાય છે.

કારણ કે કેટલીક સફળતાઓ માત્ર વ્યક્તિને ઊંચાઈ સુધી પહોંચાડતી નથી...

તે પોતાની પાછળ આવનારા લોકો માટે માર્ગદર્શક દીવાદાંડી બની જાય છે.

આજે ટંકારીઆનો કોઈ વિદ્યાર્થી જો પેટ્રોલિયમ એન્જિનિયર બનવાનું સપનું જુએ છે, તો તે માત્ર કલ્પના કરતો નથી.

તેની સામે એક જીવંત ઉદાહરણ ઊભું છે.

તે જાણે છે કે આ માર્ગ પર પહેલું સફળ પગલું કોઈ મૂકી ચૂક્યું છે.
અને કદાચ આ જ કોઈપણ સફળતાની સૌથી મોટી અસર હોય છે.
તે બીજા લોકો માટે અશક્યને શક્ય બનાવી દે છે.

***એક યુવાનની સફળતા નહીં... એક પેઢીની સંભાવના***

શયબાન બોડાની આ સફર માત્ર એક વ્યક્તિની સફળતાની ગાથા નથી.
આ માતા-પિતાના વિશ્વાસની ગાથા છે.
આ યોગ્ય સમયે મળેલા યોગ્ય માર્ગદર્શનની ગાથા છે.
આ શિક્ષણની શક્તિની ગાથા છે.
અને સૌથી મહત્વની વાત—
***આ ક્યારેય હાર ન માનવાના અડગ સંકલ્પની ગાથા છે.***
એક સમય એવો હતો, જ્યારે એક સામાન્ય ગામડાના વિદ્યાર્થી માટે વિશ્વવિખ્યાત યુનિવર્સિટીમાં અભ્યાસ કરવાનો વિચાર પણ દૂરના સપના જેવો લાગતો હતો.
આજે એ જ વિદ્યાર્થી વિશ્વના ઊર્જા ઉદ્યોગના અતિમહત્વના ક્ષેત્રમાં પોતાની પ્રતિભાનો પરિચય આપી રહ્યો છે.
આ પરિવર્તન એક દિવસમાં આવ્યું નથી.
તે અસંખ્ય નાના નિર્ણયોનું પરિણામ છે.
દરેક યોગ્ય નિર્ણય...
દરેક નિષ્ફળતા પછીનો નવો પ્રયાસ...
દરેક મુશ્કેલી સામે જાળવેલો આત્મવિશ્વાસ...
અને દરેક પડકાર પછી ફરી આગળ વધવાની તૈયારી...
આ બધાએ મળીને એક સામાન્ય યુવાનને અસામાન્ય ઊંચાઈ સુધી પહોંચાડ્યો છે.
શયબાનની સફર આપણને એક અત્યંત મહત્વનો જીવનપાઠ શીખવે છે.
આર્થિક મર્યાદા સપનાઓની સૌથી મોટી દુશ્મન નથી.
ગામડું સફળતાના માર્ગમાં અવરોધ નથી.

સંસાધનોનો અભાવ પણ અંતિમ મર્યાદા નથી.

***સૌથી મોટી મર્યાદા ત્યારે ઊભી થાય છે, જ્યારે માણસ પોતાના સપનાઓને પોતાની પરિસ્થિતિ કરતાં નાનાં બનાવી દે છે.***

યોગ્ય માહિતી...

યોગ્ય માર્ગદર્શન...

સતત મહેનત...

સમયસર લેવાયેલા નિર્ણયો...

અને પોતાના પર અડગ વિશ્વાસ—

આ પાંચ શક્તિઓ કોઈપણ સામાન્ય યુવાનનું ભવિષ્ય બદલી શકે છે.

આજે કોઈ વિદ્યાર્થી આ પ્રકરણ વાંચી રહ્યો હોય, તો હું તેને માત્ર એક જ વાત કહેવા માંગું છું.

શયબાન બોડાની સફળતાને માત્ર પ્રશંસાની નજરે ન જોશો.

તેને એક સંદેશ તરીકે જોજો.

જો તે આ સફર કરી શકે છે...

તો તમે પણ કરી શકો છો.

કદાચ તમારો માર્ગ અલગ હશે.

કદાચ તમારું ક્ષેત્ર અલગ હશે.

કદાચ તમારો સંઘર્ષ પણ અલગ હશે.

પરંતુ સફળતાના સિદ્ધાંતો ક્યારેય બદલાતા નથી.

મોટાં સપનાઓ જુઓ.

યોગ્ય માર્ગદર્શન મેળવો.

સાચો નિર્ણય લો.

સતત શીખતા રહો.

અને પરિસ્થિતિ કરતાં પોતાના સંકલ્પને વધુ મજબૂત બનાવો.

મને સંપૂર્ણ વિશ્વાસ છે કે આવનારા વર્ષોમાં ટંકારીઆ, ગુજરાત અને ભારતના હજારો યુવાનો વિશ્વની અગ્રણી યુનિવર્સિટીઓમાં અભ્યાસ કરશે, આંતરરાષ્ટ્રીય કંપનીઓમાં નેતૃત્વની જવાબદારીઓ સંભાળશે અને વિશ્વના અતિમહત્વના પ્રોજેક્ટ્સમાં પોતાની પ્રતિભાનો પરિચય આપશે.

કદાચ તેમાંથી કોઈ આ ગ્રંથનો પણ વાચક હશે.

અને જો આ પ્રકરણ એક પણ યુવાનના મનમાં નવું સ્વપ્ન જગાડી શકે...

એક પણ પરિવારને પોતાના સંતાનના શિક્ષણ અંગે વધુ મોટો વિચાર કરવા પ્રેરિત કરી શકે...

એક પણ વિદ્યાર્થીને યોગ્ય સમયે યોગ્ય નિર્ણય લેવા માટે પ્રોત્સાહિત કરી શકે...

તો શયબાન બોડાની આ સફળતા માત્ર તેમની વ્યક્તિગત સિદ્ધિ નહીં રહે—

તે સમગ્ર સમાજની અમૂલ્ય સંપત્તિ બની જશે.

આ પ્રકરણનો અંત હું એક વિચાર સાથે કરવા ઇચ્છું છું—

***"સફળ લોકો રસ્તા શોધતા નથી; તેઓ રસ્તા બનાવે છે. અને જ્યારે એક માણસ રસ્તો બનાવે છે, ત્યારે તેના પગલાં પાછળથી હજારો લોકો માટે માર્ગ બની જાય છે."***

***શયબાન બોડાએ પોતાના માટે માત્ર કારકિર્દી બનાવી નથી.***

***તેમણે પોતાના પછી આવનારા યુવાનો માટે વિશ્વાસનો એક નવો માર્ગ બનાવ્યો છે.***

***હવે આ માર્ગ પર આગળ વધવાનો વારો...***

***તમારો છે...***


جامعة الملك فهد للبترول والمعادن

King Fahd University of Petroleum & Minerals

Based on the powers vested in the University Council
and upon the recommendation of the faculty

Mahammadshayban Irfan Boda

محمد بودا

has been conferred the degree of

درجة

Master of Science in Petroleum Engineering

ماجستير علوم في هندسة البترول


With all the rights, privileges and honors
thereunto appertaining

Graduation date
Dec. 29, 2025

مسجل الجامعة
University Registrar

رئيس الجامعة
University President

Student ID: 202314570, National/Resident ID: 2554764833



Pandit Deendayal Petroleum University

NAAC ACCREDITED 'A' GRADE

THE ACADEMIC COUNCIL
OF
PANDIT DEENDAYAL PETROLEUM UNIVERSITY
HEREBY MAKES IT KNOWN THAT
*Boda Mahammadshayban Irfan*
OF THE
SCHOOL OF PETROLEUM TECHNOLOGY
HAVING SATISFIED ALL THE PROGRAMME REQUIREMENTS BY JULY 2020
HAS BEEN CONFERRED THE DEGREE
OF
BACHELOR OF TECHNOLOGY (PETROLEUM ENGINEERING) (MAJOR - UPSTREAM)
WITH ALL THE RIGHTS AND PRIVILEGES THERETO APPERTAINING
AT THE CONVOCATION HELD ON NOVEMBER 21, 2020.
IN TESTIMONY THEREOF THE SEAL OF THE UNIVERSITY AND SIGNATURE OF THE DIRECTOR GENERAL
ARE HEREUNTO AFFIXED.

PLACE : GANDHINAGAR

DIRECTOR GENERAL




KFUPM








*KFUPM*





*KFUPM*





*Shayban Boda during the final oral examination in which a student defends their research findings before a panel of examiners*

# ૪

# અમીન ગુલામ ઇપલી

## સતત શીખવાની તલપથી વિશ્વકક્ષાની કારકિર્દી સુધી

***"મંઝિલ સુધી પહોંચવાનો માર્ગ માત્ર મહેનતથી જ તૈયાર થતો નથી; યોગ્ય કૌશલ્ય, સતત શીખવાની તલપ અને સમય સાથે પોતાની જાતને વધુ સક્ષમ બનાવવાની તૈયારી પણ એટલી જ જરૂરી છે."***

વિશ્વ સતત બદલાઈ રહ્યું છે. નવી ટેક્નોલોજીઓ આવી રહી છે. ઔદ્યોગિક ધોરણો વધુ કડક અને વધુ આધુનિક બની રહ્યા છે. આવા સમયમાં માત્ર એન્જિનિયરિંગની ડિગ્રી મેળવવી પૂરતી નથી. આજે આંતરરાષ્ટ્રીય ઉદ્યોગો એવા વ્યાવસાયિકોની શોધમાં છે, જેઓ માત્ર શૈક્ષણિક લાયકાત ધરાવતા જ ન હોય, પરંતુ વૈશ્વિક ધોરણો અનુસાર પોતાની તકનીકી ક્ષમતાનો પુરાવો પણ આપી શકે.

ટંકારીઆ ગામના મિકેનિકલ એન્જિનિયર અમીન ઇપલીની કારકિર્દી આ સત્યનું જીવંત ઉદાહરણ છે.

તેમની સફળતા આપણને શીખવે છે કે કારકિર્દીનું નિર્માણ માત્ર ડિગ્રીથી થતું નથી; તે સતત શીખવાની જિજ્ઞાસા, પોતાની જાતને વધુ સક્ષમ બનાવવાની તૈયારી અને સમયની સાથે સતત વિકસતા રહેવાની વિચારસરણીથી ઘડાય છે.

મિકેનિકલ એન્જિનિયરિંગ પૂર્ણ કર્યા પછી અમીને પોતાના વ્યવસાયિક જીવનનો મજબૂત પાયો તૈયાર કર્યો. પરંતુ તેમણે ખૂબ જ વહેલી તકે એક મહત્વપૂર્ણ વાત સમજી લીધી હતી—

માત્ર ડિગ્રી તમને શરૂઆત અપાવી શકે છે.

પરંતુ આંતરરાષ્ટ્રીય કારકિર્દીમાં આગળ વધવા માટે વિશિષ્ટ કૌશલ્ય અને વૈશ્વિક માન્યતા ધરાવતા પ્રમાણપત્રો અનિવાર્ય છે.

આ જ વિચાર તેમની કારકિર્દીનું નિર્ણાયક વળાંક બન્યો.
પોતાની તકનીકી કુશળતાને વધુ મજબૂત બનાવવા માટે તેમણે **The Welding Institute (TWI), Cambridge, United Kingdom** દ્વારા આપવામાં આવતું વિશ્વપ્રસિદ્ધ **CSWIP Certification** સફળતાપૂર્વક પ્રાપ્ત કર્યું.
વેલ્ડિંગ, ઇન્સ્પેક્શન અને **ક્વૉલિટી કંટ્રોલ ક્ષેત્રમાં** કાર્યરત વ્યાવસાયિકો માટે આ પ્રમાણપત્ર વિશ્વની સૌથી પ્રતિષ્ઠિત લાયકાતોમાંનું એક માનવામાં આવે છે. વિશ્વભરની અગ્રણી EPC કંપનીઓ, ઓઇલ એન્ડ ગૅસ પ્રોજેક્ટ્સ, રિફાઇનરીઓ, પાઇપલાઇન્સ, પાવર પ્લાન્ટ્સ અને મેગા ઇન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સમાં **CSWIP** પ્રમાણપત્ર ધરાવતા નિષ્ણાતોને વિશેષ મહત્વ આપવામાં આવે છે.

પરંતુ અમીનની શીખવાની યાત્રા અહીં અટકી નહીં.
તેમણે પોતાની વ્યાવસાયિક ક્ષમતાને વધુ વિસ્તૃત કરવા માટે **The American Society for Nondestructive Testing (ASNT)** ના **Level-II** ના ચાર અલગ-અલગ આંતરરાષ્ટ્રીય પ્રમાણપત્રો પણ સફળતાપૂર્વક પ્રાપ્ત કર્યા.
આ પ્રમાણપત્રો માત્ર કાગળ પરની લાયકાત નથી.
તે વિશ્વને આપેલી એક ખાતરી છે કે ધારક આંતરરાષ્ટ્રીય ધોરણો અનુસાર ગુણવત્તા, સલામતી અને તકનીકી નિરીક્ષણની જવાબદારી સફળતાપૂર્વક નિભાવવા માટે સક્ષમ છે.

સતત શીખવાની આ જ ભાવનાએ તેમની કારકિર્દીને નવી ઊંચાઈ આપી.
તેમને વિશ્વપ્રસિદ્ધ **Doha Metro Rail Project** માં શરૂઆતથી લઈને પ્રોજેક્ટ પૂર્ણ થાય ત્યાં સુધી કાર્ય કરવાની મહત્વપૂર્ણ તક મળી.
કોઈપણ મેગા ઇન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટમાં શરૂઆતથી અંત સુધી જોડાયેલા રહેવાનો અનુભવ અત્યંત મૂલ્યવાન ગણાય છે, કારણ કે તેમાં આયોજનથી લઈને અમલીકરણ, ગુણવત્તા નિયંત્રણ, તકનીકી પડકારો, આંતરરાષ્ટ્રીય ધોરણોનું પાલન અને પ્રોજેક્ટ

પૂર્ણતા સુધીની સમગ્ર પ્રક્રિયાને નજીકથી સમજવાનો અમૂલ્ય અનુભવ પ્રાપ્ત થાય છે.

આજે અમીન ઇપલી ઝામ્બિયામાં સ્થિત **Kingsworth Group Limited**માં પોતાની સેવાઓ આપી રહ્યા છે.
આ તેમની વ્યક્તિગત સિદ્ધિ કરતાં પણ વધુ એક પ્રેરણાદાયી સંદેશ છે—
જ્યારે પ્રતિભા યોગ્ય કૌશલ્ય, આંતરરાષ્ટ્રીય પ્રમાણપત્રો અને સતત શીખવાની તલપ સાથે જોડાય છે, ત્યારે વિશ્વના અવસરોના દ્વાર આપોઆપ ખુલ્લા થઈ જાય છે.
અમીનની કારકિર્દી ખાસ કરીને એવા વિદ્યાર્થીઓ માટે પ્રેરણાસ્ત્રોત છે, જેઓ માને છે કે ડિગ્રી પ્રાપ્ત કર્યા પછી શીખવાની પ્રક્રિયા પૂર્ણ થઈ જાય છે.
પરંતુ હકીકત તેનાથી બિલકુલ વિપરીત છે.
આંતરરાષ્ટ્રીય કારકિર્દીમાં સૌથી ઝડપથી આગળ વધતા લોકો એ જ હોય છે, જેઓ દર વર્ષે કંઈક નવું શીખે છે,
નવી ટેક્નોલોજી અપનાવે છે.
પોતાની વ્યાવસાયિક ક્ષમતામાં સતત વધારો કરે છે.
અને સમયની સાથે પોતાને સતત અપડેટ રાખે છે.
અમીન ઇપલીની સફર આપણને માત્ર એક જ સંદેશ આપે છે—
***"જો તમે તમારી જાતમાં સતત રોકાણ કરશો, તો એક દિવસ સમગ્ર વિશ્વ તમારા પર વિશ્વાસ કરશે."***
ડિગ્રી તમારી શરૂઆત છે.
કૌશલ્ય તમારી ઓળખ છે.
આંતરરાષ્ટ્રીય પ્રમાણપત્રો તમારી વિશ્વસનીયતા છે.
અને સતત શીખવાની તલપ...
તમારી કારકિર્દીની સૌથી મોટી મૂડી છે.
આ પ્રકરણ દ્વારા હું દરેક યુવાનને માત્ર એક જ વાત કહેવા માંગું છું—

જો તમારું સ્વપ્ન આંતરરાષ્ટ્રીય પ્રોજેક્ટ્સમાં કામ કરવાનું હોય, તો માત્ર ડિગ્રી મેળવવાથી સંતોષ ન માનો.

તમારી કુશળતામાં સતત વધારો કરો.

નવી લાયકાતો મેળવો.

આંતરરાષ્ટ્રીય ધોરણોને સમજો.


અને શીખવાની પ્રક્રિયાને ક્યારેય પૂર્ણ થયેલી ન માનો.

કારણ કે—

***"તમારી ડિગ્રી તમને પ્રથમ તક અપાવી શકે છે, પરંતુ તમારી કુશળતા, સતત વિકાસ કરવાની ભાવના અને શીખવાની અવિરત તલપ જ તમને વિશ્વના શ્રેષ્ઠ પ્રોજેક્ટ્સ સુધી પહોંચાડે છે."***

**LinkedIn પ્રોફાઇલ: Amin Ipli**

https://www.linkedin.com/in/amin-g-ipli-0a474173/ આ લિંક પર ક્લિક કરો.



# Certificate of Proficiency

UKAS 025

***BS EN ISO 17637 Non-destructive testing of welds, visual testing of fusion-welded joints***

CSWIP CERT NO 402427

This is to certify that:

**Muhammed Amin Gulam Ahmed Ipli**

Date of birth 11 October 1969

has demonstrated proficiency in fusion welding inspection as a Welding Inspector in accordance with the CSWIP requirements published in Document CSWIP-WI-6-92, 15th Edition April 2017 and amendments in force on the examination date.

Date of issue 14 April 2020

Date of expiry 5 March 2025

Signed (For CSWIP)

SIGNATURE OF HOLDER
(Person named above) Date

**NEW EMPLOYERS SHOULD ALWAYS ASK TO SEE THE CERTIFICATE HOLDER'S TWI CERTIFICATION LTD IDENTITY CARD, AND VERIFY CERTIFICATE VALIDITY AT WWW.CSWIP.COM**

PLEASE READ THE NOTES OVERLEAF

Photocopies are unauthorised by TWI Certification Ltd

Issued by:
TWI Certification Ltd, Granta Park, Great Abington, Cambridge CB21 6AL, UK

The use of the UKAS Accreditation Mark indicates accreditation in respect of those activities covered by Accreditation Certificate No. 025
**This certificate is the property of TWI Certification Ltd and must be surrendered on request**

TWI (The Welding Institute, based in the UK). It aligns heavily with European and ISO standards (e.g., ISO 15614 for procedures, ISO 9606 for welder qualifications). It is the preferred standard in the international Oil & Gas sector.



*Doha Metro દોહા મેટ્રો*

From Wikipedia, the free encyclopaedia

The Doha Metro (Arabic: مترو الدوحة, romanized: Mitru ad-Dawha) is a rapid transit system in the Doha Metropolitan Area, including Qatar's capital city Doha, which became operational on 8 May 2019.[2] It has three lines with an approximate overall length of 76 km (47 mi) and 37 stations. It is an integral component of the wider Qatar Rail network, which will include a long-distance rail for passengers and freight, linking Qatar to the GCC, and the Lusail LRT. Capable of reaching 100 km/h (62 mph), the Doha Metro has one of the fastest driverless trains in the world.[3][4]




*Doha Metro દોહા મેટ્રો*



*From Doha International Airport to Mushaireb Central Station.*



*Doha Metro* દોહા મેટ્રો





*Kingsworth Group Limited*







*Kingsworth Group Limited*






*Kingsworth Group Limited*



*Amin Ipli* અમીન ઇપલી

# ૫

# સફવાન નસીબુલગની ચટી

## અનુભવથી ઘડાયેલી કારકિર્દી, વિશ્વાસથી ઊભી થયેલી ઓળખ

આજના સમયમાં ઘણા યુવાનો ઝડપથી સફળતા મેળવવાનું સ્વપ્ન જુએ છે. તેઓ ઘણી વખત સફળતાનું શિખર તો જુએ છે, પરંતુ ત્યાં સુધી પહોંચવા માટે કરવો પડતો વર્ષોનો પરિશ્રમ, સતત શીખવાની પ્રક્રિયા અને અનુભવનું મૂલ્ય નજરઅંદાજ કરી દે છે.

ટંકારીઆ ગામના મિકેનિકલ એન્જિનિયર સફવાન નસીબુલગની યુસુફ ચટીની સફળતા કોઈ એક મોટી તકનું પરિણામ નથી. તે વર્ષો સુધી વિવિધ ઔદ્યોગિક પ્રોજેક્ટ્સમાં મેળવેલા અનુભવ, પોતાની ક્ષમતાઓને સતત વિકસાવવાની તત્પરતા અને દરેક નવી જવાબદારીને શીખવાની તક તરીકે સ્વીકારવાની વિચારસરણીનું પરિણામ છે.

મિકેનિકલ એન્જિનિયરિંગ પૂર્ણ કર્યા પછી સફવાને ખૂબ જ વહેલી તકે સમજી લીધું હતું કે માત્ર ડિગ્રી વ્યાવસાયિક સફળતા માટે પૂરતી નથી. લાંબા ગાળે આગળ વધવા માટે મજબૂત તકનીકી જ્ઞાન, ગુણવત્તા પ્રત્યેની અડગ પ્રતિબદ્ધતા અને આંતરરાષ્ટ્રીય ધોરણોની ઊંડી સમજ અનિવાર્ય છે.

આ જ દૃષ્ટિકોણ સાથે તેમણે **The American Society for Nondestructive Testing (ASNT)** ના Level-II ના ચાર આંતરરાષ્ટ્રીય પ્રમાણપત્રો સફળતાપૂર્વક પ્રાપ્ત કર્યા. આ પ્રમાણપત્રોએ તેમની તકનીકી કુશળતાને નવી ઊંચાઈએ પહોંચાડી અને ઇન્સ્પેક્શન તથા ક્વૉલિટી કંટ્રોલ ક્ષેત્રમાં તેમની વ્યાવસાયિક ઓળખને વધુ મજબૂત બનાવી.

ત્યારબાદ શરૂ થઈ તેમની કારકિર્દીની સાચી સફર—

એક એવી સફર, જેમાં દરેક પ્રોજેક્ટ એક નવી શાળા બન્યો અને દરેક જવાબદારી એક નવો પાઠ.

તેમની પ્રથમ નિમણૂક આંધ્ર પ્રદેશમાં **GAIL (India) Limited** ના પ્રોજેક્ટમાં થઈ. કારકિર્દીની શરૂઆતમાં મળેલો આ અનુભવ તેમના માટે મજબૂત પાયો સાબિત થયો. અહીં તેમણે ઔદ્યોગિક પ્રોજેક્ટ્સની વાસ્તવિક કાર્યપદ્ધતિ, ફિલ્ડ એક્ઝિક્યુશન, ઇન્સ્પેક્શન, ગુણવત્તા નિયંત્રણ અને તકનીકી શિસ્તને ખૂબ નજીકથી સમજવાની તક મેળવી.
પરંતુ સફવાન માટે આ માત્ર શરૂઆત હતી.
તેમણે એક પછી એક નવા પડકારોને સ્વીકાર્યા અને ભારતના વિવિધ રાજ્યોમાં આવેલા અગ્રણી ઔદ્યોગિક પ્રોજેક્ટ્સમાં કાર્ય કરીને પોતાના અનુભવનો વ્યાપ સતત વિસ્તૃત કર્યો.

તેમની કારકિર્દીમાં GAIL (India) Limited, Reliance Industries Limited, Jamnagar, Indian Oil Corporation Limited (IOCL), Chennai Petroleum Corporation Limited (CPCL) તથા Nuclear Power Corporation of India Limited (NPCIL) જેવી દેશની અગ્રણી સંસ્થાઓ સાથે કાર્ય કરવાનો અમૂલ્ય અનુભવ સામેલ છે.
આ સંસ્થાઓ માત્ર નોકરીના સ્થળો નહોતા. દરેક પ્રોજેક્ટ એક નવી યુનિવર્સિટી હતો. દરેક સ્થળે નવી ટેક્નોલોજી, નવી કાર્યપદ્ધતિ, નવી જવાબદારીઓ અને નવી શીખ હતી. આ સતત મળતા અનુભવોના કારણે સફવાન માત્ર ઇન્સ્પેક્શન એન્જિનિયર રહ્યા નહીં; તેઓ એવા બહુમુખી વ્યાવસાયિક બન્યા, જે વિવિધ પ્રકારના ઔદ્યોગિક પ્રોજેક્ટ્સની જરૂરિયાતોને સમજી શકે, બદલાતી પરિસ્થિતિઓને સ્વીકારી શકે અને દરેક પડકારને આત્મવિશ્વાસ સાથે પાર કરી શકે.
આ જ અનુભવ તેમની આંતરરાષ્ટ્રીય કારકિર્દીનો આધાર બન્યો.

ત્યારબાદ તેઓ ઝામ્બિયામાં સ્થિત **Trade Kings Limited** સાથે સાઇટ મિકેનિકલ એન્જિનિયર તરીકે જોડાયા. અહીં તેમની જવાબદારી માત્ર મશીનો અથવા સાધનોના સ્થાપન સુધી મર્યાદિત નથી. વિવિધ ઔદ્યોગિક પ્લાન્ટ્સના ઇન્સ્ટોલેશન, પ્રોજેક્ટ એક્ઝિક્યુશન, ગુણવત્તા નિયંત્રણ, સલામતીના ધોરણોનું પાલન અને કમિશનિંગ (કાર્યપ્રારંભ) સુધીની સમગ્ર પ્રક્રિયામાં તેઓ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહ્યા છે.

તેમણે સાબુ ઉત્પાદન પ્લાન્ટ, ડિટર્જન્ટ પાવડર પ્લાન્ટ, સિલિકેટ પ્લાન્ટ અને બોઇલર પ્લાન્ટ જેવા અનેક મહત્વપૂર્ણ ઔદ્યોગિક પ્રોજેક્ટ્સમાં નોંધપાત્ર યોગદાન આપ્યું છે.
આ તમામ જવાબદારીઓ એક જ વાત સાબિત કરે છે—
વિશ્વાસ હંમેશા અનુભવના પાયા પર ઊભો રહે છે.
સફવાનની કારકિર્દી યુવાનોને એક અત્યંત મહત્વપૂર્ણ જીવનપાઠ શીખવે છે.
ઘણા લોકો પોતાની પ્રથમ નોકરીને જ અંતિમ લક્ષ્ય માની લે છે.
જ્યારે હકીકતમાં...
પ્રથમ નોકરી તો માત્ર પ્રથમ પગથિયું હોય છે; દરેક પ્રોજેક્ટ તમને કંઈક નવું શીખવે છે.
દરેક નવી જવાબદારી તમને વધુ સક્ષમ બનાવે છે. અને વર્ષો સુધી મેળવેલા આ નાના-નાના અનુભવો એક દિવસ એવી મજબૂત ઓળખ સર્જે છે કે વિશ્વના કોઈપણ ખૂણામાં નવી તકો તમારા માટે ખુલ્લી થઈ જાય છે. સફવાન ચટીની સફર ખાસ કરીને એવા યુવાનો માટે પ્રેરણારૂપ છે, જેઓ માને છે કે સફળતા સુધી પહોંચવાનો કોઈ શોર્ટકટ હોય છે.
પરંતુ વાસ્તવિકતા એ છે કે—
સફળતાનો કોઈ શોર્ટકટ નથી.
અનુભવનો કોઈ વિકલ્પ નથી.
અને શીખવાની પ્રક્રિયાનો કોઈ અંત નથી.
આ પ્રકરણ દ્વારા હું યુવાનોને માત્ર એક જ સંદેશ આપવા માંગું છું—

***દરેક પ્રોજેક્ટને માત્ર નોકરી તરીકે નહીં, પરંતુ પોતાની આગામી સફળતાની તૈયારી તરીકે જુઓ.***

કારણ કે આજે તમે જે અનુભવ મેળવી રહ્યા છો, તે જ આવતીકાલે વિશ્વના કોઈપણ ખૂણે તમારી ઓળખનું કારણ બનશે.

આ પ્રકરણનો અંત હું એક વિચાર સાથે કરવા ઇચ્છું છું—

***"કારકિર્દી કોઈ દોડ નથી, જેમાં સૌથી પહેલાં પહોંચવું જરૂરી હોય; કારકિર્દી તો એવી યાત્રા છે, જેમાં દરેક પગલું તમને વધુ કુશળ, વધુ પરિપક્વ અને વધુ વિશ્વાસપાત્ર બનાવે છે."***

સફવાન ચટીની સફર આપણને શીખવે છે કે જે વ્યક્તિ સતત શીખતો રહે છે, દરેક તકમાંથી કંઈક નવું શીખે છે, અનુભવ મેળવે છે અને પોતાની ગુણવત્તા સાથે ક્યારેય સમાધાન કરતો નથી, તેના માટે સફળતા માત્ર એક સંભાવના રહેતી નથી—

***તે તેના જીવનનું અનિવાર્ય પરિણામ બની જાય છે.***

**Safvan Chati**

**LinkedIn પ્રોફાઇલ**

https://www.linkedin.com/in/safvan-chati-207257124/









*Trade Kings Limited*


UMCIL











*Trade Kings Limited*





*Trade Kings Limited, Zambia*

# ૬

# અબ્દુલરેહમાન

## વિશ્વાસ, નેતૃત્વ અને વિશ્વકક્ષાના સ્ટેડિયમ સુધીની સફર

***"વિશ્વના સૌથી મોટા પ્રોજેક્ટ્સ માત્ર આધુનિક ટેક્નોલોજીથી સફળ થતા નથી; તેઓ એવા ટીમલીડરના નિર્ણયો પર ઊભા રહે છે, જેમના જ્ઞાન, શિસ્ત અને પ્રામાણિકતા પર આખી ટીમ નિઃશંક વિશ્વાસ મૂકી શકે."***

વિશ્વના અતિ પ્રતિષ્ઠિત ઇન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સમાં કામ કરવાની તક દરેક વ્યાવસાયિકને મળતી નથી. અને જો કોઈ એન્જિનિયરને એક પછી એક વિશ્વપ્રસિદ્ધ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ્સ અને ત્યારબાદ FIFA World Cup માટે નિર્માણ પામતા ભવ્ય સ્ટેડિયમોના ગુણવત્તા વ્યવસ્થાપનની જવાબદારી સોંપવામાં આવે, તો તે માત્ર વ્યાવસાયિક પ્રગતિ નથી—તે વર્ષોની નિષ્ઠા, સતત શ્રેષ્ઠ કામગીરી અને કમાયેલા વિશ્વાસની સત્તાવાર સ્વીકૃતિ છે.

કેરળના રહેવાસી અબ્દુલરેહમાનની કારકિર્દી એવી જ પ્રેરણાદાયી સફર છે, જેમાં દરેક નવી જવાબદારી તેમની અગાઉની પ્રામાણિક કામગીરીનું પરિણામ બની છે.

મારી તેમની સાથેની ઓળખ માત્ર સહકર્મચારી તરીકેની નહોતી. દોહા અને ત્યારબાદ જીદ્દાહના આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પ્રોજેક્ટ દરમિયાન નાસીરહુસેન, અબ્દુલરેહમાન અને મતીન મનમન એક જ રહેઠાણમાં સાથે રહેતા હતા.

પરિવારથી હજારો કિલોમીટર દૂર વિદેશમાં રહેતા લોકો માટે મિત્રતા માત્ર ઓળખનો સંબંધ રહેતો નથી; ધીમે-ધીમે તે પરિવારના સ્નેહમાં પરિવર્તિત થઈ જાય છે.

એકબીજાની સફળતામાં દિલથી ખુશ થવું...

મુશ્કેલ સમયમાં હિંમત આપવી...

અનુભવો વહેંચવા...

અને સતત એકબીજાને વધુ સારું કરવા પ્રેરિત કરવું...

આ બધું અમારા રોજિંદા જીવનનો સ્વાભાવિક હિસ્સો બની ગયું હતું.

અબ્દુલરેહમાને દોહા આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પ્રોજેક્ટમાં **'QC Engineer (ક્વૉલિટી કંટ્રોલ એન્જિનિયર)'** તરીકેની જવાબદારી નિભાવી હતી.

આંતરરાષ્ટ્રીય એરપોર્ટ જેવા મોટા પ્રોજેક્ટ્સમાં ગુણવત્તાના ધોરણો અત્યંત કડક હોય છે. અહીં દરેક નિરીક્ષણ, દરેક દસ્તાવેજ, દરેક પ્રક્રિયા અને દરેક નિર્ણય વૈશ્વિક ધોરણોને અનુરૂપ હોવો આવશ્યક બને છે. નાની લાગતી ભૂલ પણ ભવિષ્યમાં મોટા પરિણામો ઊભા કરી શકે છે.

આવા પડકારજનક વાતાવરણમાં અબ્દુલરેહમાને પોતાની તકનીકી કુશળતા, વ્યવસાયિક શિસ્ત અને ગુણવત્તા પ્રત્યેની અડગ પ્રતિબદ્ધતા દ્વારા એવી વિશ્વસનીયતા ઊભી કરી કે તેમના પર સતત વધુ મોટી જવાબદારીઓ સોંપવાનું શરૂ થયું.

વ્યાવસાયિક જીવનમાં સાચી ઓળખ એક દિવસમાં ઊભી થતી નથી. તે વર્ષો સુધી સતત ઉત્તમ કામગીરી આપવાથી બને છે. અને જ્યારે વિશ્વાસ કમાઈ લેવાય, ત્યારે નવી તકો પોતે જ તમારા દ્વાર ખખડાવે છે.

દોહા અને જીદ્દાહ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પ્રોજેક્ટ સફળતાપૂર્વક પૂર્ણ કર્યા બાદ તેમની પસંદગી કતારના Education City Stadium (એજ્યુકેશન સિટી સ્ટેડિયમ) પ્રોજેક્ટ માટે **QA/QC Manager** તરીકે થઈ.

આ હોદ્દો તેમની ક્ષમતા, નેતૃત્વ અને વિશ્વસનીયતાની સત્તાવાર સ્વીકૃતિ હતી.

Education City Stadium સામાન્ય રમતગમતનું મેદાન નહોતું. તે **FIFA World Cup** જેવા વિશ્વના સૌથી મોટા રમતોત્સવ માટે નિર્માણ પામેલા અદ્યતન અને પ્રતિષ્ઠિત સ્ટેડિયમોમાંનું એક હતું.

આવા પ્રોજેક્ટમાં QA/QC Manager તરીકેની જવાબદારીનો અર્થ માત્ર ગુણવત્તા તપાસવાનો નથી.

તેનો અર્થ છે—

• હજારો પ્રવૃત્તિઓ વચ્ચે ગુણવત્તાનું અવિરત સંરક્ષણ.
• અનેક ઇજનેરો, કન્સલ્ટન્ટ્સ અને કોન્ટ્રાક્ટરો વચ્ચે અસરકારક સંકલન.
• કડક સમયમર્યાદા વચ્ચે આંતરરાષ્ટ્રીય ધોરણોનું અક્ષરશઃ પાલન.
• દરેક નિર્ણય માટે સંપૂર્ણ જવાબદારી સ્વીકારવાની તૈયારી.

અબ્દુલરેહમાને આ તમામ જવાબદારીઓ સફળતાપૂર્વક નિભાવી અને ફરી એકવાર સાબિત કર્યું કે નેતૃત્વ હોદ્દાથી નહીં, પરંતુ કાર્યશૈલીથી પ્રાપ્ત થાય છે.

આજે તેમની કારકિર્દી વધુ એક ગૌરવપૂર્ણ શિખર તરફ આગળ વધી રહી છે.

હાલમાં તેઓ સાઉદી અરેબિયાના રિયાધ શહેરમાં નિર્માણાધીન **King Fahd International Stadium (કિંગ ફહદ ઇન્ટરનેશનલ સ્ટેડિયમ)** પ્રોજેક્ટમાં **QA/QC Manager** તરીકે સેવા આપી રહ્યા છે. ભાવિ FIFA World Cupને ધ્યાનમાં રાખીને વિકસાવવામાં આવી રહેલા આ મહત્વકાંક્ષી પ્રોજેક્ટમાં ગુણવત્તાની દરેક પ્રક્રિયા વૈશ્વિક અપેક્ષાઓને અનુરૂપ રહે તે સુનિશ્ચિત કરવાની જવાબદારી તેમના ખભા પર છે.

આવા પ્રોજેક્ટ્સમાં દરેક દિવસ નવી કસોટી લઈને આવે છે.

સમયમર્યાદા કડક હોય છે.

અપેક્ષાઓ અત્યંત ઊંચી હોય છે.

દબાણ અસાધારણ હોય છે.

પરંતુ સાચો લીડર દબાણથી ભાગતો નથી.

તે દબાણને દિશામાં ફેરવે છે.

તે પોતાની ટીમમાં આત્મવિશ્વાસ જાળવી રાખે છે.

અને દરેક પડકારને ગુણવત્તા, શિસ્ત અને જવાબદારી સાથે પાર કરે છે.

અબ્દુલરેહમાનની કારકિર્દી એક અત્યંત મહત્વપૂર્ણ જીવનપાઠ શીખવે છે.

કારકિર્દીની શરૂઆત તમારી ડિગ્રી કરાવે છે.

પરંતુ તમારી ઓળખ...

તમારી વિશ્વસનીયતા...

તમારું નેતૃત્વ...

અને તમારી પ્રતિષ્ઠા...

આ બધું વર્ષો સુધી કરેલા પ્રામાણિક કાર્ય, નિષ્ઠા અને સતત શ્રેષ્ઠતા જ ઘડે છે.

આ પ્રકરણ દ્વારા હું યુવાનોને ખાસ એક સંદેશ આપવા માંગું છું.

***દરેક નાની જવાબદારીને પણ એટલી જ ગંભીરતાથી નિભાવો, જેટલી ગંભીરતા તમે કોઈ મોટા હોદ્દા માટે રાખો છો.***

દરેક કાર્યમાં ગુણવત્તા સાથે ક્યારેય સમાધાન ન કરો.

શીખવાનું ક્યારેય બંધ ન કરો.

તમારી વિશ્વસનીયતાને તમારી સૌથી મોટી મૂડી બનાવો.

કારણ કે એક દિવસ એવી ક્ષણ જરૂર આવશે, જ્યારે તક માટે તમારે દરવાજા ખખડાવવાના નહીં પડે; વિશ્વના સૌથી મોટા પ્રોજેક્ટ્સ પોતે જ તમને શોધતા આવશે.

આ પ્રકરણનો અંત હું એક વિચાર સાથે કરવા ઇચ્છું છું—

***"નેતૃત્વ કોઈ હોદ્દાનું નામ નથી; નેતૃત્વ એ વર્ષો સુધી કમાયેલા વિશ્વાસનું બીજું નામ છે. અને વિશ્વાસ ક્યારેય શબ્દોથી નહીં, પરંતુ સતત પ્રામાણિક કાર્યથી કમાવવો પડે છે."***

અબ્દુલરેહમાનની સફર એ વાતનો જીવંત પુરાવો છે કે જ્યારે જ્ઞાન સાથે અનુભવ, અનુભવ સાથે શિસ્ત અને શિસ્ત સાથે ઉત્તમ ચારિત્ર્ય અને વ્યવસાયિક નૈતિકતા જોડાય, ત્યારે વિશ્વનું કોઈપણ મંચ દૂર રહેતું નથી.

***આંતરરાષ્ટ્રીય પ્રોજેક્ટ્સમાં કામ કરવાની તક કોઈને ભેટરૂપે મળતી નથી.***

તે પોતાની પ્રતિભા, વિશ્વસનીયતા, નેતૃત્વ અને વર્ષો સુધી જાળવેલી ગુણવત્તાની પ્રતિબદ્ધતા દ્વારા કમાવવી પડે છે.

અને જે વ્યાવસાયિક આ સત્યને સમજી લે છે, તેના માટે સફળતા માત્ર એક લક્ષ્ય રહેતી નથી—તે તેની ઓળખ બની જાય છે.




અબ્દુલરેહમાન સાથે નાસીરહુસેન લોટીયા- ડીનરના સમયે. દોહા એરપોર્ટ પ્રોજેક્ટ.

*Nasirhusen Lotiya with Abdulrehman – at dinner time. Doha Airport Project.*



મતીન મનમન, અબ્દુલરેહમાન અને ગેલીન - દોહા એરપોર્ટ પ્રોજેક્ટ




*King Fahd International Stadium, Riyadh, Saudi Arabia (FIFA World Cup Stadium)*







કિંગ ફહદ ઇન્ટરનેશનલ સ્ટેડિયમ, રિયાધ, સાઉદી અરેબિયા (ફીફા વર્લ્ડ કપ સ્ટેડિયમ)





એજ્યુકેશન સિટી સ્ટેડિયમ, કતાર (ફીફા વર્લ્ડ કપ સ્ટેડિયમ)



*Education City Stadium, Qatar (FIFA World Cup Stadium)*
*એજ્યુકેશન સિટી સ્ટેડિયમ, કતાર (ફીફા વર્લ્ડ કપ સ્ટેડિયમ)*

# ૭

# મતીન બશીર મનમન

## ચાર વિશ્વકક્ષાના મેગા પ્રોજેક્ટ્સ... ટંકારીઆના એન્જિનિયરની અસાધારણ સફર



*મક્કા મુક્કરમામાં મસ્જિદ અલ-હરમ (હરમ શરીફ)ના ભવ્ય વિસ્તરણ પ્રોજેક્ટની સાઇટ ઓફિસમાં **'પ્રોજેક્ટ એન્જિનિયર' મતીન મનમન.(2026).***

*પાછળ વ્હાઈટ બોર્ડ પર મસ્જિદ અલ-હરમ પ્રોજેક્ટના drawings નજરે પડે છે.*




*Matin Manman conducting roof inspection of the Cargo Terminal – Doha, Qatar-*
(04/01/2010)



મતીન મનમન દોહા એરપોર્ટના કાર્ગો ટર્મિનલ બિલ્ડીંગમાં *Third Party Inspector* સાથે ઇન્સ્પેકશન કરી રહ્યા છે.




*Matin Manman is performing the necessary testing for the "Calibrated wrench Method" for different bolt sizes. (20/06/2009)*




દોહા, કતારના નવા એરપોર્ટના કાર્ગો ટર્મિનલના ઇન્સ્પેકશન દરમિયાન નાસીરહુસેન લોટીયા અને મતીન મનમન



દોહા, કતાર એરપોર્ટ ખાતે નાસીરહુસેન લોટીયા અને મતીન મનમન



*Matin Manman, Mustakbhai Diwari, and Abdulbhai Bapuji at Doha Qatar Airport*

મુહંમદમતીન બશીર મનમનની વ્યાવસાયિક સફરની વાસ્તવિક શરૂઆત... તેમની યુવાનીના પ્રારંભિક વર્ષોમાં જ... વિદેશની ધરતી પર દોહા કતારના હમદ આંતરરાષ્ટ્રીય એરપોર્ટના મહત્વકાંક્ષી અને વિશ્વકક્ષાના મેગા પ્રોજેક્ટથી થઈ, એ પણ એક દુર્લભ ઘટના ગણાય. એરપોર્ટ પ્રોજેક્ટના મુખ્ય કોન્ટ્રાક્ટર ADCC–JVના મુખ્ય સબ-કોન્ટ્રાક્ટર **DSD Ferametalcoમાં તેઓ 'QC Engineer (ક્વૉલિટી કંટ્રોલ એન્જિનિયર)'** તરીકે જોડાયા. એ સમયગાળો માત્ર તેમની કારકિર્દીની શરૂઆત નહોતો; તે તેમના વ્યક્તિત્વને ઘડનાર એક મહત્વપૂર્ણ અધ્યાય પણ હતો.

જે તે સમયે હમદ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પ્રોજેક્ટના મુખ્ય કોન્ટ્રાક્ટર **ADCC–JVના** **'Lead Structural QA/QC Engineer'** તરીકે હું શરૂઆતથી જ જવાબદારી નિભાવી રહ્યો હતો. શરૂઆતથી લઈને પ્રોજેક્ટ પૂર્ણ થાય ત્યાં સુધી મતીને પણ આ પ્રોજેક્ટમાં કામ કર્યું હોવાથી તેમની કાર્યપદ્ધતિ, જવાબદારી પ્રત્યેનો અભિગમ અને કામ પ્રત્યેની નિષ્ઠાને ખૂબ નજીકથી જોવાની તક મને મળી.

દોહા એરપોર્ટ પ્રોજેક્ટ પૂરો થતાં જ મને પ્રમોશન મળ્યું અને સાઉદી અરેબિયાના જિદ્દાહ સ્થિત વિશ્વકક્ષાના **King Abdulaziz International Airport** પ્રોજેક્ટમાં **QA/QC Manager (ગુણવત્તા ખાતરી અને ગુણવત્તા નિયંત્રણ મેનેજર)** તરીકે મારી નિમણુંક થઈ. દોહા એરપોર્ટ પ્રોજેક્ટ પૂરો થતાં મતીન કેટલાક સમય માટે **Hitachi Power Africa, સાઉથ આફ્રિકા** ગયા. પછીથી તેઓ પણ જીદ્દાહ એરપોર્ટ પ્રોજેક્ટમાં **QC Engineer** તરીકે જોડાયા. આ પ્રોજેક્ટમાં પણ અમે બાંધકામ પૂર્ણ થયું ત્યાં સુધી, લગભગ શરૂઆતથી અંત સુધી સાથે કાર્યરત રહ્યા.

**આ બંને પ્રોજેક્ટ્સ દરમિયાન મેં એક વાત સ્પષ્ટપણે અનુભવી—**
મતીન માટે કામ ક્યારેય માત્ર નોકરી નહોતું.
તે તેમની ફરજ પણ નહોતું.
તે તેમના સ્વભાવનો અભિન્ન હિસ્સો હતું.
***જવાબદારી તેમના માટે સોંપવામાં આવતી વસ્તુ નહોતી; તેઓ તેને સ્વીકારતા હતા. કોઈપણ કાર્ય મળતાં જ તેઓ સ્વેચ્છાએ આગળ વધતા અને તેને સંપૂર્ણ નિષ્ઠા, ઉત્સાહ અને ધગશ સાથે પૂર્ણ કરવાની તત્પરતા દર્શાવતા.***

ઇજનેરી ક્ષેત્રમાં અનેક પ્રતિભાશાળી લોકો મળે છે. કેટલાક પોતાની ફરજ પૂરતી મહેનત કરે છે, જ્યારે કેટલાક પોતાની ફરજને પોતાની ઓળખ બનાવી દે છે. તેઓ ઓફિસમાં કામ કરતા હોય કે વર્ક સાઇટ પર ઇન્સ્પેકશનમાં વ્યસ્ત હોય, બંને જગ્યાએ

સમાન સમર્પણ સાથે કાર્ય કરે છે. તેમની ઓળખ તેમના હોદ્દાથી નહીં, પરંતુ તેમની કાર્યનિષ્ઠાથી બને છે.
મતીન એવા જ ઇજનેરોમાંના એક હતા.

જિદ્દાહ એરપોર્ટના મુખ્ય સ્ટીલ સ્ટ્રક્ચરનું નિર્માણ કરતી પ્રતિષ્ઠિત કંપની **'Roots Steel' ('Saudi Binladin Group')**માં તેમની કામગીરી અત્યંત પડકારજનક હતી. દરરોજ સેફ્ટી હાર્નેસ, હેલ્મેટ, સેફ્ટી ગોગલ્સ પહેરીને, ઇન્સ્પેક્શનના બધા સાધનો સાથે મેનલિફ્ટમાં કલાકો સુધી ઊંચાઈઓ પર રહી તેઓ એરપોર્ટના દરેક વિભાગનું નિરીક્ષણ/ટેસ્ટિંગ કરતા. વિશાળ સ્ટીલ સ્ટ્રક્ચર, પ્રચંડ ગરમી અને ઊંચાઈએ સતત સતર્કતા માગતી કામગીરી—આ બધું તેમની રોજિંદી જવાબદારીનો ભાગ હતું. થયેલા કાર્યને સ્વીકારવું અથવા અસ્વીકારીને તેને ફરીથી કરવાની સૂચના આપવી... જેવા અત્યંત મહત્વના અને અત્યંત કપરા નિર્ણયો તેમને લેવાના હતા.
કલાકો સુધી ઇન્સ્પેક્શન પૂર્ણ કરીને જ્યારે તેઓ જમીન પર પાછા ફરતા, ત્યારે ગરમીના કારણે તેમનું આખું શરીર પરસેવાથી ભીંજાઈ ગયું હોય. પરંતુ તેમના ચહેરા પર થાક કરતાં વધુ એક અદભુત સંતોષ દેખાતો—આજે પણ ગુણવત્તા સાથે કોઈ સમાધાન થયું નથી.
મેં આ દૃશ્ય માત્ર સાંભળેલું નથી; મેં તેને અસંખ્ય વખત પોતાની આંખે જોયું છે. તેથી જ હું સંપૂર્ણ જવાબદારી સાથે કહી શકું છું કે ***મતીનની ઓળખ માત્ર એક કુશળ QC Engineer તરીકે નહોતી, પરંતુ ગુણવત્તા પ્રત્યે અડગ પ્રતિબદ્ધતા ધરાવતા વ્યાવસાયિક તરીકે હતી.***

આજે જિદ્દાહના ભવ્ય પેસેન્જર ટર્મિનલમાંથી દરરોજ લાખો મુસાફરો પસાર થાય છે. કદાચ તેઓ ક્યારેય જાણશે નહીં કે આ વિશાળ સ્ટ્રક્ચરના અસંખ્ય ભાગોમાં ટંકારીઆ ગામના ઇજનેરોની મહેનત, તકનીકી કુશળતા અને ગુણવત્તા પ્રત્યેની અડગ પ્રતિબદ્ધતાનો પણ એક અમૂલ્ય હિસ્સો સમાયેલો છે.

પેસેન્જર ટર્મિનલનો એવો કોઈ વિભાગ નહીં હોય...
અથવા બોર્ડિંગ બ્રિજનો એવો કોઈ ભાગ નહીં હોય...
જ્યાં મતીનની કાર્યનિષ્ઠા અને સૂક્ષ્મ ઇન્સ્પેક્શનની છાપ અંકિત ન હોય.
પરંતુ તેમની કારકિર્દીનો સૌથી મહત્વપૂર્ણ અધ્યાય હજુ લખાવાનો બાકી હતો.
જિદ્દાહ એરપોર્ટનું ભવ્ય નિર્માણ હવે પૂર્ણતાના અંતિમ તબક્કામાં હતું. વર્ષો સુધી અનેક ઇજનેરો, સુપરવાઇઝરો, મેનેજરો અને હજારો કામદારોએ અવિરત પરિશ્રમ કરીને જે વિશ્વકક્ષાનું સ્વપ્ન સાકાર કર્યું હતું, તે હવે વિશ્વ સમક્ષ ગૌરવભેર ઊભું હતું. ધીમે-ધીમે વિવિધ દેશોમાંથી આવેલા વ્યાવસાયિકો પોતાની જવાબદારીઓ પૂર્ણ કરીને કોઈ નવા પ્રોજેક્ટ તરફ તો કોઈ નવી કારકિર્દીની દિશામાં આગળ વધવા લાગ્યા.

આ દરમિયાન મારી પણ નવી જીવનયાત્રાની શરૂઆત થવાની હતી. પ્રોજેક્ટના QA/QC મેનેજર (Quality Assurance/Quality Control Manager) તરીકે મને '**Project Closeout Committee'**માં '**Nominated Member'** તરીકે જવાબદારી સોંપવામાં આવી હતી. આ જવાબદારી મેં દોઢ વર્ષ સુધી નિભાવી. એરપોર્ટનું બાંધકામ પૂર્ણ થયું અને મારે મારા પરિવાર સાથે અમેરિકામાં સ્થાયી થવા જવું પડ્યું.

મારા અમેરિકાના પ્રસ્થાન પછી પ્રોજેક્ટના અંતિમ અને અત્યંત મહત્વપૂર્ણ તબક્કાની જવાબદારી સંપૂર્ણપણે મતીનના ખભા પર આવી. મને તે સમયે કદાચ ખ્યાલ પણ નહોતો કે આ જવાબદારી તેમની કારકિર્દીનું સૌથી ગૌરવપૂર્ણ પ્રકરણ બનવાની હતી—એક એવું પ્રકરણ, જ્યાં તેમની તકનીકી કુશળતા કરતાં પણ વધુ તેમના ચારિત્ર્ય, પ્રામાણિકતા અને વિશ્વસનીયતાની કસોટી થવાની હતી.
બાંધકામ પૂર્ણ થઈ જવું એ પ્રોજેક્ટનો અંત નથી હોતો.
ખરો અંત ત્યારે આવે છે, જ્યારે વર્ષો સુધી કરવામાં આવેલા દરેક કાર્યનો હિસાબ આપવાનો સમય આવે.

કોન્ટ્રાક્ટ મુજબ કંપનીની મોટી રકમ—Retention Money—હજુ પ્રોજેક્ટ ઓથોરિટી પાસે બાકી હતી. આ રકમ કંપનીને ત્યારે જ મળવાની હતી, જ્યારે કંપની પુરાવા સાથે સાબિત કરી શકે કે કરારની દરેક શરતનું અને દરેક ગુણવત્તા-ધોરણનું સંપૂર્ણ પાલન કરવામાં આવ્યું છે.

આ માત્ર વહીવટી પ્રક્રિયા નહોતી.

આ તો સમગ્ર પ્રોજેક્ટની વિશ્વસનીયતાની અંતિમ કસોટી હતી.

દરેક દસ્તાવેજ...

દરેક ઇન્સ્પેક્શન રિપોર્ટ...

દરેક મંજૂરી...

દરેક ટેકનિકલ સ્પષ્ટતા...

વર્ષો સુધી થયેલા દરેક નિર્ણયનો જવાબ આપવાનો હતો.

આ જવાબદારી માટે એવી વ્યક્તિની જરૂર હતી, જેને પ્રોજેક્ટનો માત્ર પરિચય ન હોય, પરંતુ પ્રોજેક્ટનું જીવંત જ્ઞાન હોય; જે દસ્તાવેજોની ભાષા જ નહીં, પરંતુ તેમની પાછળનો અર્થ પણ સમજી શકે; જે દરેક ટેકનિકલ પ્રશ્નનો વિશ્વાસપૂર્વક જવાબ આપી શકે; અને સૌથી અગત્યનું—જેની વાત પર કંપની પણ વિશ્વાસ કરે અને પ્રોજેક્ટ ઓથોરિટી પણ.

વિશ્વના અનેક દેશોમાંથી આવેલા અનુભવી વ્યાવસાયિકોમાંથી અંતે કંપનીએ આ અત્યંત મહત્વપૂર્ણ જવાબદારી માટે જે એક વ્યક્તિની પસંદગી કરી...

તે હતા—

***ટંકારીઆ ગામના એન્જિનિયર મુહંમદમતીન બશીર મનમન.***

મારા માટે આ માત્ર વ્યક્તિગત આનંદની ક્ષણ નહોતી.

આ ક્ષણે મને ફરી એક વાર સમજાવ્યું કે પ્રતિભા તમને તક અપાવે છે, પરંતુ ચારિત્ર્ય તમને વિશ્વાસ અપાવે છે.

અને જ્યાં પ્રશ્ન કરોડો રિયાલના હિતો, વર્ષોની પ્રતિષ્ઠા અને સમગ્ર પ્રોજેક્ટની વિશ્વસનીયતાનો હોય, ત્યાં નિર્ણય માત્ર જ્ઞાનના આધારે લેવાતો નથી.

ત્યાં વિશ્વાસ સૌથી મોટી લાયકાત બની જાય છે.

સમય આગળ વધ્યો.

એ દરમિયાન સમગ્ર વિશ્વ કોરોના મહામારીના અભૂતપૂર્વ સંકટમાંથી પસાર થયું. વિવિધ વહીવટી અને કરાર સંબંધિત પ્રક્રિયાઓ પણ લાંબા સમય સુધી અટકી રહી.

પરંતુ એક વાત બદલાઈ નહીં.

કંપનીનો મતીન પ્રત્યેનો વિશ્વાસ.

આ સમગ્ર પ્રક્રિયા પૂર્ણ થાય ત્યાં સુધી કંપનીએ તેમને કોઈ નવા પ્રોજેક્ટમાં મોકલ્યા નહીં.

લગભગ ત્રણ વર્ષ સુધી તેઓ માત્ર આ જ જવાબદારી નિભાવવા માટે જાળવી રાખવામાં આવ્યા.

આ સમય દરમિયાન તેઓ કોઈ નવા બાંધકામ પ્રોજેક્ટ પર કાર્યરત નહોતા.

તેમ છતાં કંપનીએ તેમને નિયમિત સંપૂર્ણ પગાર ચૂકવ્યો.

આ ઘટના કદાચ કોઈ મેડલ, કોઈ એવોર્ડ કે કોઈ સન્માનપત્ર કરતાં પણ વધુ મૂલ્યવાન છે.

કારણ કે કોઈપણ સંસ્થા વર્ષો સુધી કોઈ કર્મચારીને માત્ર પગાર આપતી નથી.

તે વિશ્વાસમાં રોકાણ કરે છે.

અને વિશ્વાસમાં રોકાણ માત્ર તેના પર જ કરવામાં આવે છે, જે વર્ષો સુધી પોતાની પ્રામાણિકતા, જવાબદારી અને ચારિત્ર્યથી પોતાને સાબિત કરી ચૂક્યો હોય.

મતીનની કારકિર્દીનો આ અધ્યાય આપણને એક અત્યંત મૂલ્યવાન જીવનપાઠ શીખવે છે—

***કારકિર્દીની સૌથી મોટી સિદ્ધિ ઊંચો હોદ્દો મેળવવામાં નથી.***

***સૌથી મોટું સન્માન ત્યારે મળે છે, જ્યારે કોઈ સંસ્થા કરોડો રૂપિયાની જવાબદારી કરતાં પણ વધુ મૂલ્યવાન પોતાની પ્રતિષ્ઠા તમારા વિશ્વાસ પર નિર્ભયતાથી સોંપી દે.***

મતીનની કારકિર્દીની વિશેષતા માત્ર એટલી નથી કે તેમણે ગલ્ફના અનેક મોટા પ્રોજેક્ટ્સમાં કાર્ય કર્યું. ખરી વિશેષતા એ છે કે તેમને એવા ચાર ઐતિહાસિક અને વૈશ્વિક મહત્વ ધરાવતા પ્રોજેક્ટ્સમાં યોગદાન આપવાની તક મળી, જે કોઈપણ એન્જિનિયર માટે ગૌરવની બાબત ગણાય.

૧. દોહા, કતારનું હમદ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ
૨. સાઉદી અરેબિયાનું King Abdulaziz International Airport
3. વિશ્વની સૌથી ઊંચી ગગનચુંબી ઇમારત ગણાતા 'Jeddah Tower'ના ફાઉન્ડેશન બીમના ઇન્સ્પેક્શન કાર્યમાં યોગદાન...
૪. અને આજે ઇસ્લામના સૌથી પવિત્ર સ્થળોમાંના એક મક્કા મુક્કરમામાં મસ્જિદ અલ-હરમ (હરમ શરીફ)ના વિશાળ વિસ્તરણ પ્રોજેક્ટ તથા હેલિપેડના નિર્માણમાં Project Engineer તરીકેની સેવા.

આ ચારેય પ્રોજેક્ટ્સ માત્ર તેમની કારકિર્દીના માઇલસ્ટોન નથી.
તે વર્ષો સુધી કરેલી નિષ્ઠાપૂર્વકની મહેનત, અડગ શિસ્ત, સતત શીખવાની તલપ અને સૌથી અગત્યનું—વિશ્વાસપૂર્વક જીવેલા વ્યાવસાયિક જીવનના જીવંત પુરાવા છે.

આખરે, કોઈપણ એન્જિનિયરની સાચી ઓળખ તેણે કેટલા પ્રોજેક્ટ્સમાં કામ કર્યું તેનાથી નક્કી થતી નથી.
તે તો એથી નક્કી થાય છે કે તેણે દરેક પ્રોજેક્ટમાં પોતાના નામ પાછળ કેટલો વિશ્વાસ છોડ્યો.
મતીનની સમગ્ર સફર આપણને એક સરળ પરંતુ અત્યંત ગહન જીવનપાઠ શીખવે છે.
કુશળ ઇજનેરો ઘણા હોય છે.
પ્રતિભાશાળી ઇજનેરો પણ ઘણા હોય છે.

પરંતુ વિશ્વાસપાત્ર ઇજનેરો બહુ ઓછા હોય છે.
અને અંતે...
વિશ્વની સૌથી મોટી જવાબદારીઓ હંમેશાં એવા જ લોકો સુધી પહોંચે છે, જેઓ વર્ષો સુધી પોતાની પ્રામાણિકતા, કાર્યનિષ્ઠા અને ચારિત્ર્યથી વિશ્વાસ કમાતા રહે છે.

આ પ્રકરણનો અંત હું એક વિચાર સાથે કરવા ઇચ્છું છું—
***"પ્રતિભા તમને ઓળખ અપાવે છે. મહેનત તમને સફળતા અપાવે છે. પરંતુ પ્રામાણિકતા એવી મૂડી છે, જે તમને એવી જવાબદારીઓ સુધી પહોંચાડે છે, જ્યાં સુધી સામાન્ય રીતે બહુ ઓછા લોકો પહોંચી શકે છે."***
મતીન મનમનની કારકિર્દી આપણને શીખવે છે કે જીવનમાં એવી રીતે કાર્ય કરો કે એક દિવસ તમારી હાજરી કરતાં પણ વધુ તમારી વિશ્વસનીયતા બોલતી થઈ જાય. કારણ કે હોદ્દા સમય સાથે બદલાઈ જાય છે. પ્રોજેક્ટ્સ પૂર્ણ થઈ જાય છે. સિદ્ધિઓ નવા રેકોર્ડ્સમાં સમાઈ જાય છે. પરંતુ માણસે પોતાના ચારિત્ર્યથી કમાયેલો વિશ્વાસ... તે સમય સાથે ઘટતો નથી; ઊલટું, વધુ મૂલ્યવાન બનતો જાય છે.
***કદાચ એ જ કારણ છે કે દુનિયાની સૌથી મોટી સંસ્થાઓ ડિગ્રી કરતાં પહેલાં વિશ્વાસ શોધે છે, અનુભવ કરતાં પહેલાં જવાબદારી શોધે છે અને હોદ્દા કરતાં પહેલાં ચારિત્ર્યને મહત્વ આપે છે.***

જે દિવસે માણસ પોતાની પ્રતિભા સાથે પોતાના ચારિત્ર્યને પણ એટલું જ મજબૂત બનાવી લે છે, તે દિવસે સફળતા તેની સિદ્ધિ રહેતી નથી—તેની ઓળખ બની જાય છે.
અને કદાચ...
સાચી કારકિર્દી પણ એ જ છે. એવી કારકિર્દી, જ્યાં તમારા કામ કરતાં પહેલાં તમારો વિશ્વાસ પહોંચે... અને તમારા નામ પહેલાં તમારી વિશ્વસનીયતા. કારણ કે...
***દુનિયાના સૌથી મોટા પ્રોજેક્ટ્સ વિશ્વાસ પર ઊભા હોય છે.***

*ડિગ્રી તમને પ્રથમ તક અપાવે છે. કુશળતા તમને આગળ વધારે છે. પરંતુ આખરે માણસને સૌથી ઊંચે પહોંચાડે છે તેનું ચારિત્ર્ય. કારણ કે દુનિયાના સૌથી મોટા પ્રોજેક્ટ્સ સ્ટીલ, કોંક્રિટ કે કાચ પર તો ઉભા હોય છે , પરંતુ એથી વિશેષ વિશ્વાસ પર ઊભા હોય છે. અને વિશ્વાસ એ કોઈ ડિગ્રીથી નહીં, પરંતુ આખું જીવન પ્રામાણિકતાથી જીવવાથી પ્રાપ્ત થાય છે.*

**LinkedIn પ્રોફાઇલ**

https://www.linkedin.com/in/mohmedmatin-manman-25120612/

૮

# નાસીરહુસેન અહમદ લોટીયા

## કારકિર્દીથી આગળ... જ્ઞાનની એક જવાબદારી

*સફળતાનું સાચું મૂલ્ય માત્ર શિખર સુધી પહોંચવામાં નથી; સાચું મૂલ્ય તો ત્યારે સર્જાય છે, જ્યારે તમારી સફળતા બીજા લોકો માટે માર્ગ, પ્રેરણા અને વિશ્વાસ બની જાય.*

*જીવનની સૌથી મોટી સિદ્ધિ એ નથી કે તમે ક્યાં સુધી પહોંચ્યા; સાચી સિદ્ધિ તો એ છે કે તમારા પગલાંના નિશાન અનુસરીને તમારા પછી કેટલા લોકો પોતાની નવી ઊંચાઈ સુધી પહોંચી શક્યા.*

નાસીરહુસેન લોટીયાની વિદેશની ધરતી પર વ્યાવસાયિક કારકિર્દીની શરૂઆત સાઉદી અરેબિયાના **Petro Rabigh—Saudi Aramco અને Sumitomo Chemical, Japanનું સંયુક્ત સાહસ—**જેવા વિશ્વકક્ષાના ઔદ્યોગિક પ્રોજેક્ટમાં **QA/QC Engineer** તરીકે થઈ હતી.

સામાન્ય ગામડાની પૃષ્ઠભૂમિમાંથી નીકળેલા યુવાન માટે આ માત્ર રોજગારનો અવસર નહોતો; તે વૈશ્વિક ઉદ્યોગજગતમાં પ્રવેશનું પ્રથમ દ્વાર હતો.

આ શરૂઆત પછી તેમની કારકિર્દીમાં વિશ્વપ્રસિદ્ધ બે મેગા એરપોર્ટ પ્રોજેક્ટ્સમાં વધુ મહત્વના હોદ્દાઓ અને વિશાળ જવાબદારીઓ સાથે કાર્ય કરવાનો ગૌરવપૂર્ણ અનુભવ જોડાયો.

વિશ્વવિખ્યાત Hamad International Airport, Doha, Qatar ખાતે તેમણે '**Lead Structural QA/QC Engineer'** તરીકે અને ત્યારબાદ King Abdulaziz

International Airport, Jeddah, Saudi Arabia ખાતે '**QA/QC Manager**' તરીકે પ્રોજેક્ટની શરૂઆતથી લઈને સફળ સમાપ્તિ સુધી પોતાની જવાબદારીઓ નિષ્ઠાપૂર્વક નિભાવી.

આ બંને એરપોર્ટ માત્ર બાંધકામના પ્રોજેક્ટ્સ નહોતા; તે આધુનિક ઇજનેરી, આંતરરાષ્ટ્રીય ગુણવત્તા અને વૈશ્વિક બાંધકામ-વ્યવસ્થાપનના જીવંત પ્રતીકો હતા. પરંતુ તેમની કારકિર્દીની સૌથી વિશિષ્ટ ઓળખ માત્ર સાઇટ પરનું કાર્ય નહોતું. દરેક ભવ્ય પ્રોજેક્ટ પાછળ માત્ર સ્ટીલ, કોંક્રિટ અને આધુનિક ટેક્નોલોજી જ નથી હોતી; તેની પાછળ હજારો પાનાંઓમાં સચવાયેલું અમૂલ્ય તકનીકી જ્ઞાન પણ રહેલું હોય છે. કાર્યપદ્ધતિઓ, આંતરરાષ્ટ્રીય ગુણવત્તા ધોરણો, તકનીકી પ્રક્રિયાઓ, માર્ગદર્શિકાઓ અને સુવ્યવસ્થિત દસ્તાવેજીકરણ—આ બધું જ કોઈપણ વિશ્વકક્ષાના પ્રોજેક્ટની અદૃશ્ય, પરંતુ સૌથી મજબૂત પાયાની રચના કરે છે.

નાસીરહુસેન લોટીયાએ આ જ્ઞાનને માત્ર કાર્યસ્થળ સુધી મર્યાદિત રાખ્યું નહીં; તેમણે તેને વ્યવસ્થિત રીતે સંકલિત, દસ્તાવેજીકૃત અને ભવિષ્યની પેઢીઓ માટે સુરક્ષિત રાખવાનું પણ પોતાનું વ્યાવસાયિક કર્તવ્ય માન્યું. દોહા અને જીદ્દાહના આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પ્રોજેક્ટ્સ દરમિયાન તેમને પ્રોજેક્ટના અમૂલ્ય તકનીકી જ્ઞાનનું દસ્તાવેજીકરણ કરવાની અત્યંત મહત્વપૂર્ણ જવાબદારી સોંપવામાં આવી હતી. આ જવાબદારી અંતર્ગત તેમણે કુલ **૨૨ તકનીકી પુસ્તકો, મેન્યુઅલ્સ (Manuals) અને પ્રોજેક્ટ દસ્તાવેજો (Project Documents)** તૈયાર કર્યા. તેમાં જીદ્દાહના કિંગ અબ્દુલઅઝીઝ ઇન્ટરનેશનલ એરપોર્ટ પ્રોજેક્ટ માટે તૈયાર કરાયેલો '**Project Quality Management Plan' (PQMP)** સૌથી મહત્વપૂર્ણ દસ્તાવેજોમાંનો એક હતો. આ ઉપરાંત તેમણે **૧3 'Method Statements'**, **૭ 'Technical Procedures'** તથા '**Safety Supervisor Training Manual' (NDIA)** જેવા મહત્વપૂર્ણ દસ્તાવેજોનું લેખન અને સંપાદન કર્યું.

આ દસ્તાવેજો માત્ર કાગળ પર લખાયેલા પુસ્તકો નહોતા; તે લાખો માનવ-કલાકોના અનુભવ, આંતરરાષ્ટ્રીય ગુણવત્તા ધોરણો, વ્યવસ્થિત આયોજન અને વ્યાવસાયિક શ્રેષ્ઠતાની અડગ પ્રતિબદ્ધતાનું જીવંત દસ્તાવેજીકરણ હતા. ભવિષ્યમાં આ જ દસ્તાવેજો અસંખ્ય ઇજનેરો માટે માર્ગદર્શિકા બનીને પ્રોજેક્ટની ગુણવત્તા અને કાર્યપદ્ધતિને દિશા આપવાના હતા.

તેમની આ અસાધારણ વ્યાવસાયિક કામગીરીની કદરરૂપે ***'New Doha International Airport (NDIA)'*** દ્વારા તેમને ***'Six Sigma Professional Award'*** એનાયત કરવામાં આવ્યો. આ સન્માન માત્ર વ્યક્તિગત ગૌરવનું પ્રતીક નહોતું; તે વર્ષોની શિસ્ત, સતત મહેનત, વ્યાવસાયિક પ્રામાણિકતા અને ગુણવત્તા પ્રત્યેની અવિચળ નિષ્ઠાની આંતરરાષ્ટ્રીય સ્તરે થયેલી સ્વીકૃતિ હતી.

એરપોર્ટ પ્રોજેક્ટ્સ દરમિયાન તૈયાર કરાયેલા તમામ પુસ્તકો, માર્ગદર્શિકાઓ અને તકનીકી દસ્તાવેજો સંબંધિત કંપનીઓ તથા એરપોર્ટ ઓથોરિટીની માલિકી હેઠળ આવે છે. કરાર મુજબની ગોપનીયતા (Confidentiality) અને કૉપિરાઇટની શરતોને કારણે આ દસ્તાવેજો જાહેર કરી શકાતા નથી.

પરંતુ જ્ઞાનને ફાઇલોમાં બંધ રાખવું નાસીરહુસેનની પ્રકૃતિમાં નહોતું. તેઓ દૃઢપણે માનતા હતા કે અનુભવનું સાચું મૂલ્ય ત્યારે જ સાબિત થાય છે, જ્યારે તે આગામી પેઢીના માર્ગને પ્રકાશિત કરે.

આ જ વિચારથી વર્ષ ૨૦૨૬ માં તેમણે પોતાના લાંબા વ્યાવસાયિક અનુભવને વધુ વ્યાપક સ્વરૂપ આપતાં બે સ્વતંત્ર અંગ્રેજી તકનીકી પુસ્તકોનું લેખન કર્યું—

1. Ultrasonic Testing (UT): Principles & Professional Applications
2. Magnetic Particle Testing (MT): A Complete Guide for Excellence

આ પુસ્તકો માત્ર તકનીકી માહિતીનો સંગ્રહ નથી; તે વર્ષોના અનુભવ, વૈશ્વિક ગુણવત્તા ધોરણો અને જ્ઞાનને સમાજ સુધી પહોંચાડવાની એક નિષ્ઠાવાન પ્રતિબદ્ધતાનું પ્રતિબિંબ છે.

આ પુસ્તકોનો હેતુ માત્ર પરીક્ષા પાસ કરવામાં મદદરૂપ થવાનો કે કાર્યસ્થળ માટે ઉપયોગી માહિતી પૂરી પાડવાનો નથી. તેમનો મૂળ હેતુ આંતરરાષ્ટ્રીય ગુણવત્તા-સંસ્કૃતિ, વ્યાવસાયિક શ્રેષ્ઠતા અને વૈજ્ઞાનિક અભિગમને સમજાવવાનો છે.

વર્ષોના અનુભવ દરમિયાન નાસીરહુસેને એક વાત ખૂબ નજીકથી અનુભવી હતી—ટંકારીઆ જેવા અનેક ગામોમાં પ્રતિભાની ક્યારેય અછત રહી નથી; અછત રહી છે તો માત્ર યોગ્ય માહિતી, વૈશ્વિક દૃષ્ટિકોણ અને યોગ્ય માર્ગદર્શનની.
તેથી તેમણે એક અલગ જ નિર્ણય લીધો.
પોતાની કારકિર્દીની કથા લખવાનો નહીં, પરંતુ પોતાના અનુભવના આધારે હજારો યુવાનો માટે કારકિર્દીનો માર્ગનકશો તૈયાર કરવાનો.
આ ગ્રંથનો જન્મ એ જ વિચારમાંથી થયો છે.

આ ગ્રંથમાં જેમનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે તે તમામ એન્જિનિયરોમાં પેટ્રોલિયમ એન્જિનિયર શયબાન બોડાને બાદ કરતાં એક મહત્વપૂર્ણ સમાનતા જોવા મળે છે. તેમણે એન્જિનિયરિંગ પૂર્ણ કર્યા પછી ત્યાં જ અટકી જવાનું પસંદ કર્યું નથી, પરંતુ પોતાના જ્ઞાન અને કૌશલ્યને વૈશ્વિક સ્તરે પહોંચાડવા માટે સતત પ્રયત્નશીલ રહ્યા છે.

**તેમણે *The American Society for Nondestructive Testing (ASNT) Level-II, CSWIP, CWI (Certified Welding Inspector)* *અને* *CAWI*, *Lead Auditor*, *PMP (Project Management Professional)*, *Report Writing Technician*, *Safety Supervisor*** અને અન્ય વ્યાવસાયિક કોર્સ ઉપરાંત વિશ્વપ્રસિદ્ધ ***Bechtel***

***Corporation*** *અને અન્ય આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ દ્વારા* આપવામાં આવતી વિશેષ તાલીમ પણ સફળતાપૂર્વક પૂર્ણ કરીને પોતાની કારકિર્દીને નવી ઊંચાઈઓ સુધી પહોંચાડી છે.

***૧૮૯૮માં સ્થાપિત બેકટેલ (Bechtel) વિશ્વની સૌથી પ્રતિષ્ઠિત એન્જિનિયરિંગ, પ્રોક્યોરમેન્ટ, કન્સ્ટ્રક્શન અને પ્રોજેક્ટ મેનેજમેન્ટ કંપનીઓમાંની એક છે. હમદ ઇન્ટરનેશનલ એરપોર્ટ પ્રોજેક્ટ પરના કાર્યકાળ દરમિયાન, નાસીરહુસેન લોટીયાને બેકટેલ તરફથી કેટલાક મહત્વના ક્ષેત્રોમાં મૂલ્યવાન વ્યાવસાયિક તાલીમ અને પ્રમાણપત્રો મેળવવાની તક મળી હતી, જેણે તેમના તકનીકી અને વ્યાવસાયિક વિકાસમાં નોંધપાત્ર યોગદાન આપ્યું હતું.***

સતત અભ્યાસ, વિશેષ તાલીમ, નવી ટેક્નોલોજી પ્રત્યેની જિજ્ઞાસા અને જીવનભર શીખતા રહેવાની વૃત્તિએ જ આ ગ્રંથમાં સમાવિષ્ટ તમામ ઇજનેરોને એક સામાન્ય એન્જિનિયરમાંથી વૈશ્વિક વ્યાવસાયિક તરીકે ઓળખ અપાવી છે.

કદાચ આ સમગ્ર પુસ્તકનો સૌથી મહત્વપૂર્ણ સંદેશ પણ આ જ છે—
***"ડિગ્રી તમારી કારકિર્દીની માત્ર શરૂઆત છે; સતત શીખતા રહેવાની તલપ જ તમને તમારી કારકિર્દીની સાચી ઊંચાઈ સુધી પહોંચાડે છે."***
આ ગ્રંથનો હેતુ કોઈ વ્યક્તિની વ્યાવસાયિક સિદ્ધિઓનું વર્ણન કરવાનો નથી. તેનો સાચો હેતુ તો એક જ છે—ગામડાના કોઈ યુવાનના મનમાંથી આ મર્યાદિત વિચારને સદાકાળ માટે દૂર કરી દેવાનો:
***"આ ક્ષેત્ર આપણા માટે નથી."***
કારણ કે લેખક પોતાના જીવનના અનુભવો પરથી એક વાત નિશ્ચિતપણે જાણે છે કે વિશ્વની સૌથી મોટી મર્યાદા ભૌગોલિક નથી હોતી; તે આપણા મનમાં વસેલી માનસિક મર્યાદા હોય છે. જ્યારે વિચારોની સીમાઓ તૂટે છે, ત્યારે ગામનો એક સામાન્ય યુવાન પણ વિશ્વના સૌથી મોટા પ્રોજેક્ટ્સમાં પોતાની પ્રતિભાનો પરિચય આપી શકે છે.

આ ગ્રંથમાં સમાવાયેલા પ્રોજેક્ટોના ફોટોગ્રાફ્સ, કાર્યસ્થળના અનુભવો અને વિશ્વના વિવિધ દેશોના ઇજનેરો સાથે કામ કરવાના સંસ્મરણો એક જ વાત કહે છે—
***આજનું વિશ્વ તમારા જન્મસ્થળને નહીં, તમારી પ્રતિભાને ઓળખે છે.***
***તમે શું જાણો છો, શું શીખવા તૈયાર છો અને કેટલી પ્રામાણિકતા સાથે કામ કરો છો—તે જ તમારી સાચી ઓળખ બને છે.***

જ્યારે દોહા એરપોર્ટ પ્રોજેક્ટનું કાર્ય પૂર્ણ કરીને નાસીરહુસેન જીદ્દાહ એરપોર્ટમાં નવી જવાબદારી સંભાળવા રવાના થયા, ત્યારે તેમના ***QA Manager*** *Late Dana Marco Littlefield (USA),* ***QC Manager*** *Late Alexandros Marinopoulos (Greece)* તથા અન્ય સહકર્મચારીઓ સાથે લેવામાં આવેલા કેટલાક ફોટોગ્રાફ્સ આજે પણ તેમની યાદોમાં તાજા છે.

વર્ષો પછી જ્યારે તેમણે આ ફોટોગ્રાફ્સ ફરી જોયા, ત્યારે તેમને સમજાયું કે કારકિર્દીની કેટલીક ક્ષણો માત્ર સ્મૃતિ બનીને રહેતી નથી; તે જીવનની દિશા બદલી નાખતા નિર્ણાયક વળાંકો સાબિત થાય છે.

વિશ્વના વિવિધ દેશોના ઇજનેરો સાથે કામ કરતાં તેમણે એક મહત્વપૂર્ણ સત્ય ખૂબ નજીકથી અનુભવ્યું—પ્રતિભાને કોઈ દેશની સરહદો રોકી શકતી નથી.

***તમે ક્યાં જન્મ્યા છો, તે કરતાં વધુ મહત્વનું એ છે કે તમે શું શીખ્યા છો, શું શીખવા તૈયાર છો અને તમારી જવાબદારી કેટલી નિષ્ઠાથી નિભાવો છો.***

***પરિસ્થિતિઓ સફળતાનો નિર્ણય કરતી નથી.***
***નિર્ણયો સફળતાની નવી પરિસ્થિતિઓનું સર્જન કરે છે.***

જો આ ગ્રંથ વાંચીને તમારા મનમાં કોઈ નવું સ્વપ્ન જન્મ્યું હોય...

જો આજે તમે તમારી કારકિર્દી માટે કોઈ નવો સંકલ્પ કર્યો હોય...
જો તમને તમારી પોતાની ક્ષમતાઓ પર પહેલાં કરતાં થોડો વધુ વિશ્વાસ આવ્યો હોય... તો સમજો કે આ ગ્રંથનો હેતુ સફળ થયો.
યાદ રાખજો...
***વિશ્વ તમારી રાહ જોતું નથી.***
***પરંતુ જ્યારે તમે તમારી જાતને જ્ઞાન, કુશળતા, શિસ્ત અને પ્રામાણિકતા દ્વારા તૈયાર કરો છો, ત્યારે વિશ્વ ચોક્કસ તમારા માટે પોતાના દરવાજા ખોલે છે.***

અને કદાચ...

વર્ષો પછી, જ્યારે આ ગ્રંથનો આગામી ભાગ લખાશે,
ત્યારે તેમાં એક નવું પ્રકરણ...

*...**તમારા નામનું પણ હશે.***




*King Abdulaziz International Airport - Jeddah (Saudi Arabia)*

*કિંગ અબ્દુલઅઝીઝ આંતરરાષ્ટ્રીય વિમાનમથક - જીદ્દાહ (સાઉદી અરેબિયા)*



*A memorable photograph captured during the soil testing work in the early stages of the construction of Hamad International Airport, Doha, Qatar. From left to right: Nasirhusen Lotiya, Matin Manman, and Gelin (France), who served as the QA/QC Manager of Engineer Matin Manman at the Doha Airport Project and later as the QA/QC Manager of Engineer Amin Iplin on the Doha Metro (Qatar Rail network) Project.*

*હમદ ઇન્ટરનેશનલ એરપોર્ટ, દોહા (કતાર)ના નિર્માણના પ્રારંભિક તબક્કામાં સોઇલ ટેસ્ટિંગ (Soil Testing) કાર્ય દરમિયાન લેવાયેલી યાદગાર તસવીર. તસવીરમાં (ડાબેથી જમણે): નાસીરહુસેન લોટીયા, મતીન મનમન અને ફ્રાન્સના ગેલીન. ગેલીન દોહા એરપોર્ટ પ્રોજેક્ટમાં ટંકારીઆના ઇજનેર મતીન મનમનના QA/QC મેનેજર તરીકે સેવા બજાવતા હતા. ત્યારબાદ તેમણે ટંકારીઆના ઇજનેર અમીન ગુલામ ઇપલીના પણ QA/QC મેનેજર તરીકે દોહા મેટ્રો (Qatar Rail) પ્રોજેક્ટમાં સેવા આપી હતી.*



*Gelin (from France), Nasirhusen Lotiya and Matin Manman. Hamad International Airport, Doha, Qatar.*

*ગેલીન (ફ્રાન્સ), નાસીરહુસેન લોટીયા અને મતીન મનમન. હમદ ઇન્ટરનેશનલ એરપોર્ટ, દોહા, કતાર.*



*જીદ્દાહના નવા બનેલા કિંગ અબ્દુલ અઝીઝ ઇન્ટરનેશનલ એરપોર્ટની મુખ્ય છત પર સ્ટીલ સ્ટ્રક્ચરના અંતિમ નિરીક્ષણ દરમિયાન કેપ્ચર કરાયેલ, આ ફોટોગ્રાફમાં નાસીરહુસેન લોટીયા (QA/QC મેનેજર) અને મતીન મનમન (QC એન્જિનિયર) ગુણવત્તા અને માળખાકીય અખંડિતતાના ઉચ્ચતમ ધોરણોની ખાતરી કરતા દેખાય છે.*

*Captured during the final inspection of the steel structure on the main roof of the newly constructed King Abdulaziz International Airport (Jeddah), the photograph features Nasirhusen Lotiya (QA/QC Manager) and Matin Manman (QC Engineer) ensuring the highest standards of quality and structural integrity.*



*નાસીરહુસેન લોટીયા, હમદ ઇન્ટરનેશનલ એરપોર્ટ, દોહા (કતાર) પ્રોજેક્ટની કુલ 14 Buildings માટે Lead Structural QA/QC Engineer તરીકેની ફરજ દરમિયાન 'કાર્ગો ટર્મિનલની સાઈટ ઓફિસમાં*

*Nasirhusen Lotiya at the Cargo Terminal Site Office, diligently overseeing quality excellence in his role as 'Lead Structural QA/QC Engineer' for the construction of 14 key buildings within the Hamad International Airport Project, Doha, Qatar*



*Doha (Qatar) Cargo Terminal: airside to landside and landside to airside "Automated Control": The term "Automated Control" refers to the systems and technologies implemented at the Doha Cargo Terminal to manage and streamline the movement of cargo between airside and landside operations efficiently. This automation enhances operational efficiency, reduces the potential for human error, and improves overall logistics management.*

*દોહા (કતાર) કાર્ગો ટર્મિનલ: એરસાઇડથી લેન્ડસાઇડ અને લેન્ડસાઇડથી એરસાઇડ 'ઓટોમેટેડ કંટ્રોલ'*

***'ઓટોમેટેડ કંટ્રોલ'** એટલે દોહા કાર્ગો ટર્મિનલમાં એરસાઇડ અને લેન્ડસાઇડ વચ્ચે કાર્ગોની અવરજવરનું સંચાલન અને નિયંત્રણ કાર્યક્ષમ રીતે કરવા માટે ઉપયોગમાં લેવાતી સ્વયંસંચાલિત (Automated) સિસ્ટમો અને ટેક્નોલોજી. આ સ્વયંસંચાલિત*

વ્યવસ્થા કામગીરીને વધુ કાર્યક્ષમ બનાવે છે, માનવીય ભૂલની સંભાવના ઘટાડે છે અને સમગ્ર કાર્ગો લોજિસ્ટિક્સ વ્યવસ્થાપનને વધુ સુવ્યવસ્થિત અને અસરકારક બનાવે છે.




*Air Traffic Control Tower (World Highest)*
*HAMAD INTERNATIONAL AIRPORT, DOHA, QATAR*

*એર ટ્રાફિક કંટ્રોલ ટાવર (વિશ્વનો સૌથી ઊંચો)*






*AIRLINE ENGINEERING & OPERATIONS FACILITIES*
*AIRLINE ENGINEERING OFFICE*
*HAMAD INTERNATIONAL AIRPORT, DOHA, QATAR*

એરલાઇન એન્જિનિયરિંગ અને કામગીરીની સુવિધાઓ

એરલાઇન એન્જિનિયરિંગ કાર્યાલય

હમદ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ, દોહા, કતાર



NEW DOHA INTERNATIONAL AIRPORT

adpi NDIA

| Date: 15/02/2007 | Package: PACKAGE 15: AIRPORT OPERATION FACILITIES |
| --- | --- |
| Project Number: 25045 | Drawing title: ADMINISTRATION BUILDING |

*AIRPORT OPERATION FACILITIES*
*ADMINISTRATION BUILDING*

વિમાનમથક સંચાલન સુવિધાઓ/વહીવટી ભવન






*Aircraft Maintenance Hangers (Emiri Hangars A & B)*

*વિમાન જાળવણી હેંગરો (Emiri Hangars A & B)*

અગત્યની નોંધ: Western India Institute of Aeronautics, Silver Oak College of Aviation Technology, Indus Institute of Aviation Technology અને અન્ય યુનિવર્સીટીમાં ચાલતા Aircraft Maintenance Engineering (AME), Aeronautical Engineering, Aerospace Engineering માં Graduation/Post Graduation પછી કોઈપણ એરપોર્ટમાં ખૂબ સારા પગાર અને સુવિધાઓ સાથે નોકરી મેળવી શકાય છે.

Important Note: After Graduation/Post Graduation in Aircraft Maintenance Engineering (AME), Aeronautical Engineering, Aerospace Engineering run by Western India Institute of Aeronautics, Silver Oak College of Aviation Technology, Indus Institute of Aviation Technology and other universities.




*એરપોર્ટ કર્મચારીઓ માટેની મસ્જિદ. પ્રોજેક્ટમાં કામ ચાલુ હોય ત્યારે પણ પ્રોજેક્ટના દરેક વિસ્તારમાં બનાવેલા prayer room/prayer area અથવા ઓફિસમાં દરેક નમાઝ કોઈપણ જાતની દ્વિધા વગર સરળતાથી અદા કરી શકાય છે.*






*AIRLINE ENGINEERING & OPERATIONS FACILITIES*
*AIRLINE OPERATION FACILITIES*

*એરલાઇન એન્જિનિયરિંગ અને કામગીરીની સુવિધાઓ*

*એરલાઇન કામગીરીની સુવિધાઓ*



| | | | |
|---|---|---|---|
| NEW DOHA INTERNATIONAL AIRPORT | Date 15/02/2007 | Package | PACKAGE 15: AIRPORT OPERATION FACILITIES |
| adpi NDIA BECHTEL | Project Number 25045 | Drawing title | EMPLOYEE CANTEEN |
| | | Drawing title COLOR PALETTE: PERSPECTIVE | Drawing no C4500-15-A3-A-110 · Indice B |



*વેલ્ડિંગ પ્રોસિજર ક્વોલિફિકેશન (WPQ) અને વેલ્ડિંગ પ્રોસિજર સ્પેસિફિકેશન (WPS) માટે જરૂરી બેન્ડ ટેસ્ટ, રેડિયોગ્રાફિક ટેસ્ટ (RT) અને અલ્ટ્રાસોનિક ટેસ્ટ (UT) માટે, નિરીક્ષણ અને પરીક્ષણ યોજના (ITP) અનુસાર, નાસીરહુસેન લોટીયા થર્ડ-પાર્ટી ઇન્સ્પેક્ટર સાથે ટેસ્ટિંગ લેબોરેટરીમાં 'હોલ્ડ પોઇન્ટ' ઇન્સ્પેકશનમાં હાજરી આપી રહ્યા છે.*

*Nasirhusen Lotiya is attending the 'Hold Point inspection' at the testing laboratory with the Third-Party Inspector, in accordance with the Inspection and Test Plan (ITP), to witness the Bend Test, Radiographic Test (RT), and Ultrasonic Test (UT) required for the qualification of the Welding Procedure Qualification (WPQ) and Welding Procedure Specification (WPS).*







નાસીરહુસેન લોટીયા, મતીન મનમન, અબ્દુલ રેહમાન અને ગેલીન સહકર્મચારીઓ સાથે ડીનરના સમયે




નાસીરહુસેન લોટીયા, મતીન મનમન અને ગેલીન સહકર્મચારીઓ સાથે.





*નાસીરહુસેન લોટીયા Aircraft Maintenance Hangers (Emiri Hangars A & B) ના*

*"Inspection and Test Plan" ના "Hold Point" મુજબ ઇન્સ્પેક્શન attend કરી રહ્યા છે.*

*Nasirhusen Lotiya is attending the inspection as per the "Hold Point" of the "Inspection and Test Plan" of Aircraft Maintenance Hangers*

*(Emiri Hangars A & B).*




નાસીરહુસેન લોટીયા Aircraft Maintenance Hangers (Emiri Hangars A & B) ના "Inspection and Test Plan" ના "Hold Point" મુજબ ઇન્સ્પેકશન attend કરી રહ્યા છે.

*Nasirhusen Lotiya is attending the inspection as per the "Hold Point" of the "Inspection and Test Plan" of Aircraft Maintenance Hangers*

*(Emiri Hangars A & B).*




*નાસીરહુસેન લોટીયા દોહા (કતાર) એરપોર્ટ પ્રોજેક્ટમાં QC Manager Late Alexandros Marinopoulos (from Greece) સાથે. Weekly meeting પછી Brunch.*

*Nasirhusen Lotiya with QC Manager Late Alexandros Marinopoulos (from Greece) at the Doha (Qatar) Airport Project. Brunch after the weekly meeting.*




*Doha (Qatar) Cargo Terminal: airside to landside and landside to airside - "Automated Control"*

*દોહા (કતાર) કાર્ગો ટર્મિનલ: એરસાઇડથી લેન્ડસાઇડ અને લેન્ડસાઇડથી એરસાઇડ - "ઓટોમેટેડ કંટ્રોલ"*




*નાસીરહુસેન લોટીયા ઇન્સ્પેકશન દરમિયાન કાર્ગો ટર્મિનલના છત ઉપર. સેફ્ટી બેલ્ટ, હેલ્મેટ, સેફ્ટી જેકેટ, સેફ્ટી ગ્લાસ અને સેફ્ટીને લગતા બધા જ નિયમો બધા જ કર્મચારીઓને એક સરખી રીતે લાગુ પડે છે.*

*Nasirhusen Lotiya for inspection on the Cargo Terminal roof. Safety belts, helmets, safety jackets, safety glasses and all safety-related rules apply equally to all employees.*




*સુપરવાઈઝર અને તેની ઉપરના હોદ્દો ધરાવતા કર્મચારીઓ કોઈપણ ઈમરજન્સીમાં અથવા કોઈપણ જરૂરી મેસેજ બધાને સમય ગુમાવ્યા વિના પાસ કરી શકે એ માટે તેમને વોકીટોકી સેટ આપવામાં આવે છે.*

*Employees with the rank of supervisor and above are provided with walkie-talkie sets so that they can pass on any emergency or any necessary message to everyone without wasting time.*



*Doha (Qatar) Cargo Terminal: airside to landside and landside to airside - "Automated Control"*

*દોહા (કતાર) કાર્ગો ટર્મિનલ: એરસાઇડથી લેન્ડસાઇડ અને લેન્ડસાઇડથી એરસાઇડ - "ઓટોમેટેડ કંટ્રોલ"*



*Cargo Agent Building and Air Traffic Control Tower under Construction. (Initial Stage)*

કાર્ગો એજન્ટ બિલ્ડીંગ અને એર ટ્રાફિક કંટ્રોલ ટાવર; નિર્માણનો પ્રારંભિક તબક્કો




*Cargo Terminal Assignment Area; Initial construction stage*
*કાર્ગો ટર્મિનલ Assignment Area; બાંધકામના પ્રારંભિક તબક્કામાં*




*Air Traffic Control Tower; Initial Construction stage.*

એર ટ્રાફિક કંટ્રોલ ટાવર; બાંધકામનો પ્રારંભિક તબક્કો.




*Nasirhusen Lotiya. Fire Safety Inspection.*

*નાસીરહુસેન લોટીયા. ફાયર સેફટી નિરીક્ષણ.*



નાસીરહુસેન લોટીયા – કાર્ગો ટર્મિનલને અડીને આવેલા સ્ટાફ પાર્કિંગ એરિયામાં. પ્રોજેક્ટ સાઇટ પર કર્મચારીઓની સલામતી અને તાત્કાલિક આરોગ્યસંભાળને પ્રાથમિકતા આપવા માટે આ વિશેષ પાર્કિંગ વ્યવસ્થા ઊભી કરવામાં આવી હતી. કોઈપણ ઇમરજન્સી પરિસ્થિતિમાં એમ્બ્યુલન્સ પહોંચે તે પહેલાં, માન્ય ડ્રાઇવિંગ લાયસન્સ ધરાવતા કર્મચારીઓ પોતાના ખાનગી વાહન દ્વારા ઘાયલ અથવા અસ્વસ્થ સહકર્મચારીને નિર્ધારિત એમ્બ્યુલન્સ રૂટનો ઉપયોગ કરીને તાત્કાલિક સારવાર માટે નજીકની તબીબી સુવિધા સુધી પહોંચાડી શકે તે માટે આ વ્યવસ્થા કરવામાં આવી હતી.

***Note:*** *The above picture captures Nasirhusen Lotiya at the dedicated staff parking area adjacent to the Cargo Terminal. This facility was established as part of the project's emergency preparedness and employee safety measures. In urgent situations, licensed employees were authorized to use their private vehicles to transport injured or ill colleagues via the designated ambulance route to receive immediate medical attention until emergency medical services arrived.*




*નાસીરહુસેન લોટીયા – કતારના રાજવી પરિવાર (Qatar Royal Family) ની એરપોર્ટ મુલાકાત દરમિયાન ખાસ તૈયાર કરવામાં આવેલા "ઇન્ફોર્મેશન ડેસ્ક" ખાતે. આ વિશેષ વ્યવસ્થા રાજવી પરિવારની મુલાકાતને સુવ્યવસ્થિત, સુરક્ષિત અને કાર્યક્ષમ*

બનાવવા માટે પ્રોજેક્ટ ટીમ દ્વારા ઊભી કરવામાં આવી હતી.

*Nasirhusen Lotiya at the specially established Information Desk during the airport visit of the Qatar Royal Family. This dedicated facility was set up by the project team to ensure the smooth, secure, and efficient coordination of the Royal Family's visit.*




*Nasirhusen Lotiya with Project Director (Project Head) Nicholas Regas at Hamad International Airport Project, Doha (Qatar) at dinner Party*

હમદ ઇન્ટરનેશનલ એરપોર્ટ પ્રોજેક્ટ, દોહા (કતાર) ખાતે પ્રોજેક્ટ ડાયરેક્ટર (પ્રોજેક્ટ હેડ) નિકોલસ રીગાસ સાથે ડીનર પાર્ટીના સમયે નાસીરહુસેન લોટીયા




*Nasirhusen Lotiya with Project Director (Project Head) Nicholas Regas at Hamad International Airport Project, Doha (Qatar) at dinner Party*

હમદ ઇન્ટરનેશનલ એરપોર્ટ પ્રોજેક્ટ, દોહા (કતાર) ખાતે પ્રોજેક્ટ ડાયરેક્ટર (પ્રોજેક્ટ હેડ) નિકોલસ રીગાસ સાથે ડીનર પાર્ટીના સમયે નાસીરહુસેન લોટીયા



*Nasirhusen Lotiya with Project Director (Project Head) Nicholas Regas at Hamad International Airport Project, Doha (Qatar) at dinner Party*

*હમદ ઇન્ટરનેશનલ એરપોર્ટ પ્રોજેક્ટ, દોહા (કતાર) ખાતે પ્રોજેક્ટ ડાયરેક્ટર (પ્રોજેક્ટ હેડ) નિકોલસ રીગાસ સાથે ડીનર પાર્ટીના સમયે નાસીરહુસેન લોટીયા*



*નાસીરહુસેન લોટીયા દોહા (કતાર) એરપોર્ટ પ્રોજેક્ટમાં QC Manager Late Alexandros Marinopoulos (from Greece) સાથે ડીનર પાર્ટીના સમયે.*

*Nasirhusen Lotiya with QC Manager Late Alexandros Marinopoulos (from Greece) at dinner party. Doha (Qatar) Airport project.*



*કિંગ અબ્દુલઅઝીઝ ઇન્ટરનેશનલ એરપોર્ટ - જીદ્દાહ (સાઉદી અરેબિયા)*



*Passenger Terminal- King Abdulaziz International Airport Jeddah (Saudi Arabia)*



*King Abdulaziz International Airport - Jeddah (Saudi Arabia) - Passenger Terminal*

*કિંગ અબ્દુલઅઝીઝ આંતરરાષ્ટ્રીય વિમાનમથક - જેદ્દાહ (સાઉદી અરેબિયા) - પેસેન્જર ટર્મિનલ*




*QA મેનેજર late ડાના માર્કો લિટલફિલ્ડ (અમેરિકાના નાગરિક – ડાબી બાજુથી પ્રથમ સ્મિત કરતો ચહેરો) સાથે નાસીરહુસેન લોટીયા. દોહા, કતાર ખાતેના એરક્રાફ્ટ મેન્ટેનન્સ હેંગર્સ (Emiri Hangars A & B) પ્રોજેક્ટની સાઇટ ઓફિસમાં યોજાયેલી મીટિંગ દરમિયાન હળવી અને આનંદમય ક્ષણ. Nasirhusen Lotiya with QA Manager Late Dana Marco Littlefield (American citizen, first smiling face from the left), captured during a relaxed and cheerful moment at a project meeting held at the site office of the Aircraft Maintenance Hangars (Emiri Hangars A & B) Project, Doha, Qatar.*




*નાસીરહુસેન લોટીયા (Lead Structural QA/QC Engineer) દોહા, કતાર એરપોર્ટ પ્રોજેક્ટમાં QA Manager (USA), QC Manager (Greece), Deputy QC Manager, Construction Manager (UK), Site Manager (Cyprus) તથા QA Engineer સાથે સાપ્તાહિક મીટિંગ પૂર્ણ થયા બાદ બ્રન્ચ દરમિયાન.*

*Nasirhusen Lotiya (Lead Structural QA/QC Engineer) with the QA Manager (USA), QC Manager (Greece), Deputy QC Manager, Construction Manager (UK), Site Manager (Cyprus), and QA Engineer during brunch following the weekly project meeting at the Doha, Qatar Airport Project. (The word **"Brunch"** is a portmanteau of the words Breakfast and Lunch.)*




નાસીરહુસેન લોટીયા, ગેલીન, મતીન અને અન્ય ઈજનેરો. દોહા એરપોર્ટ પ્રોજેક્ટ

*Nasirhusen Lotiya, Gelin, Matin and other engineers. Doha Airport Project*



*નાસીરહુસેન લોટીયા થર્ડ-પાર્ટી ઇન્સ્પેક્ટર (ઈજીપ્ત) અને ગેલીન (સબકોન્ટ્રાકટર કંપનીના QA/QC Manager - ફ્રાંસ ) સાથે ટેસ્ટિંગ લેબોરેટરીમાં 'હોલ્ડ પોઇન્ટ' ઇન્સ્પેકશનમાં હાજરી આપી રહ્યા છે. આ ઇન્સ્પેકશન, Inspection and Test Plan (ITP) અનુસાર, Welding Procedure Qualification (WPQ) અને Welding Procedure Specification (WPS) માટે આવશ્યક Bend Test, Radiographic Test (RT) અને Ultrasonic Test (UT)દ્વારા કરવામાં આવી રહ્યું છે.*

*Nasirhusen Lotiya is attending the Hold Point inspection at the testing laboratory with the Third-Party Inspector (Egypt) and Gelin (QA/QC Manager of the subcontractor company). In accordance with the Inspection and Test Plan (ITP), the inspection is being conducted to witness the Bend Test, Radiographic Test (RT), and Ultrasonic Test (UT) required for the qualification of the Welding Procedure Qualification (WPQ) and Welding Procedure Specification (WPS).*



*નાસીરહુસેન લોટીયા સાઉદી અરેબિયાની પેટ્રોકેમિકલ કંપની Petro Rabigh (Saudi Aramco–Sumitomo Chemical, Japan Joint Venture) ખાતે QA/QC Engineer તરીકે સાઇટ ઓફિસમાં Inspection Request Form (IRF)ની ચકાસણી કરી રહ્યા છે.*

*Inspection Request Form (IRF) પ્રોજેક્ટની ગુણવત્તા નિયંત્રણ પ્રક્રિયાનો એક મહત્વપૂર્ણ ભાગ છે, જેના આધારે વિવિધ બાંધકામ અને ઇન્સ્ટોલેશન કાર્યો માટે ઇન્સ્પેકશનની વિનંતી કરવામાં આવે છે.*

*Nasirhusen Lotiya is reviewing the Inspection Request Form (IRF) at the site office*

*in his capacity as a QA/QC Engineer at Petro Rabigh, a petrochemical complex in the Kingdom of Saudi Arabia and a joint venture between Saudi Aramco and Sumitomo Chemical, Japan. The Inspection Request Form (IRF) is an essential quality control document used to initiate and record inspections for various construction and installation activities.*




*નાસીરહુસેન લોટીયા* Petro Rabigh, Petrochemical company of Saudi Arabia (Saudi Aramco Refinery) *માં* QA/QC Engineer *તરીકે સાઇટ ઇન્સ્પેક્શન દરમિયાન*

*Nasirhusen Lotiya during a site inspection as a QA/QC Engineer at Petro Rabigh, Petrochemical company of Saudi Arabia (Saudi Aramco Refinery)*



*Nasirhusen Lotiya is carrying out the installation inspection of one of the project's most critical pressure vessels—the Reactor—as a Certified/Authorised ASNT Inspector at Petro Rabigh, a world-class petrochemical complex jointly owned by Saudi Aramco and Sumitomo Chemical, Japan, in the Kingdom of Saudi Arabia.*

નાસીરહુસેન લોટીયા સાઉદી અરેબિયાના કિંગડમમાં આવેલી સાઉદી અરામકો અને સુમિટોમો કેમિકલ, જાપાનની સંયુક્ત માલિકીની વિશ્વકક્ષાની પેટ્રોકેમિકલ કંપની 'Petro Rabigh' ખાતે પ્રમાણિત/અધિકૃત ASNT ઇન્સ્પેક્ટર તરીકે પ્રોજેક્ટના સૌથી મહત્વપૂર્ણ પ્રેશર વેસલ્સ પૈકીના એક – 'રિએક્ટર' – ના સ્થાપન દરમિયાન ગુણવત્તા અને તકનીકી ધોરણોના પાલનની ખાતરી કરવા માટે નિરીક્ષણ કરી રહ્યા છે.

*હમદ ઇન્ટરનેશનલ એરપોર્ટ, દોહા, કતારના પેસેન્જર ટર્મિનલ ખાતે નાસીરહુસેન લોટીયા*



*Nasirhusen Lotiya at the Passenger Terminal of Hamad International Airport, Doha, Qatar.*



*Mustakbhai Diwari, Nasirhusen Lotiya and Abdulbhai Bapuji at Doha Qatar Passenger Terminal*

દોહા કતાર પેસેન્જર ટર્મિનલ ખાતે મુસ્તાકભાઈ દિવારી, નાસીરહુસેન લોટીયા અને અબ્દુલભાઈ બાપુજી



*A Heartfelt Farewell Reception Organised by My Colleagues at New Doha International Airport (NDIA), Doha, Qatar. (the official name is* ***Hamad International Airport*** *)*

*મારા સહકર્મચારીઓ દ્વારા દોહા, કતારના ન્યુ દોહા ઇન્ટરનેશનલ એરપોર્ટ (NDIA) ખાતે એક હૃદયસ્પર્શી વિદાય સમારંભનું આયોજન કરવામાં આવ્યું. (NDIA નું નવું સત્તાવાર નામ હમદ ઇન્ટરનેશનલ એરપોર્ટ છે)*




*જીદ્દાહ એરપોર્ટ પ્રોજેક્ટમાં જતી વખતે નાસીરહુસેન લોટીયાની QA Engineer (Doha Airport) સાથેની છેલ્લી મુલાકાત*

*Nasirhusen Lotiya's last meeting with QA Engineer (Doha Airport) while leaving for Jeddah Airport Project*



*Nasirhusen Lotiya during his last meeting with the QC Manager of* ***ADCC- JV Late Mr. Alexandros Marinopoulos (from Greece)*** *at Doha, Qatar Airport Project.*

*નાસીરહુસેન લોટીયા દોહા (કતાર) એરપોર્ટ પ્રોજેક્ટના ADCC- JV કંપનીના QC મેનેજર શ્રી એલેક્ઝાન્ડ્રોસ મરિનોપોલોસ (ગ્રીસના નિવાસી) સાથેની છેલ્લી મુલાકાત વખતે.* ***ADCC- JV*** *આ પ્રોજેક્ટમાં મુખ્ય કોન્ટ્રાકટર તરીકે કામ કરતી કંપની હતી; ADCC-JV ચાર કંપનીઓનું સંયુક્ત સાહસ હતું, જેમાં Aktor (Greece), Darwish/Al-Darwish (Qatar), Cimolai (Italy) and Cyberco (Cyprus) નો સમાવેશ થતો હતો.*



***Nasirhusen Lotiya with the late Mr Dana Marco Littlefield, QA Manager of ADCC-JV, during their final meeting at the New Doha International Airport Project, now internationally renowned as Hamad International Airport, Doha, Qatar.*** *ADCC-JV was a joint venture comprising four companies that served as the main contractors for the project: Aktor (Greece), Darwish Engineering/Al Darwish (Qatar), Cimolai (Italy), and Cyberco (Cyprus). નાસીરહુસેન લોટિયા, ADCC-JV ના શ્રી ડાના માર્કો લિટલફિલ્ડ, QA મેનેજર સાથે, ન્યુ દોહા ઇન્ટરનેશનલ એરપોર્ટ પ્રોજેક્ટ ખાતે તેમની અંતિમ મુલાકાત દરમિયાન, જે હવે આંતરરાષ્ટ્રીય સ્તરે હમદ ઇન્ટરનેશનલ એરપોર્ટ, દોહા, કતાર તરીકે પ્રખ્યાત છે.* ***ADCC- JV*** *આ પ્રોજેક્ટમાં મુખ્ય કોન્ટ્રાકટર તરીકે કામ કરતી કંપની હતી; ADCC-JV ચાર કંપનીઓનું સંયુક્ત સાહસ*

*હતું, જેમાં Aktor (Greece), Darwish/Al-Darwish (Qatar), Cimolai (Italy) and Cyberco (Cyprus) નો સમાવેશ થતો હતો.*



*દોહા એરપોર્ટ પ્રોજેક્ટ પૂર્ણ કર્યા બાદ જીદ્દાહ એરપોર્ટ પ્રોજેક્ટમાં QA/QC મેનેજર તરીકે નવી કારકિર્દીની શરૂઆત કરવા રવાના થતાં પહેલાં, નાસીરહુસેન લોટીયા અને દોહા એરપોર્ટ પ્રોજેક્ટના QA Manager Late ડાના માર્કો લિટલફિલ્ડ (યુએસએ) વચ્ચેની આ છેલ્લી મુલાકાત આજે પણ તેમની કારકિર્દીની યાદગાર ક્ષણોમાંની એક છે.*

*A memorable moment from Nasirhusen Lotiya's last meeting with the Doha Airport Project's QA Manager, Late Dana Marco Littlefield (USA), before departing*

*for the Jeddah Airport Project to assume his new role as QA/QC Manager after successfully completing his assignment at the Doha Airport Project.*

*દોહા, કતાર એરપોર્ટ પ્રોજેક્ટની સફળતાપૂર્વક પૂર્ણાહુતિ પછી, મને સાઉદી અરેબિયાના જેદ્દાહ ખાતે નિર્માણાધીન કિંગ અબ્દુલઅઝીઝ ઇન્ટરનેશનલ એરપોર્ટ (KAIA) પ્રોજેક્ટમાં QA/QC મેનેજર તરીકે જોડાવાની ઓફર મળી. આ મારી કારકિર્દીના એક નવા અને અત્યંત મહત્વપૂર્ણ અધ્યાયની શરૂઆત હતી.*

*દોહા, કતારથી જેદ્દાહ તરફ આ નવી વ્યાવસાયિક સફર શરૂ કરવા માટે જ્યારે હું રવાના થયો, ત્યારે લેવામાં આવેલા આ પાંચ ફોટોગ્રાફ્સે તે યાદગાર ક્ષણોને સાચવી રાખી છે. તે માત્ર તસવીરો નથી, પરંતુ મારી કારકિર્દીના એક મહત્વપૂર્ણ વળાંકના નિઃશબ્દ સાક્ષી છે.*

*વર્ષો પછી, જાન્યુઆરી 2026માં જ્યારે મેં આ ફોટોગ્રાફ્સ ફરીથી જોયા, ત્યારે મને એવું લાગ્યું કે ભૂતકાળની તે અમૂલ્ય ક્ષણો ફરી એકવાર મારી ભીની આંખો સમક્ષ જીવંત બની ઊઠી છે. તેમણે મને મારી વ્યાવસાયિક સફરના તે દિવસોની યાદ અપાવી, જ્યારે એક પ્રોજેક્ટની સફળ પૂર્ણાહુતિએ મારા જીવન અને કારકિર્દીને નવી દિશા અને નવી ઊંચાઈઓ તરફ આગળ વધારવાનું દ્વાર ખોલ્યું હતું.*

*Upon the successful completion of the Doha, Qatar Airport Project, I received an offer to join the newly emerging King Abdulaziz International Airport (KAIA) Project in Jeddah, Saudi Arabia, as a QA/QC Manager. This marked the beginning of an important new chapter in my professional career.*

*As I departed from Doha, Qatar, for Jeddah to embark on this new professional journey, these five photographs captured some of those memorable moments. They are more than just photographs—they are silent witnesses to a significant turning point in my career and life.*

*Years later, when I revisited these photographs in January 2026, it felt as though those cherished moments of the past had come alive once again before my wet*

*eyes. They brought back vivid memories of a defining period in my professional journey—one in which the successful completion of one world-class project opened the door to new opportunities, greater responsibilities, and new heights in my career.*

**Nasirhusen Lotiya**

**LinkedIn પ્રોફાઇલ:**

https://www.linkedin.com/in/nasirhusenlotiya/

## ૯

# આંતરરાષ્ટ્રીય કોર્સ, પ્રમાણપત્રો અને કારકિર્દી વિકાસ

આ ગ્રંથના અગાઉના પ્રકરણોમાં આપણે વિવિધ ક્ષેત્રોમાં સફળતા પ્રાપ્ત કરનારા ઇજનેરોની પ્રેરણાદાયી કારકિર્દી સફર વિષે વિસ્તૃત માહિતી મેળવી. તેમની સંઘર્ષગાથા, સતત શીખવાની વૃત્તિ, આંતરરાષ્ટ્રીય પ્રોજેક્ટોમાં મેળવેલો અનુભવ અને વૈશ્વિક સ્તરે પ્રાપ્ત કરેલી સફળતાએ એક મહત્વપૂર્ણ સત્ય સ્પષ્ટ કર્યું છે—

***માત્ર ડિગ્રી પૂરતી નથી; યોગ્ય તકનીકી જ્ઞાન, આંતરરાષ્ટ્રીય ધોરણોનું જ્ઞાન, વ્યવસાયિક કૌશલ્ય અને વિશ્વસનીય પ્રમાણપત્રો જ વૈશ્વિક કારકિર્દીના સાચા પાયાના સ્તંભ છે.***

હવે આપણે આ ગ્રંથના અંતિમ અને સૌથી મહત્વપૂર્ણ પ્રકરણમાં પ્રવેશી રહ્યા છીએ. આ પ્રકરણનો હેતુ માત્ર વિવિધ કોર્સો અને પ્રમાણપત્રોની યાદી આપવાનો નથી, પરંતુ તમને એવી સ્પષ્ટ અને વ્યવહારુ દિશા આપવાનો છે, જેના આધારે તમે આજથી જ તમારી કારકિર્દીની તૈયારી શરૂ કરી શકો.

અહીં તમે જાણી શકશો કે પેટ્રોલિયમ, ઓઇલ એન્ડ ગેસ, પેટ્રોકેમિકલ, રિફાઇનરી, એરપોર્ટ, મેટ્રો, સ્ટેડિયમ, મેગા ઇન્ડસ્ટ્રિયલ અને ઇન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટોમાં સફળ કારકિર્દી બનાવવા માટે કયા આંતરરાષ્ટ્રીય કોર્સો ઉપયોગી છે, કયા પ્રમાણપત્રો તમારી વ્યાવસાયિક ક્ષમતામાં વધારો કરે છે, કઈ ટેકનિકલ કુશળતાઓની વૈશ્વિક માંગ છે અને સતત કારકિર્દી વિકાસ માટે કઈ બાબતો પર ધ્યાન કેન્દ્રિત કરવું જરૂરી છે.

જો તમે વિદ્યાર્થી હો, નવા એન્જિનિયર હો અથવા પહેલેથી જ નોકરીમાં હો અને તમારી કારકિર્દીને આંતરરાષ્ટ્રીય સ્તરે આગળ વધારવા માંગતા હો, તો આ પ્રકરણ તમારા

માટે એક **વ્યવહારુ માર્ગદર્શિકા** સમાન સાબિત થશે. આશા છે કે અહીં રજૂ કરવામાં આવેલી માહિતી તમને યોગ્ય નિર્ણય લેવામાં, યોગ્ય તૈયારી શરૂ કરવામાં અને આત્મવિશ્વાસ સાથે વૈશ્વિક કારકિર્દી તરફ આગળ વધવામાં મહત્વપૂર્ણ માર્ગદર્શન પૂરું પાડશે.

## આંતરરાષ્ટ્રીય કોર્સ અને પ્રમાણપત્રો

**CWI/ CAWI**

Certified Welding Inspector (American Welding Society) આ લિંક પર ક્લિક કરો.

OR

**CSWIP**

CSWIP (Certification Scheme for Welding and Inspection Personnel)

**ASNT NDT Level II**

ASNT NDT Level II (American Society for Nondestructive Testing.) આ લિંક પર ક્લિક કરો.

**નોંધ:** પેટ્રોલિયમ, પેટ્રોકેમિકલ, રિફાઇનરી, મેટ્રો, એરપોર્ટ, સ્ટેડિયમ અને અન્ય અગ્રણી ઉદ્યોગોમાં બાંધકામ અને ઓપરેશન સંબંધિત જોબ મેળવવા માટે ઉપર જણાવ્યા મુજબના કોર્સ અગત્યના ગણાય છે. જ્યારે કોઈપણ પ્રોજેક્ટમાં મેનેજર સ્તરની નોકરી માટે જરૂરી અને ઉપયોગી કોર્સની માહિતી અહીં નીચે આપવામાં આવી છે.

## પ્રોજેક્ટ મેનેજમેન્ટ ક્ષેત્રમાં સૌથી વધુ માન્યતા અને વૈશ્વિક સ્વીકાર ધરાવતા કોર્સ

**PMP (Project Management Professional):**

પ્રોજેક્ટ મેનેજમેન્ટ ક્ષેત્રમાં સૌથી વધુ માન્યતા અને વૈશ્વિક સ્વીકાર ધરાવતો કોર્સ **'Project Management Professional (PMP)'** માનવામાં આવે છે. આ કોર્સ ખાસ કરીને એવા ઇજનેરો અને વ્યાવસાયિકો માટે ખૂબ જ ઉપયોગી છે, જેઓ મેનેજર તરીકે મોટા

પ્રોજેક્ટ્સનું આયોજન, અમલીકરણ અને સંચાલન કરવાની જવાબદારી સંભાળવા માંગે છે.

**1. સૌથી અગત્યનો કોર્સ**

- PMP (Project Management Professional)
    - પ્રમાણપત્ર આપનાર સંસ્થા: Project Management Institute (PMI)
    - સત્તાવાર વેબસાઇટ: [PMI Official Website]
    - ઉપયોગી ક્ષેત્રો: Construction, Oil & Gas, EPC Projects, Manufacturing, IT, Infrastructure વગેરે.
    - ખાસ કરીને 3–5 વર્ષ અથવા તેથી વધુ અનુભવ ધરાવતા ઇજનેરો માટે અત્યંત મૂલ્યવાન માનવામાં આવે છે.

**2. પ્રોજેક્ટ મેનેજમેન્ટ માટે અન્ય ઉપયોગી કોર્સ**

- CAPM (Certified Associate in Project Management)
    - નવા ગ્રેજ્યુએટ અથવા ઓછા અનુભવ ધરાવતા ઇજનેરો માટે ઉત્તમ શરૂઆત.
    - આ પણ PMI દ્વારા આપવામાં આવે છે.
- PRINCE2 Foundation and Practitioner
    - યુરોપ અને મધ્ય પૂર્વના ઘણા પ્રોજેક્ટ્સમાં લોકપ્રિય.
    - સત્તાવાર માહિતી: [PRINCE2 Official Website]
- PMI-SP (Scheduling Professional): Scheduling ક્ષેત્રમાં વિશેષ પ્રમાણપત્ર.

- PMI-RMP (Risk Management Professional)
    - Project Risk Management માટે વિશેષ કોર્સ.

**3. Construction, Oil & Gas અને EPC (Engineering, Procurement, Construction) ક્ષેત્ર માટે ખૂબ ઉપયોગી ટેકનિકલ કોર્સ**

- Primavera P6
    - Planning Engineer અને Project Controls Engineer માટે લગભગ અનિવાર્ય કુશળતા.
    - સત્તાવાર વેબસાઇટ: Oracle Primavera P6
- Microsoft Project
    - નાના અને મધ્યમ કદના પ્રોજેક્ટ્સ માટે વ્યાપક ઉપયોગમાં લેવાતું સોફ્ટવેર.
    - સત્તાવાર વેબસાઇટ: Microsoft Project
- Earned Value Management (EVM)
    - Cost અને Schedule Performance Monitoring માટે ઉપયોગી.
- FIDIC Contract Management
    - Construction અને EPC Projects માં Contract Administration માટે મહત્વપૂર્ણ.
- Project Cost Control and Estimation
    - Project Controls અને Cost Engineering ક્ષેત્રમાં કારકિર્દી માટે ઉપયોગી.

જો તમે Construction અથવા Gulf Projects તરફ આગળ વધવા માંગતા હો, તો શ્રેષ્ઠ ક્રમ આ હોઈ શકે:

1. Primavera P6
2. Project Planning & Scheduling
3. Cost Control / EVM
4. CAPM (શરૂઆતમાં)
5. PMP (અનુભવ મેળવ્યા પછી)

## અન્ય અગત્યના કોર્સ

### Lead Auditor

આ કોર્સ ખાસ કરીને Quality Management Systems (QMS), Health, Safety & Environment (HSE) અને Management Systems Auditing ક્ષેત્રમાં કારકિર્દી બનાવવા અથવા વરિષ્ઠ મેનેજમેન્ટની ભૂમિકાઓ સંભાળવા માટે ખૂબ જ મહત્વપૂર્ણ ગણાય છે. જોકે, તેની ઉપયોગીતા તમારા કાર્યક્ષેત્ર અને કારકિર્દીના લક્ષ્યો પર નિર્ભર કરે છે.

**Lead Auditor કોર્સ શું છે?**

Lead Auditor કોર્સ તમને કોઈપણ મેનેજમેન્ટ સિસ્ટમનું આયોજન, અમલીકરણ, ઓડિટ અને સુધારણા પ્રક્રિયાનું મૂલ્યાંકન કરવાની ક્ષમતા આપે છે. આ કોર્સ પૂર્ણ કર્યા પછી તમે સંસ્થાની આંતરિક અથવા બાહ્ય ઓડિટનું નેતૃત્વ કરી શકો છો.

સૌથી વધુ લોકપ્રિય કોર્સ:

- ISO 9001 Lead Auditor – Quality Management System (QMS)
- ISO 45001 Lead Auditor – Occupational Health & Safety

- ISO 14001 Lead Auditor – Environmental Management

## મેનેજમેન્ટ અને નેતૃત્વ ભૂમિકાઓ માટે

જો તમે નીચેના પદો તરફ આગળ વધવા માંગતા હો:

- Project Manager
- QA/QC Manager
- Construction Manager
- Engineering Manager
- Operations Manager

તો Lead Auditor પ્રમાણપત્ર તમારી પ્રોફાઇલને વધુ મજબૂત બનાવે છે.

**EPC, Oil & Gas અને Construction ક્ષેત્રમાં વધારાનો લાભ**

ઘણી મોટી કંપનીઓ અને ક્લાયન્ટ્સ ISO આધારિત સિસ્ટમો પર કાર્ય કરે છે. તેથી Lead Auditor તાલીમ તમને:

- Quality Systems સમજવામાં,
- Non-conformities ઓળખવામાં,
- Corrective Actions અમલમાં મૂકવામાં,
- Continuous Improvement પ્રોત્સાહિત કરવામાં મદદ કરે છે.

## કન્સલ્ટન્સી અને સ્વતંત્ર ઓડિટિંગ માટે

નિવૃત્તિ પછી અથવા પાર્ટ-ટાઇમ કન્સલ્ટિંગ કારકિર્દી માટે પણ Lead Auditor પ્રમાણપત્ર ઉપયોગી બની શકે છે.

## મર્યાદાઓ અને વાસ્તવિકતા

Lead Auditor કોર્સ મહત્વપૂર્ણ છે, પરંતુ તે દરેક Project Management ભૂમિકામાં PMP જેટલું પ્રભાવશાળી નથી.

| કારકિર્દી લક્ષ્ય | વધુ ઉપયોગી કોર્સ |
|---|---|
| Project Manager | PMP |
| Planning Manager | Primavera P6 + PMP |
| QA/QC Manager | ISO 9001 Lead Auditor |
| HSE Manager | ISO 45001 Lead Auditor |
| Project Director | PMP + Contract Management + Leadership |

## તમારા માટે કયો Lead Auditor કોર્સ સૌથી વધુ યોગ્ય રહેશે?

જો તમારો અનુભવ મિકેનિકલ EPC, Construction અથવા Oil & Gas ક્ષેત્રમાં છે, તો સામાન્ય રીતે આ ક્રમ વધુ ઉપયોગી ગણાય:

1. **ISO 9001 Lead Auditor**
2. **ISO 45001 Lead Auditor**
3. **ISO 14001 Lead Auditor**

## અંતિમ મૂલ્યાંકન

- જો તમારો મુખ્ય ધ્યેય Project Management છે, તો PMP સૌથી વધુ પ્રાથમિકતા ધરાવે છે.

- જો તમે Quality, Compliance, Auditing અથવા Management Systems તરફ આગળ વધવા માંગો છો, તો Lead Auditor કોર્સ અત્યંત મૂલ્યવાન છે.
- જો તમે Senior Management અથવા Project Leadership ભૂમિકામાં છો, તો PMP અને ISO 9001 Lead Auditor પ્રમાણપત્રોનું સંયોજન ખૂબ મજબૂત અને પ્રભાવશાળી ગણાય છે.

## એરપોર્ટમાં ઓપરેશન સંબંધિત જોબ મેળવવા માટેના કોર્સની માહિતી અહીં નીચે આપવામાં આવી છે.

### Aviation Courses

ગુજરાતમાં Aviation ક્ષેત્ર માટે Engineering અને Non-Engineering એમ બન્ને પ્રકારના ઘણા કોર્સ ઉપલબ્ધ છે. Aviation ક્ષેત્રમાં Aircraft Design, Aircraft Maintenance, Airport Operations, Cabin Crew, Airline Management, Aerospace Technology જેવા ઘણા Career Options મળે છે. નીચે બંને વિભાગ પ્રમાણે વિગતવાર માહિતી આપવામાં આવે છે.

### Engineering આધારિત Aviation Courses

આ કોર્સમાં Mathematics, Physics, Aircraft Technology, Design, Engines, Avionics વગેરે વિષયો વધુ હોય છે. PCM (Physics, Chemistry, Mathematics) જરૂરી રહે છે.

**1. Aircraft Maintenance Engineering (AME)**

આ કોર્સમાં વિમાનની તપાસ, મેન્ટેનન્સ અને Safety Certification શીખવવામાં આવે છે. (DGCA Approved કોર્સ ખૂબ મહત્વનો ગણાય.)

**મુખ્ય Specializations**

- B1.1 – Aeroplane Turbine
- B1.2 – Aeroplane Piston
- B1.3 – Helicopter Turbine
- B2 – Avionics

**Eligibility**

- ધોરણ 12 Science (PCM)
- કેટલાક કોર્સમાં Medical Fitness જરૂરી

**Career Options**

- Aircraft Maintenance Engineer
- Line Maintenance Technician
- Avionics Engineer
- MRO Engineer

## ગુજરાતની જાણીતી સંસ્થાઓ

- Western India Institute of Aeronautics
- Silver Oak College of Aviation Technology

**2. B. Tech Aeronautical Engineering**

આ કોર્સ Aircraft Design, Aerodynamics, Propulsion, Aircraft Structures વગેરે પર આધારિત છે.

**Duration: 4 વર્ષ**

**Career Options**

- Aeronautical Engineer
- Aircraft Design Engineer
- Aviation R&D
- Defence Aerospace Sector

**3. B. Tech Aerospace Engineering**

આ કોર્સ Aircraft ઉપરાંત Spacecraft, Satellites અને Rocket Systems વિષે પણ શીખવે છે.

**Career Options**

- Aerospace Engineer
- Space Research
- ISRO / DRDO Jobs
- Aviation Manufacturing

**4. Dual Programs (AME + Degree)** ઘણી સંસ્થાઓ AME સાથે B. Tech અથવા B. Sc Integrated Programs પણ આપે છે.

**ઉદાહરણ**

- B. Tech + AME
- Aerospace + AME
- B. Sc Aircraft Maintenance + AME

આવા કોર્સથી License અને Degree બન્નેનો લાભ મળે છે.

**Non-Engineering Aviation Courses**

આ કોર્સમાં Airport Operations, Airline Management, Customer Service, Hospitality, Cabin Crew વગેરે વિષયો પર વધુ ભાર હોય છે. Commerce, Arts અને Science – ત્રણેય Streamના વિદ્યાર્થીઓ માટે ઉપલબ્ધ રહે છે.

**1. BBA Aviation Management**

આ કોર્સ Aviation Industryની Management અને Business Operations પર આધારિત છે.

**Subjects**

- Airport Operations
- Airline Management
- Aviation Safety
- Customer Service
- Cargo & Logistics

**Career Options**

- Airport Manager
- Airline Operations Executive
- Ground Staff Supervisor
- Aviation HR / Administration

**2. Airport Management Course**

Airport Operations, Passenger Handling, Ground Operations અને Security Management વિષે તાલીમ આપવામાં આવે છે.

**Eligibility**

- 12th પાસ (કોઈપણ Stream)

**Career Options**

- Airport Operations Executive
- Ground Handling Staff
- Cargo Operations

**3. Cabin Crew / Air Hostess Training**

આ કોર્સમાં Grooming, Communication Skills, Passenger Handling અને Hospitality શીખવવામાં આવે છે.

**Eligibility**

- 12th પાસ
- English Communication Skills મહત્વપૂર્ણ

**Career Options**

- Cabin Crew
- Air Hostess
- Flight Steward

**4. B. Sc Aviation**

આ કોર્સ Aviation Operations અને Aviation Scienceનું સંયોજન છે. Engineering કરતાં સરળ પરંતુ Technical Exposure ધરાવે છે.

**Subjects**

- Aviation Safety

- Air Navigation
- Airport Operations
- Meteorology
- Aircraft Systems Basics

**Career Options**

- Airport Operations
- Airline Operations
- Aviation Safety Executive

## ગુજરાતમાં Aviation Courses માટે જાણીતી સંસ્થાઓ

| સંસ્થા | શહેર | મુખ્ય કોર્સ |
|---|---|---|
| Western India Institute of Aeronautics | અમદાવાદ | AME, B. Tech Aeronautical, Aerospace, BBA Aviation |
| Silver Oak College of Aviation Technology | અમદાવાદ | AME, BBA Aviation, Cabin Crew |
| Indus Institute of Aviation Technology and Engineering | અમદાવાદ | Aerospace, Aeronautical, AME |

## Engineering અને Non-Engineering અભ્યાસક્રમો વચ્ચેનો મુખ્ય ફરક

| મુદ્દો | Engineering Aviation | Non-Engineering Aviation |
|---|---|---|
| મુખ્ય ફોકસ | Aircraft Technology | Airport & Airline Operations |
| PCM જરૂરી? | હા | સામાન્ય રીતે નહિ |

| મુદ્દો | **Engineering Aviation** | **Non-Engineering Aviation** |
|---|---|---|
| કોર્સ કઠિનતા | વધુ Technical | Management & Service આધારિત |
| Career | Engineer / Technical | Management / Operations |
| Salary Growth | લાંબા ગાળે વધુ | Communication અને Experience પર આધારિત |

12th પછી Aviation ક્ષેત્રમાં "શ્રેષ્ઠ" કોર્સ કયો છે તે તમારા Interest, Subjects, Budget, Career Goal અને Technical Skills પર આધારિત છે. Science અને Commerce બન્ને વિદ્યાર્થીઓ માટે Aviationમાં સારી Career Opportunities ઉપલબ્ધ છે, પરંતુ બંને માટે યોગ્ય કોર્સ અલગ હોય છે.

**12th Science (PCM) પછી શ્રેષ્ઠ Aviation Courses**

જો તમને Aircraft, Technology, Machines, Engineering અથવા Technical Fieldમાં રસ હોય તો નીચેના કોર્સ વધુ સારા ગણાય છે.

**1. Aircraft Maintenance Engineering (AME)**

આ Aviation ક્ષેત્રમાં સૌથી વધુ Demand ધરાવતા Technical Coursesમાંનો એક છે.

**શા માટે સારો?**

- Aircraft પર સીધું કામ કરવાની તક
- DGCA License મળવાથી Career Value વધે
- ભારતમાં અને Gulf Countriesમાં સારી માંગ

## યોગ્ય કોના માટે?

- Physics અને Mathematicsમાં રસ હોય
- Practical અને Technical કામ ગમતું હોય

**Career**

- Aircraft Maintenance Engineer
- Avionics Engineer
- Line Maintenance Technician

## ધ્યાનમાં રાખવાની બાબત

- કોર્સ Technical અને થોડો challenging હોય છે
- DGCA Papers clear કરવાના રહે

**2. B. Tech Aeronautical / Aerospace Engineering**

જો Design, Research, Aircraft Systems અથવા Space Technologyમાં રસ હોય તો આ ખૂબ સારો વિકલ્પ છે.

## શા માટે સારો?

- Engineering Degree મળે
- ISRO, DRDO, Aviation Manufacturingમાં તક
- Higher Studies માટે સારો આધાર

## કોના માટે યોગ્ય?

- Strong PCM background
- Design, Research અને Innovationમાં રસ

**Career**

- Aerospace Engineer
- Design Engineer
- Research Engineer

## ધ્યાનમાં રાખવાની બાબત

- Competition વધારે
- Core Jobs માટે Skill Development જરૂરી

**3. B. Sc Aviation**

Technical અને non-Technical વચ્ચેનું balanced કોર્સ.

## શા માટે સારો?

- AME કરતાં સરળ
- Aviation Industryનું overall knowledge મળે
- Airport Operationsમાં entry સરળ

## કોના માટે યોગ્ય?

- Moderate technical interest

- Aviation Industryમાં overall career જોઈએ

**12th Commerce પછી શ્રેષ્ઠ Aviation Courses**

Commerce વિદ્યાર્થીઓ માટે Management, Airport Operations અને Airline Services આધારિત કોર્સ વધુ યોગ્ય રહે છે.

**1. BBA Aviation**

Commerce વિદ્યાર્થીઓ માટે સૌથી લોકપ્રિય Aviation Degree.

## શા માટે સારો?

- Management + Aviationનું Combination
- Airport અને Airline Industryમાં સારી તકો
- Commerce background માટે અનુકૂળ

**Subjects**

- Airline Management
- Airport Operations
- Customer Service
- Aviation Marketing

**Career**

- Airport Manager
- Airline Operations Executive
- Ground Staff Supervisor

### કોના માટે યોગ્ય?

- Managementમાં રસ
- Communication Skills સારી હોય

**2. Airport Management Course**

Short-term અથવા Degree આધારિત કોર્સ.

### શા માટે સારો?

- ઝડપથી Job Opportunities
- Airport Operationsમાં Entry Level Roles

**Career**

- Ground Staff
- Cargo Executive
- Passenger Handling Staff

**3. Cabin Crew / Air Hostess Training**

Hospitality અને Customer Interaction ગમતું હોય તો યોગ્ય વિકલ્પ.

### જરૂરી Skills

- English Communication
- Grooming
- Confidence

**Career**

- Cabin Crew
- Flight Steward
- Air Hostess

## સૌથી વધુ Future Scope કયા કોર્સમાં?

| Course | Scope | Difficulty | Salary Growth |
|---|---|---|---|
| AME | ખૂબ ઊંચો | High | ખૂબ સારો |
| Aeronautical Engineering | ઊંચો | High | સારો |
| Aerospace Engineering | ઊંચો | Very High | ખૂબ સારો |
| BBA Aviation | સારો | Moderate | Moderate to Good |
| B.Sc Aviation | સારો | Moderate | Moderate |
| Cabin Crew | સારો | Moderate | Experience પર આધારિત |

**Practical Recommendation**

## જો તમે 12th Science (PCM)માં છો:

- Technical Career જોઈએ → AME
- Engineering Degree + Research Interest → Aerospace / Aeronautical
- Moderate Technical Field જોઈએ → B. Sc Aviation

**જો તમે 12th Commerceમાં છો:**

- Managementમાં રસ → BBA Aviation
- Airport Job ઝડપથી જોઈએ → Airport Management
- Hospitality & Travel ગમે → Cabin Crew

**આજના સમયમાં સૌથી વધુ Value કયા કોર્સની?**

**Technical Side**

✅ AME
કારણ કે Licensed Professionalsની માંગ સતત રહે છે.

**Non-Technical Side**
✅ BBA Aviation. કારણ કે Airport Expansion સાથે Management Jobs વધી છે.

યાદ રાખજો...

મોટા શહેરોમાં જન્મેલા લોકો જ મોટા બનતા નથી.

મોટું વિચારનારા લોકો મોટા બને છે.

પરિસ્થિતિઓ સફળતાનો નિર્ણય કરતી નથી.

નિર્ણય સફળતાની પરિસ્થિતિઓ સર્જે છે. સપનાઓની કોઈ ભૌગોલિક સીમા નથી.

સીમા હોય તો માત્ર આપણા વિચારોની. તેથી, મોટું વિચારો, મોટું શીખો, મોટું સપનું જુઓ અને પછી એવી મહેનત કરો કે એક દિવસ સફળતા તમારી ઓળખ નહીં બને...

***તમારી ઓળખ સફળતાની વ્યાખ્યા બની જાય.***

આજે કદાચ તમે આ ગ્રંથના છેલ્લા પાનાં પર પહોંચ્યા છો. પરંતુ મને વિશ્વાસ છે...

તમારી સાચી સફરની શરૂઆત આજે જ થઈ છે. અને જ્યારે વર્ષો પછી તમે તમારી સફળતાના શિખરે ઊભા હશો, ત્યારે કદાચ તમને આ પુસ્તકની એક વાત ચોક્કસ યાદ આવશે—

***"વિશ્વ તમારી રાહ નથી જોતું; પરંતુ તમે તમારી જાતને તૈયાર કરો, તો વિશ્વ ચોક્કસ તમારા માટે પોતાના દરવાજા ખોલે છે."***

---

## QR Code: Career Guidance Page on the MyTankaria Website

**Career Guidance page: https://www.mytankaria.com/people/career-guidance**

# : CONTACT INFO :

**HEAD OFFICE:**
**WBVF Head Quarter, Arzoo Society, Service Road,
Jambusar-Bypass, Bharuch, Gujarat 392001**

**Phone : +91 87580 38623**
**Email : bharuchvf@gmail.com**
**Web : www.thewbvf.com**

**Follow us :**

# કલમથી ક્લિક સુધી: લેખકના પુસ્તકો, ડિજિટલ મીડિયામાં યોગદાન અને એવોર્ડ

## ગુજરાતી પુસ્તકો :

૧. કારકિર્દીની નવી ક્ષિતિજો: પેટ્રોલિયમ, પેટ્રોકેમિકલ, રિફાઇનરી, મેટ્રો, સ્ટેડિયમ, એરપોર્ટ અને અન્ય ઉદ્યોગો (2026)
૨. કારકિર્દી માર્ગદર્શન: તમારી સફળતાનો પાયો (2026)
૩. ઇન્ટરવ્યૂની કળા: પ્રશ્નો, જવાબો અને સફળતાની ચાવી (2026) – ૩૦થી વધુ વ્યવસાયો માટે વિશેષ માર્ગદર્શિકા
૪. ચાલો ગઝલ શીખીએ: ગઝલની મધુર દુનિયામાં પગ મૂકો (2024)
૫. ટંકારીઆ: ઇતિહાસની રોશનીમાં – ટંકારીઆના ઇતિહાસનાં સુવર્ણ પૃષ્ઠો (2023)

## English-Language Books :

1. Career Guidance: Building Your Path to Success (2026)
2. Tankaria: The Village of Four Brothers – A Timeless Legacy (2007). Updated Online Edition (2025)

## Technical Books (English):

1. Ultrasonic Testing (UT): Principles & Professional Applications (2026)
2. Magnetic Particle Testing (MT): A Complete Guide for Excellence (2026)
3. જિદ્દાહના કિંગ અબ્દુલઅઝીઝ ઇન્ટરનેશનલ એરપોર્ટમાં QA/QC Manager અને દોહાના હમદ ઇન્ટરનેશનલ એરપોર્ટમાં Lead Structural QA/QC Engineer તરીકેની જવાબદારીઓ દરમિયાન તેમણે તકનીકી જ્ઞાનના દસ્તાવેજીકરણ ક્ષેત્રે નોંધપાત્ર યોગદાન આપ્યું. તેમના કરાર હેઠળની મહત્વપૂર્ણ ફરજોના ભાગરૂપે તેમણે કુલ ૨૨ ટેક્નિકલ પુસ્તકોનું લેખન અને સંપાદન કર્યું.

## એવોર્ડ્સ :

1. 'Six Sigma Professional Award' (Hamad International Airport – Doha, Qatar) (2012)
2. 'Author Excellence Award' (World Bharuchi Vahora Federation) (2026)

## YouTube Channel :

Tankaria Channel : 🌐 https://www.youtube.com/@TankariaChannel

## વેબસાઇટ્સ (સર્જક/એડમિન) :

1. www.tankaria.wetpaint.com (Creator) (2007) – ટંકારીઆ ગામની પ્રથમ વેબસાઈટ; ૨૦૧૫માં MyTankaria વેબસાઈટ સાથે મર્જ કરવામાં આવી હતી.
2. www.gujarattoday.wetpaint.com (Creator) (2008) – સમાચારપત્ર
3. www.tankariahighschool.wetpaint.com (Creator) (2009)
4. www.mytankaria.com (Admin) – ટંકારીઆના ઇતિહાસ, લોકો અને સમાજનું જીવંત ડિજિટલ આર્કાઇવ